પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૮-૧૧-૨૦૨૫-મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૯૩ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11


# ફરિદાબાદમાં અલ ફલાહ યુર્નિવસીટીમાં ઈડીના દરોડા

## દિલ્હી કાર બોમ્બ વિસ્ફોટ કેસમાં યુનિર્વસીટીના ચેરમેન તથા ટ્રસ્ટીઓના ઘરે પણ વહેલી સવારેથી ઈડીની તપાસ

ફરિદાબાદ, તા. ૧૮

દિલ્હી બોમ્બ વિસ્ફોટ કેસના સંદર્ભમાં મંગળવારે સવારે હરિયાણાના ફરીદાબાદમાં અલ ફલાહ યુનિવર્સિટી અને તેના ટ્રસ્ટીઓ સાથે જોડાયેલા સ્થળો પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ દરોડા પાડ્યા હતા. સવારે ૫ વાગ્યાની આસપાસ શરૂ થયેલા દરોડા અંગે ED દ્વારા કોઈ સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું નથી. જોકે, ED ના સૂત્રોના જણાવ્યા અનુસાર, એકસાથે કુલ ૨૫ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. ED ની ટીમો દિલ્હીના ઓખલા સ્થિત યુનિવર્સિટીના મુખ્ય મથક, ફરીદાબાદ કેમ્પસ અને ટ્રસ્ટીઓના રહેઠાણો અને ઓફિસો પર પહોંચી ગઈ છે. દસ્તાવેજોની તપાસ અને જપ્તી કરવામાં આવી રહી છે. ED હાલમાં આ કેસ સાથે સંબંધિત સંભવિત નાણાકીય અને કાર્યકારી લિંક્સની તપાસ કરી રહી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, અલ ફલાહ યુનિવર્સિટીના કાર્યમાં અનેક નાણાકીય ગેરરીતિઓ શોધી કાઢવામાં આવી છે.

યુનિવર્સિટીના સ્થાપક અને અધ્યક્ષ, જાવેદ અહેમદ સિદ્દીકી, ED ના રડાર હેઠળ છે. ED તપાસ કરી રહી છે કે તેમણે આટલી મોટી યુનિવર્સિટી બનાવવા માટે જરૂરી કરોડો રૂપિયા કેવી રીતે મેળવ્યા, કારણ કે તેઓ અગાઉ છેતરપિંડીના આરોપમાં જેલમાં સમય વિતાવી ચૂક્યા છે. સિદ્દીકીને દિલ્હી બોમ્બ વિસ્ફોટ કેસમાં પણ સમન્સ પાઠવવામાં આવ્યું છે, પરંતુ તે હાજર થયો ન હતો.



એ વાત જાણીતી છે કે ૧૦ નવેમ્બરના રોજ લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન પાસે એક કાર બોમ્બ વિસ્ફોટ થયો હતો, જેમાં આશરે ૧૨ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. આ વિસ્ફોટ આતંકવાદી મોડ્યુલ સાથે જોડાયેલો હોવાનું માનવામાં આવે છે, અને કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તપાસ NIAને સોંપી છે.

દિલ્હી બોમ્બ વિસ્ફોટો બાદ અલ ફલાહ યુનિવર્સિટી તપાસ હેઠળ છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે કાવતરું ત્યાંથી ઉદ્ભવ્યું હતું. જો કે, યુનિવર્સિટી કહી રહી છે કે કેમ્પસનો ઉપયોગ કોઈપણ આતંકવાદી પ્રવૃત્તિઓમાં થયો નથી. હાલમાં, ED ના દરોડાથી ઘણી બાબતોનો ખુલાસો થશે.

એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ એક લાંબી સાંકળ છે, અને કડીઓ ખોલવાથી ઘણી બાબતો સ્પષ્ટ થશે.

# બ્લાસ્ટ પૂર્વે ડો. ઉમરે વીડિયો બનાવ્યો હતો

## દિલ્હી કાર બોમ્બ બ્લાસ્ટ કેસમાં કુલ ૮ આતંકીઓ પકડાયા

નવી દિલ્હી, તા. ૧૮

૧૦ નવેમ્બરના રોજ દિલ્હીના લાલ કિલ્લા પાસે આત્મઘાતી હુમલો કરનાર આતંકવાદી ડૉ. ઉમરનો એક નવો વીડિયો સામે આવ્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આતંકવાદીએ વિસ્ફોટ પહેલા આ વીડિયો શૂટ કર્યો હતો. તેમાં તે આત્મઘાતી હુમલાની ચર્ચા કરે છે. આ વાતની પુષ્ટિ કરે છે કે તે અગાઉથી હુમલાનું આયોજન કરી રહ્યો હતો.વિડીયોમાં ઉમર અંગ્રેજીમાં વાત કરી રહ્યો છે. તેણે કહ્યું- એક વાત જે સમજાતી નથી કે શહીદ થવા માટે ઓપરેશન (મોર્ટરડમ ઓપરેશન) છે, સુસાઇડ હુમલો નથી. તેને લઈને અનેક વિરોધાભાસ છે. જોકે, મોર્ટરડમ ઓપરેશન માટે માનવામાં આવે છે કે કોઈ વ્યક્તિ નિશ્ચિત રૂપથી કોઈ જગ્યા પર નિશ્ચિત સમય પર જીવ ગુમાવે છે.

અનુસંધાન પાના ૭ પર

# ગાઝામાં આંતરાષ્ટ્રીય સેના તૈનાત કરવાના પ્રસ્તાવને યુનોની મંજૂરી

## ટ્રમ્પના પ્રસ્તાવને યુનોએ મંજૂરી આપતા હમાસનો વિરોધ

નવી દિલ્હી, તા. ૧૮

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની 'ગાઝા શાંતિ યોજના'ને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. અમેરિકાના પ્રસ્તાવ પર યુએનએસસીમાં મતદાન યોજાયું જેમાં બહુમતીથી ૨૦ સૂત્રીય રોડમેપ પસાર કરવામાં આવ્યો. આંતરરાષ્ટ્રીય સ્તર પર ટ્રમ્પના પ્લાનને મંજૂરી આપવામાં આવી છે.

નોંધનીય છે કે, ઈઝરાયલ અને હમાસ વચ્ચે ગાઝામાં છેલ્લા બે વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું હતું. ટ્રમ્પ અને અમેરિકાની મધ્યસ્થી બાદ બંને પક્ષો વચ્ચે સંઘર્ષ વિરામ થયો. બે વર્ષના યુદ્ધ બાદ બંધકોને પણ છોડી દેવામાં આવ્યા.

અમેરિકાને પ્રસ્તાવ પર આંતરરાષ્ટ્રીય મહોર બાદ હવે આ પ્રસ્તાવ આંતરરાષ્ટ્રીય આદેશમાં પલટાઈ ગયો છે. હવે ગાઝામાં આંતરરાષ્ટ્રીય સૈનિકો તૈનાત કરવામાં આવશે. ગાઝામાં સંઘર્ષ વિરામ બાદ હવે પુનરનિર્માણ પણ શરૂ કરવામાં આવશે.

હવે બોર્ડ ઓફ પીસ એટલે કે શાંતિ બોર્ડની પણ રચના કરવામાં આવશે. ટ્રમ્પ પોતે તેના પ્રમુખ હશે. અન્ય દેશોને પણ બોર્ડમાં સામેલ કરાશે. જે ગાઝામાં શાંતિ સ્થાપના મુદ્દે નિર્ણયો લેશે.

જોકે હમાસે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના આ નિર્ણયનો વિરોધ કર્યો છે. હમાસનું માનવું છે કે આ પ્રસ્તાવમાં પેલેસ્ટાઈનના લોકોની માંગ સ્વીકારવામાં આવી નથી. ગાઝાને એક આંતરરાષ્ટ્રીય ટ્રસ્ટીશીપ બનાવવા પ્રયાસ કરાઈ રહ્યા છે જેનો અમે વિરોધ કરીએ છીએ.

# 'સર' રોકવા કેરળ સરકારે સુપ્રિમ કોર્ટમાં અરજી કરી

## તમિલનાડુમાં પણ વોટર લિસ્ટ રિવીઝનનો બહિષ્કાર

નવી દિલ્હી, તા. ૧૮

પશ્ચિમ બંગાળ બાદ કેરળ અને તમિલનાડુમાં ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) સામે વિરોધ વધી રહ્યો છે. તમિલનાડુમાં, BLO સાથે તહસીલદાર સ્તર સુધીના અધિકારીઓએ મંગળવારથી બહિષ્કારની જાહેરાત કરી છે.

તમિલનાડુ મહેસૂલ કર્મચારી યુનિયનોએ જણાવ્યું હતું કે તેઓ કામનો ભાર, માણસોની કમી, સમય મર્યાદાના દબાણ અને અધુરી ટ્રેનિંગ અને વેતન સામે વિરોધ પ્રદર્શન કરશે.

આ દરમિયાન, કેરળ સરકારે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પૂર્ણ થાય ત્યાં સુધી SIR મુલતવી રાખવાની માંગ સાથે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. રાજ્યની દલીલ છે કે સ્થાનિક ચૂંટણીઓ સાથે જૈંઈનું એકસાથે આયોજન કરવું મુશ્કેલ છે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અત્યાર સુધીમાં ૫૦.૧૧ કરોડ ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. ફોર્મ ૯૮.૩૨% મતદારો સુધી પહોંચી ગયા છે.

ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (IUML) એ કેરળમાં ચાલી રહેલી SIR પ્રક્રિયાને રોકવા માટે

અનુસંધાન પાના ૭ પર

# જેડીયુના નેતા લલન સિંહ અને સંજય ઝા ચાર્ટડ વિમાનથી દિલ્હી પહોંચ્યા

## બિહારમાં નવી સરકાર અંગે બીજેપી અને જેડીયુ વચ્ચે ખેંચતાણ

નવી દિલ્હી, તા. ૧૮

બિહારમાં નવી સરકાર ૨૦ નવેમ્બરે શપથ ગ્રહણ કરવાની છે. પટનાના ગાંધી મેદાનમાં તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ પહેલા, JDUના સીનિયર નેતાઓ લલન સિંહ અને સંજય ઝાને સોમવારે મોડી રાત્રે દિલ્હી બોલાવવામાં આવ્યા હતા. બંને ચાર્ટર્ડ પ્લેન દ્વારા દિલ્હી ગયા હતા, જ્યાં તેઓ આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળશે.

લલન અને સંજય ભાજપના ટોચના નેતાઓ સાથે કેબિનેટના ચહેરાઓ અંગે ચર્ચા કરવાના પણ છે. તેમણે રવિવારે શાહ અને ભાજપ પ્રમુખ જેપી નડ્ડા સાથે પણ વાત કરી હતી. બિહાર ભાજપના વરિષ્ઠ નેતાઓ મંગળવારે દિલ્હી જશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારમાં સમાન ભાગીદારીને લઈને JDU અને BJP વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે. BJP અને JDU બંને વિધાનસભા અધ્યક્ષનું પદ ઈચ્છે છે, અને વાટાઘાટો ચાલુ છે. JDU અચ્છે છે કે સ્પીકર તેમના પક્ષનો હોય, અને વિધાનસભાના અધ્યક્ષ BJPનો હોય. જોકે, BJP બંને પદ પોતાની પાસે રાખવા માંગે છે.

વર્તમાન સરકારની અંતિમ કેબિનેટ બેઠક સોમવારે યોજાઈ હતી, જેમાં ૧૯ નવેમ્બરે વિધાનસભા ભંગ કરવાનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ નીતિશ કુમારે રાજ્યપાલને મળ્યા અને તેમને આ વાતની જાણ કરી.

હાલમાં, વિધાનસભા અધ્યક્ષનું પદ ભાજપ પાસે છે. જેડીયુનો દલીલ છે કે વિધાનસભાના સભાપતિનું પદ ભાજપ પાસે છે, તેથી વિધાનસભાના અધ્યક્ષ અમને

અનુસંધાન પાના ૭ પર

# ગેરકાયદે રહેતા ૬ પ્રવાસીઓ બ્રિટનમાંથી ડિપોર્ટ કરાયા

## અમેરિકા બાદ બ્રિટનમાં પણ પ્રવાસી નાગરિકો પર તવાઈ

ન્યુયોર્ક, તા. ૧૮

અમેરિકા બાદ હવે બ્રિટન પણ તેને ત્યાં ગેરકાનુની રીતે વસી ગયેલા વિદેશી નાગરિકોને ડિપોર્ટ કરવા ટ્રમ્પ સ્ટાઈલનો એક મોટો કાર્યક્રમ અમલમાં મુકવા જઈ રહી છે એટલું જ નહી આ રીતે ડિપોર્ટ થતા વિદેશી નાગરિકોને તેનો મુળ દેશ જો સ્વીકારવા ઈન્કાર કરે તો તે દેશના નાગરિકો માટે વિસા પ્રતિબંધ જેવા એકશનની પણ તૈયારી છે.

બ્રિટનમાં હોમ સેક્રેટરી તરીકે પાક કબ્જાના કાશ્મીરમાં જન્મેલા શબાના મહમુદ દેશમાં ગેરકાનુની રીતે રહેલા જેમાં વિસા મુદત આ પુરી થઈ છે છતાં તેમના દેશ પરત ગયા નથી તેવા નાગરિકોનો પણ સમાવેશ થાય છે. તેઓને હવે શોધી-શોધી તેમના દેશ પરત મોકલવાની તૈયારી કરી રહ્યું છે તમો આ ઉપરાંત ગેરકાનુની વસાહતીઓ સામે અન્ય આકરા પગલા પણ લઈ રહી છે.

તેમાં જે દેશ પોતાના મૂળ નાગરિકો જેને બ્રિટન ગેરકાનુની રીતે રહેતા વસાહતી જાહેર કરે તેને પરત લેવાનો ઈન્કાર કરે તો તે દેશના નાગરિકોને કાનુની રીતે પણ બ્રિટન વિસા આપશે નહી. આ યાદીમાં સૌપ્રથમ આફ્રિકન દેશો પર પ્રતિબંધ મુકાયા છે.

જેમાં અંગોલા, નામીબીયા અને ડેમોક્રેટીક ઓફ કોંગો જેઓએ

અનુસંધાન પાના ૭ પર

# એક કરોડનો ઈનામી નકસલી હિડમા ઠાર

## છત્તીસગઢ-આંધ્રપ્રદેશ સીમા પર સુરક્ષા દળોને હાથ લાગેલી મોટી સફળતા : હિડમાની પત્નિ સહિત છ નકસલીઓનું એન્કાઉન્ટર

નવી દિલ્હી, તા. ૧૮

સુરક્ષા દળોએ ખતરનાક નક્સલી હિડમાને ઠાર માર્યો હોવાના અહેવાલ છે. છત્તીસગઢ સરહદ પર હાલમાં બે અલગ અલગ એન્કાઉન્ટર ચાલી રહ્યા છે. પહેલું એન્કાઉન્ટર છત્તીસગઢ-આંધ્રપ્રદેશ સરહદ પર થયું હતું, જેમાં છ નક્સલીઓ માર્યા ગયા હતા. આ એન્કાઉન્ટરમાં હિડમા પણ માર્યો ગયો હોવાના અહેવાલ છે, અને તેનો ફોટો પણ સામે આવ્યો છે. જોકે, હજુ સુધી આ વાતની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. હિડમા પર ૧ કરોડનું ઈનામ હતું. હિડમાની પત્ની પણ એન્કાઉન્ટરમાં મારી ગઈ છે.

સુકમા જિલ્લાના એરાબોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બીજો એન્કાઉન્ટર ચાલી રહ્યો છે. ૧૮ નવેમ્બરની સવારે થયેલી ગોળીબારમાં ઘણા નક્સલીઓ ઘાયલ થયા



હતા. સુરક્ષા દળો હજુ પણ ઘટનાસ્થળે હાજર છે અને સર્ચ ઓપરેશન ચાલુ છે.

અહેવાલો અનુસાર, પોલીસને માહિતી મળી હતી કે એરાબોર જંગલમાં મોટી સંખ્યામાં નક્સલવાદીઓ હાજર છે. આ માહિતીના આધારે, ડીઆરજીના જવાનોને રાત્રે ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા. આજે સવારે પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું.એવું કહેવામાં આવી રહ્યું છે કે જ્યારે સૈનિકો આ વિસ્તારમાં પહોંચ્યા, ત્યારે નક્સલીઓએ તેમને જોઈને ગોળીબાર શરૂ કરી દીધો. ત્યારબાદ સૈનિકોએ પણ વળતો ગોળીબાર કર્યો. હાલમાં સર્ચ ઓપરેશન ચાલુ છે.સર્ચ ઓપરેશન પૂર્ણ થયા પછી જ સ્પષ્ટ થશે કે નક્સલીઓને કેટલું નુકસાન થયું છે. બે દિવસ પહેલા સુકમામાં એક એન્કાઉન્ટરમાં ૧૫ લાખ રૂપિયાનું ઈનામ ધરાવતા ત્રણ નક્સલીઓ માર્યા ગયા હતા.હકીકતમાં, ૧૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સૈનિકોને ભીજ્જી-ચિંતાગુફા સરહદી વિસ્તારમાં નક્સલવાદીઓની હાજરી વિશે માહિતી મળી હતી. પુષ્ટિ થયેલ માહિતીના આધારે, ઢઈ઼ટીમે સર્ચ ઓપરેશન શરૂ કર્યું. દરમિયાન, રવિવારે સવારે, નક્સલીઓએ તુમલપાડ જંગલમાં ગોળીબાર કર્યો.

અનુસંધાન પાના ૭ પર

# દિલ્હીમાં ગાઢ ધૂમ્મસ છવાતા હવા પ્રદૂષણના સ્તરમાં વધારો

## હવા વધુને વધુ ઝેરી બનતા દર્દીઓને શ્વાસ લેવામાં તકલીફ

નવી દિલ્હી, તા. ૧૮

નવીદિલ્હી તા.૧૮

દિલ્હી એનસીઆરમાં ઝેરીલી હવાનો કહેર ચાલુ છે. સાથે સાથે હજુ પણ શહેરમાં ધુમ્મસની મોટી ચાદર પથરાઈ ગઈ હતી. કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી) અનુસાર મંગળવારે સવારે ૭ વાગ્યે દિલ્હીનું સરેરાશ એકયુઆઈ ખુબજ ખરાબ શ્રેણી ૩૪૧ નોંધાયું.રાજધાનીમાં આનંદ વિહારમાં એકયુઆઈ ૩૮૧, અલીપુરમાં ૩૭૦, બવાનામાં ૪૧૯, ચાંદની ચોકમાં ૩૭૯, જહાંગીરપુરીમાં ૪૧૪ રેકોડ થયું હતું. આ ઉપરાંત નોઈડા સેકટર-૬૨માં એકયુઆઈ ૩૨૧, ગાઝિયાબાદના વસુંધરામાં ૪૧૮ ઐને ગુરૂગ્રામમાં ૩૨૮ એકયુઆઈ નોંધાયુ હતું.જોકે સોમવારની તુલનામાં દિલ્હીમાં આજ હવાની ગુણવતા થોડી બહેતર છે પરંતુ ત્રણ સ્ટેશનોમાં એકયુઆઈ ૪૦૦ને પાર નોંધાયુ છે. ઉલ્લેખનીય છે કે દિલ્હીવાસી એક મહિનાથી વધુ સમયથી ઝેરીલી હવામાં શ્વાસ લઈ રહ્યા છે કારણ કે કૃત્રિમ વર્ષા-કલાઉડ સીડીંગના પ્રયાસો નિષ્ફળ રહ્યા છે.વાયુ ગુણવતા ખરાબ હોવાથી શ્વાસ લેવામાં દર્દીઓને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. દિલ્હી એનસીઆરમાં હવાની ગુણવતામાં સુધારા માટે ગ્રેપ-૩ના પ્રતિબંધ પણ લાગુ છે તેમ છતા હાલત બગડેલી છે.

# માઉન્ટ આબુ પર પારો શૂન્ય ડીગ્રી બદ્રીનાથમાં તળાવ-ધોધ થીજી ગયા

## દિલ્હી, બિહાર ,મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં બર્ફીલા પવનથી કાતિલ ઠંડી

નવી દિલ્હી, તા. ૧૮

પર્વતીય પ્રદેશોમાંથી ફૂંકાતા બર્ફીલા પવનોને કારણે ઠંડીએ હાહાકાર મચાવ્યો છે. દિલ્હી, બિહાર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન સહિત અનેક રાજ્યોમાં તાપમાન ઝડપથી ઘટી રહ્યું છે. ઉત્તરાખંડના બદ્રીનાથ મંદિરમાં, પારો માઈનસ ૮ ડિગ્રી સુધી ઘટી ગયો છે, જેના કારણે ધોધ અને તળાવો થીજી ગયા છે.

૨૦૨૧ પછી પહેલી વાર, રાજસ્થાનમાં નવેમ્બરમાં પારો ૫ ડિગ્રીથી નીચે ગયો છે. ફતેહપુરમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી ઓછું ૪.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજ્યભરના ૧૫ શહેરોમાં ૫ થી ૧૦ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાયું હતું. માઉન્ટ આબુમાં, ૧૫ વર્ષમાં પહેલી વાર નવેમ્બરમાં પારો શૂન્ય પર પહોંચી ગયો છે, જેના કારણે ઝાકળના ટીપાં થીજી ગયા છે. ગયા વર્ષે, ૧૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ માઉન્ટ આબુમાં પહેલી વાર ઝાકળના ટીપાં બરફમાં ફેરવાઈ ગયા હતા.

મંગળવારે મધ્યપ્રદેશના ભોપાલ, ઈન્દોર અને રાજગઢ સહિત ૨૬ જિલ્લાઓમાં કોલ્ડવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. ઈન્દોરમાં આજથી સ્કૂલોનો સમય બદલીને સવારે ૯ વાગ્યા કરવામાં આવ્યો છે. ભોપાલમાં, નર્સરીથી આઠમા ધોરણ સુધીની શાળાઓ સવારે ૮:૩૦ વાગ્યા પછી શરૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

સોમવારે દિલ્હીમાં ત્રણ વર્ષમાં સૌથી ઠંડી સવારનો અનુભવ થયો. સોમવારે સવારે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૮.૭ ડિગ્રી નોંધાયું હતું. નવેમ્બરમાં અગાઉનું સૌથી ઓછું તાપમાન ૨૯ નવેમ્બર,

અનુસંધાન પાના ૭ પર

# અનામત ૫૦ ટકાથી વધુ હશે તો ચૂંટણી સ્થગીત કરાશે : સુપ્રિમ કોર્ટ

## મહારાષ્ટ્ર સરકારને ચેતવણી આપતી સર્વોચ્ચ અદાલત

નવી દિલ્હી, તા. ૧૮

સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર સરકારને આગામી મહિને યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ૫૦ ટકાથી વધુ અનામત ન આપવા જણાવ્યું હતું અને ચેતવણી આપી હતી કે, જો અનામતની મર્યાદાનું ઉલ્લંઘન કરવામાં આવશે તો ચૂંટણી પર રોક લગાવવામાં આવશે.

ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચીની ખંડપીઠે જણાવ્યું હતું કે, રાજ્યમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી ૨૦૨૨ના બાંઠિયા આયોગના અહેવાલ પહેલા પ્રવર્તમાન પરિસ્થિતિ અનુસાર જ યોજી શકાય છે.એ અહેવાલમાં અન્ય પછાત વર્ગ (ઓબીસી) વિભાગમાં ૨૭ ટકા અનામતની ભલામણ કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાની વિનંતી પર ખંડપીઠે આ મામલાની સુનાવણી ૧૯ નવેમ્બરે નક્કી કરી રાજ્ય સરકારને ૫૦ ટકાની ટોચમર્યાદા નહીં ઓળંગવા જણાવ્યું હતું.સુપ્રીમ કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, 'જો અરજીમાં નામાંકન શરૂ થઈ ગયું છે અને કોર્ટે હસ્તક્ષેપ ન કરવો એમ જણાવ્યું હશે તો અમે ચૂંટણી પર રોક લગાવીશું. અદાલતની સત્તાની કસોટી ન કરો. બંધારણીય બેંચ દ્વારા નક્કી કરવામાં આવેલી

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો

તથા સુરત જિલ્લા માટે



મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫



# સશક્ત નારી દિવાલ પર શૌર્ય, સિદ્ધિ ગાથાનું વર્ણન

## ‘સશક્ત નારી, સશક્ત દેશ’ દિવાલને ખૂલ્લી મૂકતા મેયર દક્ષેશભાઈ માવાણી

સુરત, તા.૧૮

અઠવાલાઈન્સના પોલીસ પરેડ ખાતે ‘સશક્ત નારી દિવાલ: ભારતીય સશસ્ત્ર દળો (થલસેના, જલસેના અને વાયુસેના)ની ૨૧ વીરાંગનાઓના શૌર્ય અને સિદ્ધિગાથા વર્ણવતી દિવાલનું નિર્માણ કરવામાં આવ્યું છે. અપમૃત્યુ નિવારણ સહાય(અનિસ) સંસ્થા તેમજ સુરત સિટી પોલીસના સંયુક્ત પ્રયાસોથી નિર્મિત આ દિવાલને મેયરશ્રી દક્ષેશ માવાણીએ ખૂલ્લી મૂકી હતી.

આ પ્રસંગે મેયરશ્રીએ દરેક ક્ષેત્રમાં પુરૂષ સમોવડી બનેલી મહિલાઓનું સમાજ અને રાષ્ટ્રના નિર્માણમાં મહત્વનું યોગદાન છે એમ જણાવી સરહદની સુરક્ષા કરતી વીરાંગનાઓના શૌર્યને પ્રેરક ગણાવી આ અનોખી દિવાલના નિર્માણના કાર્યને બિરદાવ્યું હતું.

આ પ્રસંગે ભારતની પ્રથમ મહિલા એર માર્શલ પદ્મશ્રી પદ્મા બંદોપાધ્યાયે જણાવ્યું કે, સમય સાથે સ્ત્રીઓનું સમાજમાં સ્થાન બદલાયું છે. કોઈ પણ ક્ષેત્રે સફળતા મેળવવા માટે સંઘર્ષ અને મનોબળનું મહત્વ સમજાવી તેમણે પોતાના અનુભવો જણાવ્યા હતા. તેમજ દરેક મહત્વકાંક્ષી મહિલાઓને આગળ વધી સમાજ અને દેશ માટે કંઈક કરી છૂટવા પ્રોત્સાહન આપ્યું હતું.

આ અવસરે સશક્ત નારી દિવાલ વિષે વધુ જણાવતા અનિસ સંસ્થાના અધ્યક્ષશ્રી ગીતાબેન શ્રોફે જણાવ્યું કે, રાષ્ટ્રપ્રેમ, શૌર્ય અને નારી સશક્તિકરણનો સંદેશ આપતી આ દિવાલ નવી પેઢી માટે પ્રેરણારૂપ બનશે. પરિવારની સાથે સમાજ અને વ્યાવસાયિક ફરજમાં પણ અવ્વલ રહેતી સ્ત્રીઓ અન્ય મહિલાઓને પ્રેરકબળ પૂરું પાડશે. આ પ્રસંગે સુરત ઝોન-૪ના ડીસીપી ડૉ.નિધિ ઠાકુર, શ્રીમતી સંધ્યા ગહલોત, વાયુસેનાના પૂર્વ સૈનિકો મનમોહન શર્મા, વિનોદરાય દારૂવાલા, ભીખાભાઈ લીંબાચીયા, એમ.કે.દેસાઈ, NCC કેડરની વિદ્યાર્થીનીઓ સહિત અનિસ સંસ્થાના કર્મચારીઓ અને વિવિધ પોલીસ કર્મીઓ અને હાજર રહ્યા હતા.

# સુરભી ડેરીમાં નકલી પનીરનું ઉત્પાદન કરવામાં આવતું હતુ

## આરોગ્ય વિભાગે લીધેલા સેમ્પલોની તપાસમાં પનીર નકલી હોવાનો રિપોર્ટ

સુરત, તા.૧૮

ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ તા.૭/૧૧/૨૦૨૫ના રોજ મળેલ માહિતીનાં અનુસંધાનમાં ઠે. સોરઠિયા કમ્પાઉન્ડ, INS હોસ્પિટલની પાછળ, સોમાકાનજીની વાડી, ખટોદરાવાડી, ખટોદરા, સુરત ખાતે આવેલ સંસ્થા "સુરભી ડેરી"ની સુરત મહાનગરપાલિકાના ફૂડ ઈન્શપેકશન વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો સ્થળ તપાસ કરતા સદર સ્થળે "પનીર" નું વેચાણ થતું હોવાનું માલુમ પડેલ, સ્થળ પર સંસ્થાના માલિક શૈલેષભાઈ છગનભાઈ પટેલ ગેરહાજર હોવાનું માલુમ પડેલ અને સેલ્સમેન તરીકે ઓમપ્રકાશ પપ્પુલાલ માહોર હાજર હતા તેઓની પાસેથી "પનીર" નો નમુનો લઈ પૃથ્થકરણ સારું લેબોરેટરી ખાતે મોકલાવેલ, જે નમુનો ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ અને તેના નીતિ-નિયમો અનુસાર ફુડ એનાલીસ્ટ શ્રી, પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુ.મ.પા. દ્વારા ધારા ધોરણ મુજબ ન હોવાનું જણાવેલ છે પબ્લિક હેલ્થ લેબોરેટરી દ્વારા પૃથક્કરણ માં મીલ્ક ફેટ ની માત્રા ધારા ધોરણ કરતા ઓછી માલુમ પડેલ છે વધુમાં પનીર જે દૂધ ને બદલે સ્ટાર્ચ અને વેજીટેબલ ફેટમાંથી બનાવેલ હોય તો નીચે મુજબની તકલીફો થઇ શકે. ૧) પાચન સમસ્યા : સ્ટાર્ચ અને બીજા એડીટીવ્સ ના લીધે સામાન્ય રીતે ગેસ પાચન શક્તિ તેમજ અન્ય પેટની તકલીફો પેદા થઇ શકે છે જેથી

**અનુસંધાન પાના ૭ પર**

# ઇન્ડિયન પિકલબોલ લીગની ઉદ્ઘાટકીય સીઝન માટે અદાણી સમૂહ પાવર્ડ બાય પાર્ટનર બન્યો

## નવી દિલ્હી ખાતે તા.૧લી ડિસેમ્બરથી પિકલબોલ લીગનો આરંભ થશે

સુરત, તા.૧૮

વિવિધ રમત ગમતના ક્ષેત્રોમાં ઝડપથી ઉભરી રહેલા ભારતના આશાસ્પદ ખેલાડીઓ અને રમતગમતોને સર્વાંગી સહયોગ આપવાની પ્રતિબદ્ધતાને અનુરુપ અદાણી સમૂહ ઈન્ડિયન પિકલબોલ લીગ (IPBL)ની તેની ઉદ્ઘાટકીયઆવૃત્તિ માટે પાવર્ડ બાય પાર્ટનર તરીકે આ લીગના આયોજનમાં સામેલ થયો છે. દેશ ઝડપથી વિકસતી રમત માટે તેની પ્રથમ સત્તાવાર રાષ્ટ્રીય લીગનું આયોજન કરવાની તૈયારી કરી રહ્યો છે ત્યારે ભારતમાં વધુ એક પિકલબોલ ટુર્નામેન્ટ માટે નોંધપાત્ર પ્રોત્સાહન આપવાની અદાણી ઉદ્યોગ સમૂહની નીતિનો આ ભાગીદારી પૂરાવો છે.

ધ ટાઈમ્સ ગ્રુપ દ્વારા શરૂ કરાયેલ અને યુવા બાબતો અને રમતગમત મંત્રાલય હેઠળ ઈન્ડિયન પિકલબોલ એસોસિએશન (IPA) દ્વારા મંજૂર કરાયેલ ભારતની એકમાત્ર રાષ્ટ્રીય પિકલબોલ લીગ( IPBL) તરીકે માન્યતા પ્રાપ્ત આ લીગ તા. ૧થી ૭ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડિયમના કેડી જાધવ ઈન્ડોર હોલ ખાતે રમાનારી આ લીગ તા.૧લી ડિસેમ્બરથીઆરંભાશે. ફ્રેન્ચાઈઝી-આધારિત શહેરની ટીમો અને ટોચના ભારતીય અને આંતરરાષ્ટ્રીય રમતવીરો ટેલિવિઝન અને આજના યુવા રમતગમત પ્રેમીઓને આકર્ષી શકે તેવા ઝડપી ગતિશીલ, સ્પર્ધાત્મક ફોર્મેટની આ લીગમાં ભાગ લેશે. વિશ્વભરમાં પિકલબોલની રમતમાં ઉત્તરોત્તર વૃદ્ધિ જોવા મળી રહી છે, આ સંગઠન ભારતમાં એક નવી સમકાલીન રમતગમતને અસ્ક્યામત બનાવવાના સહિયારા વિઝનને રેખાંકિત કરે છે. પિકલબોલ વર્લ્ડ રેન્કિંગ્સ (એ ટાઈમ્સ ગ્રુપ કંપની) ના પ્રમુખ સમીર પાઠકે જણાવ્યું હતું કે અમે IPBL ની પ્રથમ સીઝન માટે પાવર્ડ બાય પાર્ટનર તરીકે અદાણી ગ્રુપને આવકારતા આનંદ અનુભવીએ છીએ. ભારતીય રમતોને વિકસાવવા માટેની ગૃપની લાંબા સમયથી રહેલી પ્રતિબદ્ધતા પિકલબોલને તે લાયક દશ્યતા અને માળખા સાથે સ્કેલ કરવાની અમારી મહત્વાકાંક્ષાને પૂર્ણ કરે છે. અમે સાથે મળીને રમતના રાષ્ટ્રીય પદચિહ્નને ઉન્નત કરવાનો અને પરિવર્તનશીલ લીગનો પાયો નાખવાનું લક્ષ્ય રાખીએ છીએ. અદાણી સ્પોર્ટ્સલાઈનના ચીફ બિઝનેસ ઓફિસર સંજય આદેસરાએ ઉમેર્યું હતું કે, ઈન્ડિયન પિકલબોલ લીગને તેના આરંભિક સમયે સમર્થન આપવાનું અદાણી ગ્રુપને ગર્વ છે. પિકલબોલ ભારતની સૌથી ઝડપથી વિકસતી રમતોમાંની એક છે અને આ ભાગીદારી ઉભરતી પ્રતિભાને પોષવા અને રમતગમત માટે વિશ્વ કક્ષાની ઈકોસિસ્ટમ બનાવવા માટેની અમારી પ્રતિબદ્ધતા અને ઉત્સુક્તા દર્શાવેછે.



# ખેલ મહાકુંભ : વરાછા ખાતે તમામ ગ્રુપની ખોખો સ્પર્ધા

## અંડર ૧૪માં શાળા ક્રમાંક ૩૫૩ની ટીમ વિજેતા જાહેર

સુરત, તા.૧૮

વરાછા ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલ ખોખોની સ્પર્ધામાં તમામ ગૃપ ભાઈઓની અંડર ૧૪ ની ૩૨ ટીમ અંડર ૧૭ ની ૩૬ ટીમ અને ઓપન એજ ગૃપની ૧૨ ટીમ મળી કુલ ૯૬૦ ભાઈઓએ ભાગ લીધો હતો. જ્યારે તમામ ગૃપ ભાઈઓ/બહેનોની રસ્સાખેંચ સ્પર્ધામાં અંડર ૧૭ ભાઈઓ ૦૮ ટીમ, અંડર ૧૭ બહેનો ૬ ટીમ ઓપન એજ ગૃપ ભાઈઓ ૫ ટીમ, ઓપન એજ ગૃપ બહેનો ૩ ટીમ, ૪૦ થી ઉપર ભાઈઓ ૩ ટીમ મળી કુલ ૨૫ ટીમનાં ૨૨૫ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

અંડર ૧૪ ખો ખો સ્પર્ધામાં નગર પ્રાથમિક શાળા નંબર ૩૫૩ વિજેતા જાહેર કરવામાં આવી હતી. અંડર ૧૭ ખો ખો ભાઈઓમાં જે.બી.એમ. કાર્પ મિશ્ર શાળા વિજેતા જાહેર કરવામાં આવી હતી. રસ્સા ખેંચમાં અંડર ૧૭ ભાઈઓમાં જે.બી.એન. કાર્પ મિશ્ર શાળા વિજેતા જાહેર કરવામાં આવી હતી. તેમજ બહેનોમાં પણ જે.બી.એન. કાર્પ કન્યા શાળા વિજેતા જાહેર કરવામાં આવી હતી. સદર સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે વરાછા વિસ્તારનાં ધારાસભ્ય કુમારભાઈ કાનાણી દ્વારા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરી સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી. સુરત મહાનગરપાલિકા વોર્ડ નંબર ૫ નાં કોર્પોરેટર નિરાલીબેન પટેલ, સુરત મહાનગરપાલિકાનાં વરાછા ઝોન સ્પોર્ટ્સ ઇન્ચાર્જ મેનેજર વિનોદભાઈ ચૌધરી, સુરત મહાનગરપાલિકા આરોગ્ય ટીમ તેમજ ખેલ મહાકુંભ વરાછા ઝોન કન્વીનર ભાવેશકુમાર પટેલ, કમલેશભાઈ પટેલ દ્વારા સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.



# આહવામાં દેવશીભાઈ લખમણભાઈ ભાટુ કૌશલ્ય ભવનનું લોકાર્પણ થયું

## રાષ્ટ્રનિર્માણ માટે છેવાડાનાં બાળકોને પણ સારી સુવિધાઓ સાથે શ્રેષ્ઠ શિક્ષણ મળે તે ખૂબ જરૂરી છે : કેશુભાઈ ગોટી

સુરત, તા.૧૮

માતુ શ્રી કાશીબા હરિભાઈ ગોટી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભારતભરમાં શિક્ષણધામનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. શિક્ષણ દ્વારા રાષ્ટ્રનિર્માણ અને ભારતીય સંસ્કૃતિનું સંરક્ષણ તેમજ સંવર્ધન થાય તે માટે દેશના અંતરિયાળ, પહાડી, દુર્ગમ વિસ્તારોમાં શાળાભવનો અને છાત્રાલયોનું નિર્માણ કરવામાં આવે છે. ટ્રસ્ટના પ્રમુખ શ્રી કેશુભાઈ ગોટીએ સહયોગી દાતાશ્રીઓના ૫૦% આર્થિક સહયોગથી ભારતભરમાં ૩૫૧ સરસ્વતીધામ નિર્માણ કરવાનો શુભ સંકલ્પ કર્યો છે, તે પૈકી ૨૪૩મા સરસ્વતીધામ - સ્વ. દેવશીભાઈ લખમણભાઈ ભાટુ કૌશલ્ય ભવનનું આહવા ખાતે લોકાર્પણ કરવામાં આવ્યું.

શ્રી સુરેશ (ભૈયાજી) જોશી, શ્રી કનુભાઈ દેસાઈ (નાણામંત્રી શ્રી, ગુજરાત રાજ્ય), શ્રી નટુભાઈ ભાટુ, શ્રીમતી જયશ્રીબહેન ભાટુ તેમજ મોંઘેરા મહેમાનોના વરદ હસ્તે ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું. સમારોહનો શુભારંભ મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને

**અનુસંધાન પાના ૭ પર**

# કામરેજની રામકબીર શાળામાં ભારત ભારતી પૂર્વ સૈનિક સમાગમ

## એનસીસી તથા એસપીસીના વિદ્યાર્થીઓ દ્વારા ભવ્ય પરેડ



સુરત, તા.૧૮

શ્રી ભારતીય વિદ્યામંડળ સંચાલિત રામકબીર માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભારત ભારતી , સુરત દ્વારા રાષ્ટ્રીય એકતાને સમર્પિત સમાગમ કાર્યક્રમ યોજાયો હતો . જેમાં ભૂમિદળ , નૌકાદળ અને હવાઈદળમાંથી સેવાનિવૃત્ત પૂર્વ સૈનિક ડો.મિનાક્ષીબેન , ડો.અજય શર્મા, સતયેનદર સિંહ ,જે.એન.શિંદે ઉપસ્થિત રહ્યા હતા.શાળાના NSS અને SPCના વિદ્યાર્થીઓ દ્વારા સંગીત ના તાલે , પરેડ દ્વારા ભવ્ય આવકાર આપવામાં આવ્યો હતો. દરેક પૂર્વ સૈનિકે શાળાના વિદ્યાર્થીઓને સન્માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના ૨૦૪૭ના સશક્ત, વિકસીત અને આત્મનિર્ભર ભારત માટે યોગદાન આપવા માટેની ખુબ જ સરસ સમજ આપી હતી.ત્રણે દળોમાં સેવા બજાવવા માટેની લાયકાત , તેની પરીક્ષા વિશે ખાસ કરીને અગ્નિ વીર યોજનાની સમજૂતી આપી હતી. ત્રણે દળના પૂર્વ સૈનિકોએ ઓપરેશન વિજય પરાક્રમ અને કારગીલ યુદ્ધ વિશે પોતાના સંસ્મરણો રજૂ કર્યા હતા. શાળા ના વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી કરી હતી

**અનુસંધાન પાના ૭ પર**



# સુરતમાં આરપીઆઈ ગુજરાત દ્વારા સન્માન સમારંભ યોજાયો

સુરત, તા.૧૮

રીપ્બલીકન પાટી ઑફ ઈન્ડીયા ભીમરાવ આંબેડકર ગુજરાત પ્રદેશ અધ્યક્ષ, સમતા સેવા ફેડરેશન અધ્યક્ષ, સામાજીક કાર્યકર આશાબેન મંગલે ના જન્મદિવસ નિમીતે રાષ્ટ્રીય કાયૉલય મા દરવાજા ખાતે શુભેચ્છા,સન્માન કાર્યક્રમ યોજાયો હતો રીપ્બલીકન પાટી ઓફ ઈન્ડિયા રાષ્ટ્રીય મહાસચિવ વિજયભાઈ મૈસુરીયા, ભારતીય બૌદ્ધ સમાજ વિકાસ પરિષદ સુરત શહેર મહાસચિવ, રીપ્બલીકન પાટી ઓફ ઈન્ડીયા ગુોજરાત પ્રદેશ અધ્યક્ષ દિલીપ કે સીરસાઠ, વિશ્રવ શાંતિદુત બુદ્ધ વિહાર સંસ્થાપક અધ્યક્ષ, રીપ્બલીકન પાટી ઓફ ઈન્ડીયા ગુજરાત પ્રદેશ મહાસચિવ સુભાષભાઈ ઝાડે,સુરત શહેર ઉપાધ્યક્ષ ગોતમભાઈ સૂરવાડે સંગઠન અધ્યક્ષ સંતોષભાઈ ભગત,અડાજણ કાર્યકર કેલાસ પવાર, રીપ્બલીકન પાટી સુરત શહેર

**અનુસંધાન પાના ૭ પર**

# સરદાર પટેલની જન્મ જયંતિએ કરંજ મતદાર ક્ષેત્રમાં પદયાત્રા

## નગરજનોએ એક ભારત આત્મ નિર્ભર ભારતની પ્રતિજ્ઞા લીધી

સુરત, તા.૧૮

માતુ શ્રી કાશીબા ટ્રસ્ટમાં કર્મયોગી તરીકે નિઃસ્વાર્થ ભાવે સેવા આપનાર સૌ કર્મયોગીઓનું તેમજ ડૉ. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટમાં સેવા આપનાર બહેનોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ અવસરે ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, શ્રી મનહરભાઈ સાસપરા, શ્રી નટુભાઈ ભાટુના સ્નેહીજનો, વિવિધ સામાજિક તેમજ શૈક્ષણિક સંસ્થાઓના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના પનોતા પુત્ર અને અખંડ ભારતના શીલ્પીસરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતીની ઉજવણીકરવાનુ ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ છે. જેઅન્વયે આજની પેઢી વિકસિત ભારતના સંકલ્પ સાથે રાષ્ટ્રસેવામાં જોડાય તે હેતુથી દરેક વિધાનસભા દીઠ ૧ પદયાત્રાઆયોજન કરવાના ભાગરૂપે તા.૧૭/૧૧/૨૦૨૫ ને સોમવારનારોજ સાંજે ૦૪ : ૦૦ કલાકે ૧૬૨ - કરંજ વિધાનસભા વિસ્તારમાંપદયત્રાનુ આયોજન કરવામાં આવેલ હતુ. પદયાત્રાનું શુભારંભ ગાયત્રી નગર ખાતે માન.ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારીતથા મહાનુભાવો દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ ની પ્રતિમાનુકંકુ, ચોખા, નારીયેળ, સૂતરઆટી, ફુલોના હાર પહેરાવીપરંપરાગત પુજન કરવામાં આવ્યુ હતું. માન.ધારાસભ્ય શ્રીપ્રવિણભાઈ ઘોઘારી દ્વારા પ્રાસંગિક પ્રવચનમાં સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા દેશની એકતા અને અખંડિતતા માટે ૫૬૦ થી વધુ રજવાડાઓમાં વહેંચાયેલા ભારતને એક સૂત્રમાં બાંધીને ’એક ભારત, શ્રેષ્ઠ ભારત’નું સ્વપ્ન સાકાર કરવાની ધગશ અને આઝાદી બાદની સરદાર વલ્લભભાઈ પટેલની કુનહેને યાદ કરાવતા જણાવ્યું હતું કે, ગુજરાતના પનોતા પુત્ર અને અખંડભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી ઉજવણી અંતર્ગત એકતા પદયાત્રાના સ્વપ્નદ્રષ્ટા માન.વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો અનેત્યારબાદ હાજર રહેલ તમામ મહાનુભાવો અને નગરજનોને “એક ભારત આત્મનિર્ભર ભારત” ની પ્રતિજ્ઞા લેવડાવી અનેમંચસ્થ મહાનુભાવો દ્વારા સદર પદયાત્રાને ફલેગમાર્ચ આપીએકતા પદયાત્રાનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. સદરપદયાત્રા ૧૫૦ ફુટ રોડ ગાયત્રીનગર, સહજાનંદ સોસાયટી, નીલકંઠ સોસાયટી., સપના સોસાયટી, ભોળાનગર સોસાયટી, ડાયા પાર્ક સોસાયટી, વર્ષા એકની વાડી, રંગ અવધૂત સોસાયટી, ઈશ્વરકુપા ત્રણ રસ્તા, રેણુકા ભવન (ગોસાજી સર્કલ થી યુ ટર્ન), લક્ષ્મીનગર સોસાયટી, ઈશ્વરકૃપા શાકમાર્કેટ, રાધાકૃષ્ણ મંદિર ખાડી મોહલ્લો (LIC સર્કલ થી યુ ટર્ન), ભગતસિંહ ગાર્ડન થી ત્રિક્મનગર સોસાયટી થઈ પંચવટી વાડી,

**અનુસંધાન પાના ૭ પર**

# ભડકોદ્રા ગામની સીમમમાં દીપડો નજરે પડતા ફફડાટ

## જંગલના સીમાડા વટાવી વનયજીવોનું શહેર તરફ પ્રયાણ

અંકલેશ્વર, તા.૧૮

અંકલેશ્વર તાલુકાના ભડકોદ્રા ગામની સીમમાં દીપડો નજરે પડતા સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો છે. ગામના જીઆઇડીસી તળાવની આસપાસ દીપડાને ફરતા જોયાની જાણ થતાં ખેડૂતો તથા રહેવાસીઓમાં ભયનો માહોલ સર્જાયો છે.



કેટલાક ખેડૂતોએ દીપડાને મોબાઈલ કેમેરામાં કેદ કર્યો હતો.ઘટનાની માહિતી મળતા જ ગ્રામજનો દ્વારા તાત્કાલિક વન વિભાગને જાણ કરવામાં આવી છે. વન વિભાગની ટીમ દ્વારા વિસ્તારનો પરિચાર કરી દીપડાને સલામત રીતે પકડીને જંગલમાં પરત મોકલવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.અધિકારીઓએ ગામલોકોને સાવચેત રહેવા તથા અફવા ન ફેલાવવા વિનંતી કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભરૂચના વાલીયા જગડીયા ને નેત્રંગ સહિતના જંગલ વિસ્તારોમાં દીપડાની નોંધપાત્ર હાજરી છે જોકે દીપડાઓ હવે જંગલના સીમાડા વટાવી શહેર તરફ આવી રહ્યા છે.



**માસિક ચક્ર દરેક છોકરીઓ કે સ્ત્રીના જીવનનો એક અનિવાર્ય તબક્કો છે માસિક ધર્મને લઈને ઘણી બધી અંધશ્રદ્ધાઓને બીમારીઓ વિશે કાંતો સ્ત્રીઓને જાણ નથી હોતી અથવા શરમ અને સંકોચના કારણે બીજા સાથે વાત નથી કરતા. આજરોજ સુરતની ખ્યાતના સ્કૂલ ડીપીએસ ખાતે જ આવેલ છે એમાં સાતમા ધોરણની વિદ્યાર્થીઓ માટે મેસ્ટેશન સેમિનાર આયોજિત કરવામાં આવ્યો હતો જેનો લાભ લગભગ ૧૫૦ થી ૨૦૦ વિદ્યાર્થીની લીધો હતો અને માહિતી મેળવી હતી.**

# બિઝનેસમાં સૌથી વધુ મહત્વ પ્રોડક્ટની ક્વોલીટીને આપવું પડે

સુરત, તા.૧૮



સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરુવાર, તા. ૧૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે ’ફૂડપ્રિન્યોર્સ– કિચનથી માર્કેટ સુધી’ વિષય પર સેમિનાર યોજાયો હતો, જેમાં તઈહઃઘ ફૂડ પ્રોડકટ્સના શ્રી હિમ્મત પટેલ, મહારાણા ફૂડ્સના શ્રી નિતેશ શાહ અને રાજા બેવરેજીસ પ્રા.લિ.ના શ્રી ચંદ્રેશ રાજાએ ઉદ્યોગ સાહસિકો માટે ફૂડ ઈન્ડસ્ટ્રીમાં રહેલી બિઝનેસની તકો, માર્કેટિંગ તથા બ્રાન્ડિંગ જેવા અગત્યના મુદ્દાઓ પર માર્ગદર્શન આપ્યું હતું.

હિમ્મત પટેલે જણાવ્યું હતું કે, વિચાર્યા વગર ચોકલેટ બનાવવાની શરૂઆત કરી અને બિઝનેસમાં આગળ વધતા ગયા હતા. જ્યારે બિઝનેસ શરૂ કર્યો ત્યારે પ્રોડકટ વિશે, માર્કેટીંગ વિશે કે પેકેજિંગ વિષે કશી ખબર પડતી ન હતી. બસ કઈક કરી છૂટવાની ભાવના સાથે બિઝનેસમાં કુદી પડ્યા. કમાવવાની ભાવના સાથે પ્રોડકટ બનાવશો તો કદાચ એમાં સફળતા નહી પણ મળે, પરંતુ માર્કેટમાં પ્રોડકટને ઉભી કરવી છે અને એને બ્રાન્ડ બનાવવાની છે એવું વિચારીને બિઝનેસ કરશો તો ચોકકસપણે સફળતા મળશે. તેમણે કહયું હતું કે, પ્રોડકટ સાથે ખિલવાડ નહી કરવી, સારી પ્રોડકટ બનાવવી અને ગ્રાહકોને સારી સર્વિસ અને કવોલિટી પ્રોડકટ આપવી. પેકેજિંગ, પ્રોડકટ અને સર્વિસ આ ત્રણેય સારી આપીએ તો માર્કેટમાં કોઇ હરાવી નહી શકે. નિતેશ શાહે

**અનુસંધાન પાના ૭ પર**

## ચેમ્બર દ્વારા ‘ફૂડપ્રિન્યોર્સ-કિચનથી માર્કેટ સુધી’ વિષય પર સેમિનાર યોજાયો

# કૈલાશ એટલે આસ્થા-શ્રદ્ધા સાથે રહસ્ય-ભેદનો પર્વત...

**કૈલાશ પર્વત. કબૂલ કે આ હિન્દુઓનું વિશાળ આસ્થા કેન્દ્ર છે. દેવોના દેવ મહાદેવનું એકમાત્ર સરનામું, નિવાસસ્થાન છે આ પર્વત. આની પરિક્રમાનું અદ્ભુત મહત્ત્વ હોવાનું વર્ણન મળે છે, સ્વીકારાય છે. આમ છતાં કુદરતી કરામત વિજ્ઞાન માટે એક કોયડો છે, સદીઓથી વણઉકલ્યો કોયડો.**

નકશાનો ધ્યાનથી અભ્યાસ કરીએ તો આ કૈલાશ પર્વતમાળા છેક ભારતના કાશ્મીરથી લઈને ચીનના કબજા હેઠળના તિબેટ અને ભુતાન સુધી પ્રસરેલી છે. આ કૈલાશ પર્વતમાળાનું ઉત્તરી શિખર કૈલાશ પર્વત તરીકે ઓળખાય છે. એવી આકૃતિ વિશાળ-ભવ્ય શિવલિંગ જેવી દેખાય છે અને એનું સ્થાન પણ કેવું અદ્ભુત અલૌકિક છે! એ ષોડશદલ (સોળ પાંખડીવાળા) કમળના વચ્ચોવચ છે.

દૂરથી કાયમ શુભ્રધવલ દેખાતો કૈલાશ પર્વત કાયમ બરફથી છવાયેલો હોય છે. અહીં સુધી પહોંચવું કે ત્યાં પ્રવાસ કરવું એ લોઢાના ચણા ચાવવાથીય આકરું છે.

આ બધા થીજવી નાખતા અવરોધ અને જોખમ છતાં શ્રદ્ધાળુઓની આસ્થાને ડગાવી શકતા નથી. આની સાથે જોડાયેલી આસ્થા અને શ્રદ્ધાની માન્યતા જ એટલી જબરદસ્ત છે કે ન પૂછો વાત. તિબેટના ભોટિયા લોકોમાં કૈલાશ માનસરોવરની પરિક્રમા અત્યંત મહત્ત્વપૂર્ણ મનાય છે. એક પરિક્રમાથી એક જન્મના અને દશ પરિક્રમાથી બધા પાપનો નાશ થાય છે. અને જો આની ૧૦૮ વાર પરિક્રમા થાય તો જન્મ અને મરણના ફેરામાંથી મુક્તિ મળી જાય એટલે મોક્ષ.


કૈલાશ પર્વત ખૂબ પ્રાચીન છે. એટલી જ મહાન એના પરની આસ્થા ને શ્રદ્ધા છે. આ મહત્ત્વને પ્રતાપે જ સ્કંદ પુરાણ, શિવપુરાણ અને મત્સ્ય પુરાણમાં કૈલાશ ખંડ નામના અલાયદા અધ્યાય છે. આમાં કૈલાશ પર્વતના મહિમાનું સવિસ્તાર વર્ણન છે. એના રહસ્યોનો ઉલ્લેખ છે, જેને દુનિયાભરના વિજ્ઞાનીઓ આજ સુધી ઉકેલી તો ઠીક સમજી પણ શક્યા નથી.

પૌરાણિક માન્યતા મુજબ તો કૈલાશ પર્વત પાસે જ ધનપતિ કુબેરની અલકાપુરી નગરી આવેલી છે. અહીં જ વિષ્ણુના કર-કમળમાંથી વહીને ગંગા માતા કૈલાશ પર્વતની ટોચ પર પડે છે. જયાં ભોલેનાથ એને પોતાની જટાઓમાં ઝિલ્યા બાદ નિર્મળ ધારા તરીકે અવતરિત કરે છે. એવું ય મનાય છે કે કૈલાશની ઉપર સ્વર્ગલોક અને નીચે મૃત્યુલોક છે.

આ બધી પૌરાણિક બાબતો, શ્રદ્ધા અને આસ્થા સિવાય અનેક રહસ્યો છે, જે વણઉકલ્યા છે પણ જાણી-સમજીને અવશ્ય વિસ્મય પમાડે એવા છે.

કૈલાશ પર્વતમાળા જેટલી પ્રાચીન અને વિશાળ છે, એવું જ એમાં મહત્ત્વ અને ભેદભરમનું છે. જો વિગતવાર એક એક મુદ્દા પર લખાય તો પાનાના પાનાં નહીં, પુસ્તકો ભરાઈ જાય.

તમને ખબર છે કે દુનિયાના સૌથી ઊંચા માઉન્ટ એવરેસ્ટને સાતેક હજાર જણ સર કરી ચૂકયા છે. મતલબ કે ત્યાં જીવતા પહોંચ્યા છે અને સલમાત પાછા ફર્યા છે. પણ લંબાઈમાં એનાથી હજારો મીટર નીચું અને વિશ્વના ટોચના ૧૦૦ પર્વતોની યાદીમાં સ્થાન ધરાવતા કૈલાશ પર્વત પર કોઈ ચડી શક્યું નથી. એકદમ અનુભવી કે ભારે સાહસિક પર્વતખેડુ પણ નહીં! ત્યાં જવાનો પ્રયાસ કરનારાઓને કૈલાશ પર્વત ભેદી અને રહસ્મય લાગ્યો. માની કે કલ્પી ન શકાય એવા અનુભવો થયા.





વીસમી સદીના અંત ભાગમાં સાઈબેરિયન પર્વતારોહકોની ટુકડીએ કૈલાશ પર્વત સર કરવાની કોશિશ કરી હતી પણ તેઓ ભેદી રીતે ગાયબ થઈ ગયા હતા. એ ટુકડીના પર્વતારોહણના આરંભિક તબક્કાની જે વિગતો બહાર આવી એ માની શકાય એમ નહોતી. ચડાણ શરૂ કર્યાના કલાકોમાં જ ન થવાનું થવા માંડયું. તેમની ઉંમર ઝડપભેર વધવા માંડી હોય એવું વર્તાવા માંડયું. વાળ અને નખ અસાધારણ ઝડપે વધવા લાગ્યા હતા.

જાણે કલાકોને બદલે તેઓ કેટલાય મહિનાઓથી પર્વતારોહાણ કરતા હોય એવી નખ-વાળની વૃદ્ધિ હતી. કોઈક અગમ્ય ભય અને ડરને લીધે અમુક લોકોને પાછા ફરવામાં ડહાપણ સમજાયું હતું. આમ છતાં એકાદ વર્ષની અંદર આ ટુકડીના એક-એક પર્વતારોહક ઉંમર લક્ષી માંદગીને લીધે મૃત્યુ પામ્યાં, જયારે તેમની સાચી ઉંમર તો વૃદ્ધવસ્થાથી ઘણી દૂર હતી.

આમ કેમ, કેવી રીતે અને શા માટે થયું એનો જવાબ કોઈને નથી મળ્યો આજ સુધી.

આપણા દેશના એક જાણીતા અને સૌથી મોટા અંગ્રેજી અખબારમાં કૈલાશ પર્વત સંબંધી લેખમાં જે પ્રગટ થયું એ ઘણું સૂચક છે. વિશ્વની સર ન કરી શકાયેલી પર્વતીય ટોચ જેણે આ પવિત્ર પર્વત પર જવાના પ્રયાસ કર્યા તેમણે જીવ ગુમાવ્યા કાં કયારેય પાછા ન ફર્યા.

કૈલાશ પર્વત જાણે શ્રદ્ધા-આસ્થા સાથે રહસ્ય-ભયનો તોતિંગ પહાડ હોય એવું લાગ્યા વગર ન રહે.

# સ્પોર્ટ્સમેનઃ બોપન્નાની નિવૃત્તિ

# ભારતીય ટેનિસના સુવર્ણ યુગનો અંત

**સ્પોર્ટ્સમેનઃ બોપન્નાની નિવૃત્તિઃ ભારતીય ટેનિસના સુવર્ણ યુગનો અંતટેનિસમાં ગ્રેન્ડ સ્લેમની ફાઇનલના નિર્ણાયક સેટમાં ૨-૪થી પાછળ હોવું એ તો ચિંતાજનક જ કહેવાય. ખેલાડી દ્વારા આ તબક્કે જીતનારો પ્રત્યેક પોઇન્ટ એવી આશા લઈને આવે છે કે તેને કમબેકનો હજી પણ મોકો છે, મેચમાં હજીયે ટકી શકાય એમ છે અને વિજયની સંભાવના હજી પણ છે. આ વાત છે, ૨૦૨૩ની યુએસ ઓપનમાં પુરુષોની ડબલ્સની ફાઇનલની જેમાં રોહન બોપન્ના અને મેથ્યૂ એબ્ડનને નવો ઇતિહાસ રચવાની તક હતી.**

ટેનિસમાં ગ્રૅન્ડ સ્લૅમની ફાઈનલના નિર્ણાયક સેટમાં ૨-૪થી પાછળ હોવું એ તો ચિંતાજનક જ કહેવાય. ખેલાડી દ્વારા આ તબક્કે જીતનારો પ્રત્યેક પૉઈન્ટ એવી આશા લઈને આવે છે કે તેને કમબૅકનો હજી પણ મોકો છે, મૅચમાં હજીયે ટકી શકાય એમ છે અને વિજયની સંભાવના હજી પણ છે. આ વાત છે, ૨૦૨૩ની યુએસ ઓપનમાં પુરુષોની ડબલ્સની ફાઈનલની જેમાં રોહન બોપન્ના અને મૅથ્યૂ એબ્ડનને નવો ઈતિહાસ રચવાની તક હતી.

ત્રીજા સેટની સાતમી ગેમમાં મૅથ્યૂ એબ્ડન ૦-૧૫ પર સર્વ કરી રહ્યો હતો. એના રિટર્ન પર એબ્ડને જે ક્રૉસ માર્યો એમાં બૉલ તેના પાર્ટનર રોહન બોપન્નાના શર્ટને અડકીને ગયો હતો જેનો રાજીવ રામ તથા જૉ સેલિસ્બરીની હરીફ જોડી પાસે કોઈ જ જવાબ નહોતો અને ચૅર અમ્પાયર જુઆન જહંગે સ્કોર ૧૫-૧૫ ઘોષિત કર્યો હતો. સ્વાભાવિક છે કે બૉલ રોહનના શર્ટને સ્પર્શીને સામેના છેડે ગયો હતો એ અમ્પાયરના ધ્યાનમાં નહોતું આવ્યું.

જોકે બોપન્નાએ અમ્પાયરને જઈને કહી દીધું કે બૉલ તેના શર્ટને સ્પર્શ કરીને ગયો હતો. અમ્પાયર મૂંઝવણમાં મુકાઈ ગઈ અને તેણે બોપન્નાને પૂછ્યું કે શું તમે પૉઈન્ટ જતા કરવા માગો છો?' બોપન્નાએ તેમને સામું કહ્યું,પૉઈન્ટ જતા કરવાનો જો મારો ઈરાદો ન હોત તો મેં તમને કહ્યું જ ન હોત કે બૉલ મને સ્પર્શ કરીને પસાર થઈ ગયો હતો.' એબ્ડનના મતે સ્ટેડિયમમાં માત્ર તેણે જ જોયું હતું કે બૉલ રોહનને સ્પર્શીને ગયો હતો.

એ રોમાંચક મુકાબલામાં બોપન્ના-એબ્ડનની જોડી હારી તો ગઈ, પણ બોપન્નાએ ઈમાનદારી બતાવીને સૌના દિલ જીતી લીધા હતા. રાજીવ રામે કહ્યું, 'રોહન જયારે ચૅર અમ્પાયર પાસે જઈ રહ્યો હતો ત્યારે મને થયું કે તે કોઈ ફરિયાદ કરવા જાય છે. તે જીતેલા પૉઈન્ટ અમને આપી દેવા માગતો હતો એવું તો મેં વિચાર્યું જ નહોતું. આ અસાધારણ ખેલ ભાવના છે. એ પૉઈન્ટ મહત્ત્વપૂર્ણ હતા. રોહનના એ અપ્રોચથી તેના પ્રત્યે મારું સન્માન ઘણું વધી ગયું છે. તેની પ્રશંસા માટે મારી પાસે શબ્દો નથી.'

એ વખતે બોપન્ના ૪૩ વર્ષનો હતો અને ટેનિસમાં અવ્વલ સ્તરની સ્પર્ધાત્મક મૅચો રમતો હતો. આ રમતમાં સતતપણે યુવા ખેલાડીઓની વધુને વધુ તાકાત અને ટૅલન્ટ જોવા મળી રહી છે, આ રમત વધુ સ્પર્ધાત્મક બની રહી છે. તેણે ત્યાર સુધી ડબલ્સનો ગ્રૅન્ડ સ્લૅમ ખિતાબ નહોતો







જીત્યો, પરંતુ ૨૦૨૪માં ૪૪ વર્ષની ઉંમરે જીતી જ લીધો. એટલું જ નહીં, જાન્યુઆરી ૨૦૨૪માં તેણે મેન્સ ડબલ્સ ટેનિસમાં વર્લ્ડ નંબર-વનની રૅન્ક પણ હાંસલ કરી હતી.

બોપન્નાએ પ્રોફેશનલ ટેનિસના ૨૧મા વર્ષમાં પ્રથમ ગ્રૅન્ડ સ્લૅમ ટાઈટલ મેળવ્યું હતું. વાત એ છે કે તે ઈચ્છતો હતો કે લોકો તેને પ્રામાણિક ખેલાડી તરીકે યાદ રાખે. વાસ્તવમાં બોપન્નાએ આખી કરીઅરમાં ઈમાનદારીનો અભિગમ જાળવી રાખ્યો હતો. તે ડબલ્સના ટાઈટલ જીત્યો હતો તેમ જ આખી કારકિર્દીમાં ડબલ્સની કુલ ૯૪૯ મૅચમાંથી ૫૩૯ મૅચ જીત્યો હતો અને ૪૧૦ મૅચ હાર્યો હતો.

બોપન્નાએ ૨૦૨૫ની પહેલી નવેમ્બરે જાહેર કર્યું કે તે બાવીસ વર્ષની શાનદાર કારકિર્દી પર પડદો પાડી રહ્યો છે. તેણે કહ્યું કે કરીઅરને અલવિદા કરવાનો હવે સમય આવી ગયો છે, હું મારા રૅકેટને હવે કાયમ માટે વિશ્રામ આપી રહ્યો છું. દેશના નાના એવા કુર્ગ નામના નગરમાંથી મેં મારી ટેનિસ યાત્રા શરૂ કરી હતી.

ટેનિસ કોર્ટ પર હું મારી સર્વ મજબૂત કરી શકું એ માટે મેં કુહાડીથી લાકડા ફાડ્યા હતા, સ્ટૅમિના વધારવા મેં કૉફી એસ્ટેટમાં જૉગિંગ કર્યું હતું અને તૂટેલા ટેનિસ કોર્ટ પર મારા સપનાંનો પીછો કરવા હું મંડી પડ્યો હતો અને મોટી મોટી ટૂર્નામેન્ટોમાં રમ્યો. આ બધા પર ફરી વિચાર કરું છું તો ગર્વ અનુભવું છું.

બોપન્ના ૨૦૧૭માં કૅનેડાની ગૅબ્રિયેલા દાબ્રોવ્સ્કી સાથેની જોડીમાં ફ્રેન્ચ ઓપનનું મિક્સ્ડ-ડબલ્સનું પ્રથમ ગ્રૅન્ડ સ્લૅમ ટાઈટલ જીત્યો ત્યાર બાદ ૨૦૨૪માં ઑસ્ટ્રેલિયન ઓપનમાં ડબલ્સનો ખિતાબ જીત્યો હતો.

બોપન્ના ભારતના એ ચાર ખેલાડીઓમાં છે જેઓ ટેનિસમાં ગ્રૅન્ડ સ્લૅમ ટાઈટલ જીત્યા છે. બાકીના ત્રણ લેજન્ડમાં લિએન્ડર પેસ, મહેશ ભૂપતિ અને સાનિયા મિર્ઝાનો સમાવેશ છે. ૪૪ વર્ષની સૌથી મોટી ઉંમરે ગ્રૅન્ડ સ્લૅમ ટાઈટલ જીતવાનો વિશ્વવિક્રમ બોપન્નાના નામે છે. તે પ્રોફેશનલ ટેનિસ રમીને કુલ ૭.૪ મિલિયન ડૉલર (અંદાજે ૬૬ કરોડ રૂપિયા) કમાયો છે.

આધુનિક વિજ્ઞાન અને સારા પોષણથી ખેલાડીને મદદ જરૂર મળે છે, પણ મૉટિવેશનને અસાધારણ સ્તર સુધી જાળવી રાખવું, દરરોજ પ્રૅક્ટિસ કરવાનું ઝનૂન પણ જાળવવું, દુનિયાભરમાં પ્રવાસ કરવો, બે દાયકા સુધી પોતાની સૌથી ફેવરિટ રમત પર અને પર્ફોર્મન્સ સુધારવા પર ફૉકસ રાખવું વગેરે બાબતો રોહન બોપન્નાની માનસિક ક્ષમતા દર્શાવવા માટે પૂરતી છે.

બોપન્નાની પહેલી ડબલ્સ ગ્રૅન્ડ સ્લૅમ ફાઈનલ (૨૦૧૦, યુએસ ઓપન) અને બીજી ફાઈનલ (૨૦૨૩, યુએસ ઓપન) વચ્ચે ૧૩ વર્ષનું અંતર હતું. તેના બે ઉચ્ચ રૅન્કિંગની વચ્ચે પણ ખાસ્સું એવું (એક દાયકાનું) અંતર હતું. ૨૦૨૪ની ૨૯મી જાન્યુઆરીએ તે મેન્સ ડબલ્સમાં વર્લ્ડ નંબર-વન થયો એ પહેલાં ૨૦૧૩માં તેની ત્રીજા નંબરની અને ૨૦૨૩માં ત્રીજા નંબરની રૅન્ક વચ્ચે પણ એક દશકાનું લાંબુ અંતર હતું.

રૅન્કિંગ વચ્ચેના એક દાયકાના અંતરમાં બોપન્ના હિંમત નહોતો હાર્યો અને ટેનિસની પૅશનને કારણે તેણે કરીઅરને આગળ ધપાવવા પર જ ધ્યાન આપ્યું હતું. આ બધુ યુવા વર્ગ માટે મોટી પ્રેરણા કહી શકાય. તે વિસ્ફોટક કહી શકાય એવો ખેલાડી નહોતો. ૨૦૨૪ પહેલાં તેણે ખાસ કંઈ ચમત્કારિક કે જાદુઈ પર્ફોર્મ પણ નહોતું કર્યું અને ઘૂંટણમાં કાર્ટલિજની ઊણપને કારણે તે જિમ્નેશ્યમમાં વર્કઆઉટ પણ નહોતો કરી શકતો. આ બધી કઠણાઈ વચ્ચે તેણે ફિટ રહેવા યોગને માધ્યમ બનાવ્યું હતું અને સ્વિમિંગનો સહારો પણ લીધો હતો.

બોપન્નાનો જન્મ ૧૯૮૦માં બેંગલૂરુમાં થયો હતો. તેને ટીમ-ગેમમાં (જેમ કે ક્રિકેટ, ફૂટબૉલ, બાસ્કેટબૉલ વગેરે) રસ હતો, પરંતુ તેના પિતા ઈચ્છતા હતા કે તે વ્યક્તિગત રમતમાં (વન-ટુ-વન રમતમાં) ભાગ લે અને એમાં આગળ વધીને કરીઅર બનાવે. પિતાનું માનીને તેણે ટેનિસ રમવાનું શરૂ કર્યું હતું. ૨૦૦૭માં તે ટેનિસની સિંગલ્સમાં ૨૧૩ની રૅન્ક સુધી પહોંચ્યો હતો, પરંતુ ડબલ્સમાં છ વર્ષ બાદ (૨૦૧૩માં) ત્રીજી રૅન્ક પર પહોંચી ગયો હતો.

એક સમયે બોપન્ના અને પાકિસ્તાનના ઐસામ-ઉલ-કુરેશીની જોડી ડબલ્સની ટેનિસમાં છવાઈ ગઈ હતી. તેઓ ૨૦૦૭ની સાલમાં સતત ચાર ચૅલેન્જર ટાઈટલ જીત્યા હતા. તેમની જોડી લાંબા સમય સુધી 'ઈન્ડો-પાક એક્સપ્રેસ' તરીકે ઓળખાતી હતી. બોપન્નાએ ૨૦૧૨ અને ૨૦૧૬ની ઑલિમ્પિક્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેની નિવૃત્તિથી ભારતના ગ્રૅન્ડ સ્લૅમ વિજેતાઓના એક યુગનો અંત આવી ગયો છે.

તંત્રી લેખ...-

મંગળવાર,તા.૧૮ નવેમ્બર ૨૦૨૫

# મોંઘવારીના દરમાં ઐતિહાસિક ઘટાડો

દેશની આર્થિક સ્થિતિ મજબૂત હોય કે ન હોય સામાન્ય અને મધ્યમવર્ગ માટે મહત્ત્વની બાબત તેમના પોતાના પરિવારનાં બજેટની હોય છે. પરિવારોનાં બજેટ માટે ચાવીરૂપ મોંઘવારીનો દર સતત ઘટી રહ્યો છે, જે અર્થતંત્રના વિકાસ માટે પણ ઉત્સાહજનક છે. સતત બીજા મહિને છૂટક મોંઘવારીનો આંક ઘટયો છે. ઓક્ટોબરના સામે આવેલા આંકડા મુજબ મોંઘવારીનો દર ૦.૨૫ ટકાના રેકર્ડ નીચલાં સ્તરે પહોંચી ગયો છે. આની સરખામણીએ સપ્ટેમ્બર મહિનામાં આ દર ૧.૪૪ ટકા રહ્યો હતો. ખાવા-પીવાની ચીજ-વસ્તુઓના ભાવોમાં ઘટાડાને લીધે મોંઘવારીનો દર પણ ઘટી રહ્યો છે. મોંઘવારીના દરની ગણતરી ૨૦૧૨ના ભાવોને આધાર રાખીને કરાય છે. ૨૦૧૨ના ભાવોને ૧૦૦ ટકાનો આધાર બનાવીને તેની સાથેની સરખામણી મુજબ મોંઘવારીનો દર નક્કી કરાય છે. આ ભાવોનો આધાર સમયાંતરે બદલાતો રહે છે. અગાઉ ૧૯૯૩ના ભાવોના આધારે મોંઘવારીનો દર નક્કી થતો હતો. ઉલ્લેખનીય છે કે, રિઝવ બેન્ક ઓફ ઈન્ડિયા મોંઘવારીને કાબૂમાં રાખવા પોતાની આર્થિક નીતિઓમાં સતત ફેરફાર કરે છે. તેમાં પણ સરકારે જીએસટીનાં માળખાંમાં ધરમૂળથી ફેરફાર કરીને બજારમાં વસ્તુઓના ભાવોમાં ભારે ઘટાડો આણ્યો છે. આને લીધે મોંઘવારીના દર તો ઘટયા છે, બજારમાં ખરીદી પણ વધી છે. સરવાળે અર્થતંત્રમાં વિકાસલક્ષી વલણ પણ વધી રહ્યંઅ છે. ભાવો ઘટવાને લીધે લોકોમાં ખરીદીનું ચલણ વધતાં અર્થતંત્રનાં ચક્રને વેગ મળ્યો છે. ઓક્ટોબર મહિનાનો મોંઘવારીનો દર છેલ્લાં આઠ વર્ષમાં સૌથી ઓછો રહ્યો છે. ૨૦૧૭માં આ દર ૧.૪૬ ટકા હતો. આવામાં સવાલ એ છે કે, મોંઘવારીનો આ ઘટેલો દર જળવાઈ રહેશે કે નહીં. મોંઘવારીના દરમાં ખાવા-પીવાની વસ્તુઓના ભાવોનો હિસ્સો લગભગ ૫૦ ટકા જેટલો હોય છે. આ વખતે શાકભાજી અને ફળના ભાવોમાં ભારે ઘટાડો થઈ રહ્યો છે. વળી સારા વરસાદને લીધે જળાશયોમાં પૂરતાં પ્રમાણમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, પરિણામે વાવણી પણ સારાં પ્રમાણમાં થઈ છે, જે ભવિષ્યમાં ભાવોને કાબૂમાં રાખવામાં ચાવીરૂપ બની રહેશે. આમે પણ ખાવા-પીવાની વસ્તુઓના ભાવોના આંકમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આ દર માઈનસ ૨.૨૮થી ઘટીને માઈનસ ૫.૦૨ થઈ ગયો છે. ગ્રામીણ મોંઘવારી ૧.૦૭થી ઘટીને માઈનસ ૦.૨૫ ટકાએ પહોંચી ગઈ છે. તે જ રીતે શહેરી મોંઘવારીનો દર ૧.૮૩ ટકાથી ઘટીને ૦.૮૮ ટકાએ પહોંચ્યો છે. સરકારે મોંઘવારીના મોરચે સતત સચેત રહેવાની ખાસ જરૂરત છે. જીએસટીના દરમાં કાપને પગલે અમુક વસ્તુઓના ઘટેલા ભાવો ફરી વધી ગયા છે. સરકારે જીએસટીના ઘટાડાથી નફામાં વધારો કરવાની કંપનીઓની માનસિક્તાને અંકુશમાં લેવા કડક પગલાં લેવાની જરૂરત છે. આમ થશે તો જ સામાન્ય વપરાશકારો અને ગ્રાહકોને જીએસટીમાં ઘટાડાનો પૂરો લાભ મળી શકે અને તેનાથી સરવાળે બજારોમાં ઉપાડ વધે અને અર્થતંત્રને ફાયદો થાય. સરકારે મોંઘવારીને નાથવાના પડકારને પહોંચી વળવામાં સફળતા મેળવી છે, પણ હવે આ ઘટાડાને જાળવી રાખવાના પડકારને પણ પહોંચી વળવા સક્રિય રહેવું પડશે.

# આતંકવાદનો અંત ક્યારે ?

દિલ્હીમાં લાલ કિલ્લા નજીક ભયાનક વિસ્ફોટ થયા પછી આપણે સફાળા જાગી ઊઠયા છીએ, કારણ કે છેલ્લાં દસ વર્ષમાં - ૨૦૧૪ પછી ભારતનાં મુખ્ય - મોટાં શહેરોમાં કોઈ આતંકવાદી હુમલા થયા નથી અને સરહદ ઉપર ચીન હોય કે પાકિસ્તાન - આપણી સેના સાવધાન અને સક્રિય છે. પહેલગામમાં અચાનક હુમલો થયો અને નિર્દોષ ભારતીય નાગરિકોના હત્યાકાંડનો બદલો આપણે બરાબર લીધો. પાકિસ્તાની સેનાને સજા કરી. વડાપ્રધાન મોદીએ પાકિસ્તાનને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી કે હવે આતંકી છૂંછી કરશો તો તમારી ખો ભુલાવી દેશું, પણ તે પછી સ્થિતિ અને સંજોગો બદલાયા છે. પાકિસ્તાની ફિલ્ડ માર્શલ પદ પચાવી પાડયા પછી મુનીર હવે ટ્રમ્પના ખોળામાં બેઠા છે અને પાકિસ્તાની અણુમથકોની 'ચાવી' પણ પોતાની પાસે રાખી છે! પણ, ભારતને તેનો ખોફ - ડર નથી. ભારત સરકારે દિલ્હીના વિસ્ફોટને આતંકી હુમલો ગણાવ્યા પછી આપણને વિશ્વાસ અને પાકિસ્તાની આવામને ડર છે કે ભારત શિક્ષાત્મક આક્રમણ કરશે. ક્યારે? તેનો જવાબ સમય આપશે. પાકિસ્તાની આતંકને મૂળ સાથે ખતમ કરવા સિવાય વિકલ્પ નથી. સરહદ ઉપરથી ઘૂસણખોરી બંધ થઈ શકે છે, પણ ઓપરેશન સિંદૂરના બીજા ભાગમાં પાકિસ્તાની લશ્કરી મથકો ઉપર હુમલા કરીને નાબૂદ કરવાં પડશે. આતંકવાદ શરૂ કરનારી એજન્સી - આઈએસઆઈ ત્યાં સેના જ ચલાવી રહી છે અને આતંકીઓને તાલીમ આપે છે. ભારતમાં નાણાં અને શત્રો મોકલે છે, તેથી આતંકના 'આકા' મૂળ માલિકોને જ ખતમ કરવા પડશે. આમ થાય તો જ લશ્કરી અફસરોને ભારતનો ડર લાગશે. - આ અભિપ્રાય આપણા સંરક્ષણ નિષ્ણાતોનો છે. મુનીર ફિલ્ડ માર્શલ બનીને બદલો લેવા માગે છે. બાંગલાદેશનો સાથ પણ તેને મળ્યો છે. હવે મુનીર ખતમ થાય તો - અને ત્યારે આતંકનો અંત આવશે. ભારતીય સેના અને સરકાર ઉતાવળ નહી કરે, પણ સમય અને લાગ જોઈને હુમલો જરૂર કરશે. ઈઝરાયલે દુશ્મનોને - કદી ભૂલશે નહી - એવી સજા કરી છે. ભારતે પણ સંરક્ષણ માટે આક્રમક બનવું પડશે અને તે પહેલાં દેશભરમાં છુપાયેલાં સાપોલિયાં પકડી પકડીને ખતમ કરવાં પડશે. આતંકને કાનૂની કારવાઈની પરવા નથી. આતંકનો ઉપાય આતંક જ હોય. આપણી ગુપ્તચર એજન્સીઓ ઊંઘતી ઝડપાઈ ગઈ છે. અલબત્ત, એક આતંકીએ દિલ્હીમાં વિસ્ફોટ કર્યા પછી એજન્સીઓએ ચીલઝડપથી જે કાર્યવાહી કરી ને અન્ય શહેરોમાં હત્યાકાંડ અટકાવ્યા, તે નોંધપાત્ર છે, પણ હજુ શરૂઆત થઈ છે. દેશના ખૂણેખૂણેથી દેશદ્રોહીઓની સાફસૂફી કરવી પડશે - યુદ્ધનાં ધોરણે - હવે વિકાસ માટે આતંકનો વિનાશ અનિવાર્ય છે. આજે મુખ્ય પ્રશ્ન છે કે આતંકવાદનો આખરી અંજામ - અંત ક્યારે આવશે? ક્યારે આવી શકે? માઓવાદ - નક્સલવાદનો આપણો અનુભવ જુઓ. દાયકાઓથી, લગભગ ૫૦ વર્ષથી માઓવાદીઓ લોકતાંત્રિક વ્યવસ્થા અને સરકાર સામે જંગે ચડયા છે. સત્તા બેલેટ બોક્સ - મતપેટીથી નહીં, બુલેટથી મળે છે એવા ચીનના સુપ્રીમો માઓના મંત્રથી મુગ્ધ થઈને ભાન ભૂલેલા નક્સલવાદીઓ હવે શરણાગતિ સ્વીકારી રહ્યા છે, પણ આ દરમિયાન લોકતંત્રની વ્યવસ્થા વિરોધી વિચારધારાનો પ્રચાર કરનારા અર્બન - શહેરી નક્સલવાદીઓ સક્રિય બન્યા છે. આ માનસિકતાનો અંત આવવો જ જોઈએ. માઓવાદી પછી હવે પાકિસ્તાની આતંકવાદ હવે શહેરોમાં વિસ્તરે તે પહેલાં તેને ખતમ કરવો પડશે. 'સેક્યુલરવાદ'ના બુરખા હેઠળ આતંકવાદનો બચાવ કરનારા નેતાઓ દેશદ્રોહી - દેશના દુશ્મન છે. સત્તા મેળવવા માટે દેશહિતના ભોગે આતંકવાદીઓને ઉત્તેજન મળે છે, તેનાં મૂળ ઉખેડીને નાશ થાય તો જ આતંકવાદનો અંત આવશે. વિદેશી આતંકવાદને હવે 'સ્વદેશી' અવતાર આપવાનું કાવતરું છે તે

શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનમાં ૧૪ નવેમ્બરના રોજ રાત્રે ૧૧:૨૨ વાગ્યે થયેલા વિસ્ફોટમાં ૯ લોકો માર્યા ગયાં હતાં અને ૩૨ લોકો ઘાયલ થયા હતા

# નૌગામનો બ્લાસ્ટ, વિસ્ફોટકોને કાશ્મીર કેમ લઈ જવાયા?

## દિલ્હીમાં ૧૩ લોકોનો ભોગ લેનારા બોમ્બ વિસ્ફોટને લગતી ઘણી બધી બાબતોના જવાબ હજુ મળી રહ્યા નથી ત્યાં જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનમાં થયેલા વિસ્ફોટે નવું રહસ્ય ઊભું કર્યું છે.

દિલ્હીમાં ૧૩ લોકોનો ભોગ લેનારા બૉમ્બ વિસ્ફોટને લગતી ઘણી બધી બાબતોના જવાબ હજુ મળી રહ્યા નથી ત્યાં જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનમાં થયેલા વિસ્ફોટે નવું રહસ્ય ઊભું કર્યું છે.

શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનમાં ૧૪ નવેમ્બરના રોજ રાત્રે ૧૧:૨૨ વાગ્યે થયેલા વિસ્ફોટમાં ૯ લોકો માર્યા ગયાં હતાં અને ૩૨ લોકો ઘાયલ થયા હતા. માર્યા ગયેલા નવ લોકોમાં એક ઈન્સ્પેક્ટર, ફોરેન્સિક ટીમના ત્રણ સભ્યો, ક્રાઈમ બ્રાન્ચના બે ફોટોગ્રાફર, બે મહેસૂલ અધિકારીઓ અને એક દરજીનો સમાવેશ થાય છે.

જમ્મુ અને કાશ્મીરના ડીજીપી એટલે કે નલિન પ્રભાતે દાવો કર્યો છે કે, બ્લાસ્ટ અકસ્માતે થયો હતો. દિલ્હીમાં બ્લાસ્ટના એક દિવસ પહેલાં ફરીદાબાદમાંથી ૨૯૦૦ કિલો વિસ્ફોટકો પકડાયાં હતાં. આ વિસ્ફોટકો શ્રીનગર લવાયાં હતા અને તેમના સેમ્પલિંગ દરમિયાન વિસ્ફોટકો ફૂટ્યાં તેમાં ૯ લોકો ઉપર પહોંચી ગયા.

કાશ્મીરના પોલીસ વડાએ બ્લાસ્ટ અંગે જે વાતો કરી એ એકદમ હમ્બગ છે અને તેમની વાતો પરથી લાગે છે કે, દાળમાં કંઈક કાળું છે. સેમ્પલિંગ દરમિયાન વિસ્ફોટ કઈ રીતે બ્લાસ્ટ થયો ત્યાંથી માંડીને હરિયાણાના ફરીદાબાદમાં પકડાયેલા વિસ્ફોટકો શ્રીનગર શું કરવા લવાયાં ત્યાં સુધીના મુદ્દે સત્તાવાર રીતે કરાયેલી ચોખવટો ગળે ઉતરે એવી જ નથી.

સેમ્પલિંગ વખતે વિસ્ફોટકો કઈ રીતે ફૂટી ગયાં એ અંગે તો પોલીસ વડા કોઈ સંતોષકારક ખુલાસો કરી શક્યા જ નથી પણ બીજી વાતો પણ ગોળ ગોળ કરી છે એ જોતાં આખો મામલો શંકાસ્પદ બની ગયો છે. સૌથી મોટો સવાલ તો ફરીદાબાદમાં પકડાયેલા વિસ્ફોટકો શ્રીનગર શુ કરવા લવાયાં એ જ છે. ૯-૧૦ નવેમ્બરના રોજ દરોડા દરમિયાન ફરીદાબાદમાંથી ૨૯૦૦ કિલો વિસ્ફોટકો પકડાયાં હતાં અને ૪ ડોક્ટર પણ પકડાયા હતા.

પોલીસનું કહેવું છે કે, તમામ પ્રોટોકોલનું પાલન કરીને ટાટા ૪૦૭ વાહનમાં નાની બેગમાં આ વિસ્ફોટકોને કાશ્મીર લઈ જવામાં આવ્યા હતા કેમ કે ૧૯-૨૦ ઓક્ટોબરે નૌગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક કેસની પ્રોપર્ટી સાથે ફરીદાબાદમાંથી જપ્ત કરાયેલા વિસ્ફોટકો જોડાયેલા હતા. આ કારણે તેમનાં સેમ્પલ લેવા માટે નૌગામ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા.

આ આખી વાત જ ગધેડાને તાવ આવી જાય એવી છે. સામાન્ય રીતે કોઈ પણ કેસમાં પકડાયેલા મુદ્દામાલને જ્યાંથી પકડાયો હોય ત્યાં જ રાખવામાં આવે છે. તેની સાથે સંકળાયેલા બીજા કેસોની તપાસ કરતા અધિકારી આવીને તપાસ કરે, ચકાસણી કરે એ શિરસ્તો છે. કોડ ઓફ ક્રિમિનલ પ્રોસીજર (સીઆરપીસી)ની કલમ ૪૫૧ હેઠળ મુદ્દામાલને એક જગાએથી બીજી જગાએ ખસેડી શકાય છે પણ એ માટે કોર્ટની પરવાનગી જરૂરી છે. ફરીદાબાદનાં વિસ્ફોટકો ખસેડવા માટે એ મંજૂરી લેવાઈ હશે એવું માની લઈએ તો પણ સવાલ એ છે કે ખરેખર એવી જરૂર હતી ખરી ? બિલકુલ નહોતી. આતંકવાદગ્રસ્ત કાશ્મીરમાં વિસ્ફોટકો લઈ જવા જેવી મૂર્ખામી બીજી કોઈ ના કહેવાય.

શ્રીનગરમાં કેસ નોંધાયો હતો તો શ્રીનગરના પોલીસ અધિકારી ફરીદાબાદ આવીને સેમ્પલ લઈ શક્યા હોત કે મુદ્દામાલની ચકાસણી કરી શક્યા હોત. ખાલી સેમ્પલ લેવા માટે સાડા આઠસો કિલોમીટર દૂર વિસ્ફોટકો મોકલવાની જરૂર શું હતી એ જ સમજાતું નથી. દિલ્હી ફરીદાબાદથી માંડ ૩૦ કિલોમીટર દૂર છે અને આ કેસ આતંકવાદનો છે એ જોતાં બધો મુદ્દામાલ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ને સોંપીને દિલ્હી ભેગો કરી દેવાયો હોય તો પણ હજુ સમજાય પણ વિસ્ફોટકોને શું કરવા કાશ્મીર મોકલાયાં એ સમજવું અઘરું છે. વાહન, ઢોર કે બીજો કોઈ મુદ્દામાલ હોય તેને ૪૦૭ મિનિ ટ્રકમાં મોકલાય એ સમજાય પણ વિસ્ફોટકો જેવો મોતનો સામાન શું કરવા કાશ્મીર મોકલાયો એ ખબર પડતી નથી તેથી આખો મામલો ભેદી લાગે છે.

દિલ્હીમાં ૧૩ લોકોનો ભોગ લેનારા વિસ્ફોટકો ફરીબાદાબમાંથી પકડાયેલાં વિસ્ફોટકોના જથ્થાના જ હતા એવું કહેવાય છે. આ મોતનો સામાન આતંકવાદીઓ કે અસામાજિક તત્ત્વો પોલીસ સ્ટેશન પર ત્રાટકીને લૂંટી જાય એ ખતરો હોવા છતાં પોલીસ સ્ટેશનમાં કઈ રીતે રાખી શકાય એ પણ મુદ્દો છે. ટાટા ૪૦૭માં સાડા આઠસો કિલોમીટર દૂર લઈ જતી વખતે રસ્તામાં તેને લૂંટી લેવાનો કે ઉડાવી દેવાનો પ્રયત્ન થઈ શકે છતાં આ ખતરો કેમ ઉઠાવાયો એ સવાલનો જવાબ પણ મળતો નથી.

જમ્મુ અને કાશ્મીરના પોલીસ વડા આ ધડાકાને અકસ્માતમાં ખપાવે છે પણ નિષ્ણાતોનું કહેવું છે કે, આ રીતે સેમ્પલિંગ દરમિયાન વિસ્ફોટકો ફૂટી જ ના શકે. નિષ્ણાતોના મતે, એકલા એમોનિયમ નાઈટ્રેટથી કે બીજા કોઈ પણ તત્ત્વથી કદી વિસ્ફોટ ના થઈ શકે. આ રીતે વિસ્ફોટ થઈ શકતાં હોય તો પરમાણુ બોમ્બ બનાવવા માટે મોટાં મોટાં રીએક્ટર કે બીજી સવલતો ઊભી કરવાની જરૂર જ ના પડે. યુરેનિયમ કે પ્લુટોનિયમને એનરિચ કરી નાખો એટલે બોમ્બ તૈયાર થઈ જાય પણ એવું થતું નથી.સામાન્ય બૉમ્બને ફોડવા માટે પણ ડિટોનેટર અને ફ્યુઝ તો જોઈએ જ અને તેના વિના બ્લાસ્ટ ના થઈ શકે. હિંદી ફિલ્મોમાં માચીસ ફેંકીને બ્લાસ્ટ કરી દેવાય છે એવું વાસ્તવિક રીતે ના થઈ શકે. માચિસ કે બીજી રીતે આગ લાગવાથી વિસ્ફોટ શક્ય જ નથી. સામાન્ય આગ લાગવાથી બ્લાસ્ટ થઈ જતા હોય તો બોમ્બ બનાવનારા લોકોની જરૂર શું ? ગમે તે કોઈ બૉમ્બ બનાવી લે. જમ્મુ અને કાશ્મીર પોલીસે ફરીદાબાદમાં ૩૫૮ કિલોગ્રામ વિસ્ફોટકો જપ્ત કર્યા તેમાં ડેટોનેટર પણ હતા પણ એ વિસ્ફોટકો સાથે જોડાયેલાં નહોતાં તેથી વિસ્ફોટ ના થઈ શકે તો પછી નૌગામ પોલીસ સ્ટેશનમાં કઈ રીતે બ્લાસ્ટ થયો ?

આ તો બે સૌથી મહત્ત્વના સવાલ છે પણ બીજા પણ ઘણા નાના નાના સવાલોના જવાબ છે જેના જવાબ મળતા નથી. નૌગામ પોલીસ સ્ટેશનમાં થયેલા વિસ્ફોટમાં એક દરજીનું પણ મોત થયું છે. વિસ્ફોટકો જેવા સંવેદનશીલ વિષયની તપાસમાં દરજી શું કરતો હતો? ખબર નથી.

નૌગામ પોલીસ સ્ટેશનનો બ્લાસ્ટ રહસ્યમય છે પણ આ રહસ્ય કદી બહાર નહીં આવે કેમ કે ભારતમાં લોકોના જીવની કોઈ કિંમત નથી. બ્લાસ્ટ થયો ને ૯ લોકો મરી ગયાં તો મરી ગયાં, તેના માટે જવાબદાર લોકો સામે પગલાં લેવાં કે કાર્યવાહી કરવાની આપણે ત્યાં પરંપરા જ નથી. દેશનાં લોકોને સલામત રાખવાની જવાબદારી સરકારની પણ છે અને સુરક્ષા એજન્સીઓની પણ છે પણ આ જવાબદારી ના નિભાવાય તો તેમનું કશું કોઈ ઉખાડી શકતું નથી.

# કોલકાતામાં ટીમ ઈન્ડિયાનું ધોળકું, શરમજનક હાર નવી વાત નથી

**કોલકાતાના ઈડન ગાર્ડનમાં રમાયેલી દક્ષિણ આફ્રિકા સામેની પહેલી ટેસ્ટ મેચ હારીને ભારતીય ક્રિકેટ ટીમે પોતાના નામે વધુ એક કલંકિત પ્રકરણ ઉમેરી દીધું. લો સ્કોરિંગ મેચમાં ભારતે ટેસ્ટ મેચ જીતવા માટે માત્ર ૧૨૪ રન જ કરવાના હતા પણ ટીમ ઈન્ડિયા ૧૨૪ રનનો ટાર્ગેટ પણ ચેઝ ના કરી શકી અને ૯૩ રન જ બનાવી શકતાં ૩૦ રને હારી ગઈ**

આ શરમજનક હાર માટે માત્ર ને માત્ર આપણા કહેવાતા ધુરંધર બેટ્સમેન જવાબદાર છે એ કહેવાની જરૂર નથી. ભારતીય બોલરોએ મેચના પહેલા જ દિવસે આફ્રિકાને ૧૫૯ રનમાં ઓલઆઉટ કરીને ભારત માટે જીતની તક ઊભી કરી નાંખેલી પણ આપણા બેટ્સમેન પહેલી ઈનિંગમાં પણ સાવ ખરાબ રમ્યા તેમાં આખી ટીમનું માત્ર ૧૮૯ રનમાં ફીંડલું વળી ગયેલું.

આપણા બોલરોએ આફ્રિકાને બીજી ઈનિંગમાં પણ ૧૫૩ રનમાં સમેટીને ફરી જીતની તક ઉભી કરી નાંખેલી. ૧૨૪ રનનો ટાર્ગેટ કંઈ જ ના કહેવાય. ગમે તેવી ખરાબ પિચ પર પણ થોડોક ટેમ્પરામેન્ટ બતાવીને રમો તો ૧૨૪ રન તો કરી જ શકાય પણ આપણા ખેલાડી એ પણ ના કરી શક્યા.

કેપ્ટન શુભમન ગિલ દિવસ પહેલાં ગરદનમાં દુખાવાને કારણે રિટાયર હર્ટ થયો હતો. તેથી બેટિંગ કરવા નહોતો આવ્યો એટલે ભારતની ૯ વિકેટો જ પડી પણ એ બહુ મહત્ત્વનું નથી. શુભમન ગિલને બાદ કરતાં બાકીના ૧૦ બેટ્સમેન ૧૨૪ રન પણ ના કરી શક્યા એ શરમજનક કહેવાય. વધારે શરમજનક વાત પાછી એ છે કે, ટીમ ઈન્ડિયાએ કરેલા ૯૩ રનમાંથી ૭૫ રન તો ત્રણ બોલરોના છે.વોશિંગ્ટન સુંદરે હાઈએસ્ટ ૩૧ રન કર્યા જ્યારે અક્ષર પટેલે ૨૬ અને રવિન્દ્ર જાડેજાએ ૧૮ રન કર્યા. આ ત્રણેના રન બાદ કરો તો બાકીના ૭ બેટ્સમેને મળીને ૧૮ રન કર્યા. તેમાંથી કુલદીપ યાદવ, જસપ્રિત બુમરાહ અને મોહમ્મદ સિરાજ તો બોલર છે અને તેમણે બંને દાવમાં આફ્રિકાને સસ્તામાં આઉટ કરીને પહેલાં જ પોતાનું કામ કરી નાંખેલું તેથી તેમની પાસેથી અપેક્ષા નહોતી. જે કરવાનું હતું એ ટોપ ઓર્ડર બેટ્સમેને કરવાનું હતું પણ આપણા ટોપ ઓર્ડર બેટ્સમેન સાવ પાણીમાં બેઠા તેમાં શરમજનક હાર આપણા નામે લખાઈ ગઈ.ટોપ ઓર્ડર બેટ્સમેનમાંથી શુભમન ગિલ તો બેટિંગમાં ઉતર્યો નહોતો પણ જે બેટિંગમાં આવેલા તેમણે સાવ ધોળકું ધોળ્યું. આપણા ટોપ ઓર્ડર બેટ્સમેનમાંથી માત્ર ધ્રુવ જુરેલ બે આંકડે પહોંચ્યો પણ તેની બેટિંગ પણ બહુ વખાણવા જેવી નથી કેમ કે જુરેલે પણ ગણીને ૧૩ રન જ કર્યા છે.બાકીના બેટ્સમેનમાંથી ઓપનર યશસ્વી જયસ્વાલ ઝીરોમાં ઉડ્યો જ્યારે કે.એલ. રાહુલે બે રન કર્યા. રીષભ પંતે પણ ગણીને ૨ રન કરતાં વખાણેલી ખિચડી દાંતે વળગી જેવો ઘાટ થયો. પંત ટીમમાં પાછો ફર્યો એટલે બેટિંગ મજબૂત બની એવા ફડાકા મરાતા હતા પણ પંત જ સાવ પાણીમાં બેસી ગયો.આપણા ટોપ ઓર્ડરના ત્રણ બેટ્સમેને ૧૦-૧૦ રન પણ કર્યા હોત તો આપણે ઓકાશિયાં મારીને પણ ૧૨૪ રનના સ્કોરે પહોંચી ગયા હોત પણ એક પણ બેટસમેન વિકેટ પર ઊભા રહેવાનો ટેમ્પરામેન્ટ ના બતાવી શક્યો તેમાં ૧૫ વર્ષ પછી ભારત દક્ષિણ આફ્રિકા સામે ભારતની ધરતી પર ટેસ્ટ હાર્યું છે. છેલ્લે ૨૦૧૦માં ગ્રીમ સ્મિથની કેપ્ટન્સીમાં દક્ષિણ આફ્રિકાની ટીમે આપણને નાગપુરમાં હરાવેલા. એ પછી ભારતની ધરતી પર આફ્રિકા સામે આપણે અજેય હતા પણ એ રેકોર્ડ પણ તૂટી ગયો.વધારે આઘાત એ જોઈને લાગે કે, આફ્રિકા પાસે એવા ભારતને ભૂ પિવડાવી શકે એવા કોઈ જબરદસ્ત બોલરો નથી. ભારતની હારમાં સૌથી મહત્ત્વની ભૂમિકા સાયમન હાર્મરે ભજવી છે. સાયમન હાર્મરે બંને ઈનિંગમાં ૪-૪ મળીને મેચમાં કુલ ૮ વિકેટ લીધી પણ હાર્મરે વિકેટ લીધી એવું કહેવા કરતાં આપણા બેટ્સમેને તેને વિકેટો આપી એમ કહેવું વધારે યોગ્ય છે કેમ કે આપણા બેટ્સમેન હીરો બનવાની લહાયમાં ખોટા શોટ ફટકારીને આઉટ થયા. બાકી હાર્મર કે બીજા કોઈ પણ સાઉથ આફ્રિકન બોલરની બોલિંગ રમી ના શકાય એવી કાતિલ નહોતી જ.ભારતને જીતવા માટે ૫૦-૫૦ રનની બે પાર્ટનરશિપની જ જરૂર હતી પણ આપણી હાઈએસ્ટ પાર્ટનરશિપ જ ૩૧ રનની થઈ. દક્ષિણ આફ્રિકાની બીજી ઈનિંગ વખતે કેપ્ટન ટેમ્બા બાવુમાએ જબરદસ્ત સંયમનો પરચો આપીને ૧૩૬ બોલનો સામનો કરીને ૫૫ રન કરેલા. બાવુમા કેપ્ટનને છાજે એ રીતે ત્રણ કલાક ઊભો રહીને મરદની જેમ લડેલો. તેના કારણે જ આફ્રિકાની ટીમ ભારતને ૧૨૪ રનનો પડકાર આપી શકેલી. ભારત તરફથી વોશિંગ્ટન સુંદરે એવો ટેમ્પરામેન્ટ બતાવ્યો પણ બીજા કોઈ ખેલાડી તેને સાથ ના આપી શક્યા તેમાં હારી ગયા.ભારત પહેલાં પણ આ રીતે ચોથી ઈનિંગમાં સાવ ઓછો સ્કોર ચેઝ ના કરી શકતાં હારેલું છે તેથી આ હાર નવી નવાઈની નથી. સચિન તેંડુલકર સહિતના ધુરંધરો ધરાવતી ટીમ ઈન્ડિયા ૧૯૯૭માં બ્રિજટાઉનમાં આ રીતે જ વેસ્ટ ઈન્ડિઝ સામે ૮૧ રનમાં ઓલઆઉટ થઈને શરમજનક રીતે હારી જ હતી. એ વખતે જીતવા માટે ૧૨૦ રન જ કરવાના હતા પણ આપણી ટીમ નહોતી કરી શકી.૧૯૭૭માં ચેન્નાઈમાં ટીમ ઈન્ડિયા માત્ર ૮૩ રનમાં ખખડેલી ને આ ત્રીજી વાર સો કરતાં ઓછો સ્કોર કર્યો છે. ચોથી ઈનિંગમાં તો ચેઝનું દબાણ હોય પણ આપણી ટીમ એ સિવાય પણ શરમજનક રીતે ઓલઆઉટ થઈ જ છે. છેલ્લાં પાંચ વર્ષમાં જ બે વાર ટીમ ઈન્ડિયા બે વાર ૫૦ રનથી પણ ઓછા સ્કોરમાં ઓલઆઉટ થયેલી જ છે.૨૦૨૦માં એડીલેઈડ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયા સામે વિરાટ કોહલીની ટીમ માત્ર ૩૬ રનમાં ખખડી ગયેલી ને એક પણ ખેલાડી બે આંકડે નહોતો પહોંચ્યો. ગયા વરસે ન્યૂ ઝીલેન્ડ સામે બેંગલૂરુમાં રોહિત શર્માની ટીમ ૪૬ રનમાં ઓલઆઉટ થયેલી ને તેમાંથી ૩૩ રન રીષભ પંત અને યશસ્વી જયસ્વાલે કરેલા.ભૂતકાળમાં ટીમ ઈન્ડિયાએ ઘણી વાર આવો શરમજનક ધબડકો કરીને ઈજ્જતનો કચરો કરેલો જ છે તેથી શુભમન ગિલની ટીમ સાવ તળિયે નથી જ પણ આ ઘા તાજો છે તેથી વધારે બળતરા કરાવે છે. ભૂતકાળમાં થયેલું તેને આપણે ભૂલી ગયેલા પણ આ હારે ભૂતકાળને પણ તાજો કરી દીધો તેની બળતરા પણ તેમાં ઉમેરાઈ છે એટલે આ હાર વધારે આકરી લાગે છે.

અમેરિકાને ફરી મહાન બનાવવાનાં ટ્રમ્પનાં દીવાસ્વપ્ને ભારતીય નિષ્ણાત વ્યાવસાયિકોનાં સપનાં સામે જોખમ સર્જ્યું છે.

# અમેરિકામાં કુશળ ભારતીયો માટે અન્યાયકારી કારસો !

## વર્ષ ૨૦૨૩ના આંકડા મુજબ બે લાખથી વધુ ભારતીયે આ વિઝા મેળવ્યા હતા. વર્ષ ૨૦૨૦થી ૨૦૨૩ વચ્ચે એચવન-બી વિઝા મેળવનારાઓૌની સંખ્યમાં ૭૩.૭ ટકા ભારતીયો હતા. અમેરિકા અને ભારતીય આઈટી કંપનીઓ વિકાસ માટે એકમેક પર આધારિત છે.

અમેરિકાને ફરી મહાન બનાવવાનાં ટ્રમ્પનાં દીવાસ્વપ્ને ભારતીય નિષ્ણાત વ્યાવસાયિકોનાં સપનાં સામે જોખમ સર્જ્યું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ નવા અને અણધાર્યા નિર્ણયો લઈને ભલભલાની યોજનાઓની ઉપર પાણી ફેરવી રહ્યા છે. હવે ત્યાંની સરકારે એચવન -બી વિઝાના નિયમોમાં મોટાપાયે ફેરફાર જાહેર કર્યા છે. આ વર્ષે પહેલી સપ્ટેમ્બરથી આ વિઝાની ફીમાં ભારે વધારો કર્યા બાદ હવે અમેરિકાની સરકારે એક નવી નીતિ જાહેર કરી છે, જે મુજબ અમેરિકા આવતા વ્યાવસાયિકોની નોકરીઓ ત્યાંના કર્મચારીઓને તાલીમ આપવા પૂરતી મર્યાદિત બની રહેશે. આ તાલીમ અપાઈ ગયા બાદ આ વ્યાવસાયિકોને તેમના સ્વદેશ પર જતા રહેવાનું રહેશે. આ નવી નીતિ પરથી સ્પષ્ટ જણાય છે કે, અમેરિકા વિદેશી ક્ષમતાનો ઉપયોગ પોતાના કર્મચારીઓના હિત સાધવા માટે જ ઉપયોગ કરશે. ઉલ્લેખનીય છે કે, અમેરિકાના નાણામંત્રી સ્કોટ બેસેન્ટે ગયા સપ્તાહે કહ્યંઅ ઉદ્દેશ અમેરિકાના કર્મચારીઓને તાલીમબદ્ધ કરવાનો છે. આવી તાલીમ ત્રણથી સાત વર્ષના સમયગાળા પૂરતી મર્યાદિત રહેશે તે પછી આ વિદેશી વ્યાવસાયિકોએ તેમના દેશ પરત જતા રહેવું પડશે. આ નવી વાતથી સ્પષ્ટ છે કે, ભારત અને અન્ય દેશના લોકો હવે અમેરિકામાં સ્થાયી થઈને નોકરી કરી શકશે નહીં. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એમ કહેતા રહ્યા છે કે, વિદેશી વ્યાવસાયિકો મોટી સંખ્યામાં આવતા હોવાથી સ્થાનિક નાગરિકોને રોજગારથી વંચિત રહેવું પડે છે. આ વલણના પ્રતિબિંબરૂપે તેમણે એચવન-બી વિઝાની ફીમાં ભારે વધારો કરી નાખ્યો છે. સાથોસાથ તેમણે અન્ય દેશોમાં ઉત્પાદન અથવા અન્ય સેવાઓ માટે સુવિધા ધરાવતી અમેરિકાની કંપનીઓને ત્યાંની વ્યવસ્થા બંધ કરીને પરત ફરવા દબાણ વધારવું શરૂ કર્યું છે. અમેરિકન સરકારનું એમ માનવું છે કે, ખરા અર્થમાં ઉચ્ચ કુશળતા ધરાવતા વ્યાવસાયિકો જ આવે એટલા માટે જ એચવન-બી વિઝાની ફીમાં આ એચવન-બી વિઝા અનિવાર્ય છે. ભારતીય વ્યાવસાયિકો આ વિઝા મેળવવામાં ટોચ પર છે. વર્ષ ૨૦૨૩ના આંકડા મુજબ બે લાખથી વધુ ભારતીયે આ વિઝા મેળવ્યા હતા. વર્ષ ૨૦૨૦થી ૨૦૨૩ વચ્ચે એચવન-બી વિઝા મેળવનારાઓૌની સંખ્યમાં ૭૩.૭ ટકા ભારતીયો હતા. અમેરિકા અને ભારતીય આઈટી કંપનીઓ વિકાસ માટે એકમેક પર આધારિત છે. આવામાં એચવન-બી વિઝાની નવી નીતિથી ભારતીય વ્યાવસાયિકેના અમેરિકાનાં સ્વપ્નને આંચકો લાગી શકે તે તે જ રીતે અમેરિકામાં આઈટી સંબંધિત વિકાસ પણ રુંધાઈ શકે છે. હવે જ્યારે અમેરિકા ભારત સહિતના વિદેશી નિષ્ણાતોનો પોતાના કર્મચારીઓની તાલીમ પૂરતો ઉપયોગ કરીને આ વ્યાવસાયિકોના ભવિષ્ય સામે જોખમ ઊભું કરી રહ્યંઅ છે. આશા રાખવી રહી કે, ટ્રમ્પને તેમના અગાઉના નિર્ણયોમાં જે રીતે પીછેહઠ કરવી પડી છે, તેમ એચવન-બી વિઝાની આ નકારાત્મક નીતિમાં પણ બાંધછોડ

# રાજામૌલી, પ્રિયંકા, મહેશબાબુની વારાણસી ૨૦૨૭માં રિલીઝ થશે

## વારાણસીમાં બળદની સવારી કરતો મહેશબાબુનો રુદ્ર લૂક જોઈને ફેન આફરીન





એસએસ રાજામૌલીની જે ફિલ્મ વિશે અત્યાર સુધી ઘણી ચર્ચાઓ થઈ છે એવી ગ્લોબટ્રોટર ઈવેન્ટમાં શનિવારે 'વારાણસી'ની જાહેરાત કરવામાં આવી છે. હૈદ્રાબાદમાં એક ગ્રાન્ડ ઈવેન્ટમાં આ ફિલ્મની જાહેરાત કરવામાં આવી છે. જેમાં પ્રિયંકાના મંદાકિની અવતાર અને પૃથ્વી સુકુમારનના કુંભા લૂક પછી મહેશબાબુનો રુદ્ર લૂક જાહેર કરવામાં આવ્યો.

રામોજી ફિલ્મ સિટીમાં ૫૦ હજાર લોકોની હાજરીમાં આ ઈવેન્ટ યોજાઈ હતી, જેમાં ૧૩૦ ફૂટ-૧૦૦ ફૂટના વિશાળ સ્ક્રીનમાં ફિલ્મનું ટીઝર લોંચ કરવામાં આવ્યું હતું, જેને લાખો લોકોએ ઓનલાઈન લાઈવ સ્ટ્રીમિંગમાં પણ માણ્યું હતું. રાજામૌલીની આ ફિલ્મ અતિ મહત્વાકાંક્ષી અને સૌથી મોટી પૅન ઈન્ડિયા રીલીઝ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જે મોટા પ્ ડદે જોવી એ દેશભરના દર્શકો માટે એક અલગ અનુભવ હશે, આ ઈવેન્ટમાં પ્રિયંકા ચૌપરા પણ બિલકુલ પરંપરાગત વ્હાઇટ સાડી અને જ્વેલરીમાં દેસી લૂકમાં જોવા મળી હતી. તેના લૂકનાં પણ ઘણા વખાણ થયાં હતાં.

આ ઈવેન્ટમાં ત્રણ મિનિટનું એક ટીઝર લોંચ કરવામાં આવ્યું, જેમાં મહેશ બાબુનો પહેલો લૂક જોવા મળ્યો, તે વારાણસીમાં બળદ પર સવાર થઈને ત્રિશૂળ હાથમાં લઈને તેજ ગતિએ આવતો દેખાય છે. આ જોઈને દર્શકોએ તાલીઓ અને ચીચીયારીઓ સાથે તેને વધાવી લીધો હતો. આ ઈવેન્ટમાં મહેશબાબુએ કહ્યું, "હું દરેકને ગર્વ થાય એવું કામ કરીશ, ખાસ ડિરેક્ટરને મારા પર ગર્વ થશે. વારાણસી રિલીઝ થશે પછી સમગ્ર દેશને ગૈરવ થશે."

જ્યારે રાજામૌલીએ કહ્યું કે, "મારા બાળપણથી મેં અનેક વાર વાત કરી છે કે મારા માટે રામાયણ અને મહાભારતનું શું મહત્વ છે, તેના પર કામ કરવું એ હંમેશા મારું સપનું રહ્યું છે. મને સપનામાં પણ ખ્યાલ નહોતો કે રામાયણનું આટલું મહત્વનું પ્રકરણ હું આટલું જલદી શૂટ કરી લઈશ. આ ફિલ્મનો દરેક સીન અને દરેક ડાયલોગ લખતાં મને એવું થતું હતું કે હું જાણે હવામાં તરું છું. પહેલા દિવસે જ્યારે મહેશ ભગવાન રામ તરીકે તૈયાર થઈને ફોટોશૂટ માટે પહોંચ્યો, તો મારા રુંવાડા ઉભા થઈ ગયા હતા. હું તૂટી ગયો હતો. મહેશમાં કૃષ્ણનું આકર્ષણ છે અને રામ જેવી શાંતિ છે. મને એટલો વિશ્વાસ છે કે મેં મહેશનો એ ફોટો મારા વોલપેપર તરીકે રાખ્યો છે, પણ પછી એ કાઢી નાખ્યો. અમે એ સીન માટે ૬૦ દિવસ શૂટ કર્યું અને દરેક દિવસ એક પડકાર હતો. દરેક સીન એક ફિલ્મ જેવો લાગતો હતો. બધું જ ફરી પ્લાન કરીને એના પર કામ કરતા હતા. મન લાગે છે એ સીન સૌથી યાગદાર બની રહેશે."

જ્યારે પ્રિયંકા ચોપરાએ કહ્યું, "આ ધરતી છે, જ્યાં સિનેમા એક ઉજવણી છે. હું મારા વ્હાલા ભારતમાં આવીને આ ફિલ્મ કરતાં બહુ જ ખુશ છું. મેં પહેલાં પણ કહ્યું છે, ફરી કહીશ, તેલુગુ સિનેમા સાથે જોડાવાનો શ્રેષ્ઠ અને એક માત્ર વિકલ્પ રાજામૌલી અને મહેશબાબુ જેવા મહાન લોકો સાથે કરવાનો જ છે."

આ ઈવેન્ટમાં પૃથ્વી સુકુમારને પણ હાજર રહીને પોતાના અનુભવો વિશે વાત કરી હતી. તેમજ શ્રુતિ હસને એક ગીત પર પર્ફોર્મન્સ પણ આપ્યું હતું. આ આ ફિલ્મ ૨૦૨૭ના ઉનાળમાં રીલીઝ થશે.

# રાશા થડાની મહેશ બાબુના ભત્રીજા સાથે તેલુગૂ ફિલ્મમાં ડેબ્યૂ કરશે

## જય ક્રિશ્ના ઘટ્ટમેની અને રાશાની આ ફિલ્મ અજય ભૂપતિ ડિરેક્ટ કરશે



મહેશ બાબુનો ભત્રીજો અને પૂર્વ સુપરસ્ટાર ક્રિશ્નાનો પૌત્ર જય ક્રિશ્ના ઘટ્ટનેની તેલુગુ સિનેમામાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. હાલ આ ફિલ્મને એબીજ઼ નામ આપવામાં આવ્યું છે, કારણ કે આ ફિલ્મ અજય ભુરતિ દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે. તેમના દ્વારા ઓફિશીયલની જાહેર કરવામાં આવ્યું છે કે રવિના ટંડનની દિકરી રાશા થડાની પણ લીડ રોલમાં જોવા મળશે. રાશા થડાની આ ફિલ્મથી તેલુગુ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરી રહી છે.

ડિરેક્ટર દ્વારા એક્સ પર કરાયેલી જાહેરાત મુજબ, "ગોર્જિયસ અને ટેલેન્ટેડ રાશા થડાની માટે જગ્યા કરો..એબી૪માં તેનો મોટા પડદે જાદુ અને પર્ફોર્મન્સ જોવા તૈયાર થઈ જાઓ."

આ એક પહાડી વિસ્તારોમાં આકાર લેતી રોમેન્ટિક ફિલ્મ હશે. આ ફિલ્મના કેન્દ્રમાં લાગણીસભર વાર્તા અને લાગણીઓ સાથેનો સંઘર્ષ હશે. તેમાં હિરોઈનને પણ ઘણું મહત્વ આપવામાં આવ્યું છે. અજય ભુપતિ દ્વારા ડિરેક્ટ થનારી આ ચોથી ફિલ્મ હશે, આ પહેલાં તેમણે આરએક્સ૧૦૦, મહા સમુદ્રમ અને મંગલવારમ જેવી ફિલ્મ બનાવી છે.

આ ફિલ્મમાં પૂર્વ કલાકાર રમેશ બાબુનો દિકરો જય ક્રિશ્મા ઘટ્ટમનેની લીડ રોલમાં હશે, ફિલ્મ પી. કિરણ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે. આ મહિનાના અંતે ફિલ્મનું શૂટિંગ શરૂ કરવામાં આવશે.

રાશા થડાનીએ છેલ્લે અભિષેક કપૂરની ફિલ્મ આઝાદમાં કામ કર્યું હતું, તેમાં અજય દેવગન અને ડાયના પેન્ટી પણ હતાં. રાશાએ આ ફિલ્મથી ડેબ્યુ કર્યું હતું. હાલ રાશા તેની બીજી ફિલ્મ લૈકે લૈકામાં અભય વર્મા સાથે કામ કરી રહી છે.

# 'લાલો'એ બોક્સ ઓફિસ ગજાવી, છઠ્ઠા વીકે સૌથી વધુ કમાણી કરી




'લાલોઃ કૃષ્ણ સદા સહાયતે' ફિલ્મે છઠ્ઠા રવિવારે ૭.૨૫ કરોડની કમાણી કરી છે અને વીકેન્ડ દરમિયાન ૧૫.૨૫ કરોડની કમાણી કરી છે. સામાન્ય રીતે કોઈ પણ ફિલ્મ છઠ્ઠા અઠવાડિયે પહોંચતા તેની ગતિ નોંધપાત્ર રીતે ઘટી જતી હોય છે, ત્યારે આ ફિલ્મની આવકમાં ગયા અઠવાડિયા કરતા માત્ર ૧૫ ટકાનો ઘટાડો નોંધાયો છે, જે કોઈ પણ ગુજરાતી ફિલ્મ માટે એક ખુબ મહત્વની સિદ્ધિ ગણાય છે. આ કમાણી સાથે 'લાલો' માત્ર 'કંતારા', 'બાહુબલી ૨' અને 'પુષ્પા ૨' તેમજ 'છાવા'થી પાછળ રહી છે. ગુજરાતી સિનેમાને આ યાદીમાં પહોંચાડનારી આ પહેલી ફિલ્મ બની છે.

આ ફિલ્મે અત્યાર સુધીમાં કુલ ૬૪ કરોડની કમાણી કરી છે. 'ચાલ જીવી લઈએ' પછી આ ફિલ્મ સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. ત્યારે ફિલ્મ રસિરો હાલ આ ફિલ્મ ૧૦૦ કરોડ સુધી પહોંચી શકે એવી આશા સેવી રહ્યા છે. ગુજરાતી ફિલ્મની અત્યાર સુધીમાં એવી સ્થિતિ હતી કે અત્યાર સુધીમાં સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રી મળીને સમગ્ર વર્ષ દરિમિયાન પણ ૧૦૦ કરોડની કમાણી કરી શકી નથી અને હવે માત્ર એક ફિલ્મ આ લક્ષ્ય પાર કરવા આગળ વધી રહી છે.

# અક્ષય કુમાર-સન્ની દેઓલને સાથે લઇને ફિલ્મ બનાવવાની અહેમદ ખાનની ઇચ્છા

## અહેમદ ખાને 'વેલકમ ટુ ધ જંગલ'ને 'ડાર્ક સિચ્યુએશનલ હ્યુમર' ગણાવી



જાણીતા કોરિયોગ્રાફર અને ડિરેક્ટર અહેમદ ખાન હાલ 'વેલકમ ટુ ધ જંગલ' પર કામ કરી રહ્યા છે, તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેમણે 'વેલકમ ટુ ધ જંગલ' ફિલ્મ વિશે અને 'આવારા પાગલ દિવાના ૨' સહિતની ફિલ્મ વિશે વાત કરી હતી.

'વેલકમ ટુ ધ જંગલ' ફિલ્મમાં વિશાળ સ્ટાર કાસ્ટ સાથે કામ લેવા અને સંજય દત્તે ફિલ્મ છોડવાના કારણ વિશે વાત કરતા અહેમદ ખાને કહ્યું, "અમે બસ ફિલ્મ પુરી કરવાની તૈયારીમાં છીએ. જાન્યુઆરી સુધીમાં શૂટ પૂરું થઈ જશે. આવતા વર્ષે ફિલ્મ રિલીઝ કરીશું. આ ફિલ્મમાં માત્ર દિશા નહીં, જેકલિન, લારા, રવિના પણ છે. અક્ષય સાથે કોની જોડી છે, એ જોવા માટે તમારે ફિલ્મ જોવી પડશે. આ એક ડાર્ક સિચ્યુએશનલ હ્યુમર ફિલ્મ છે, માત્ર કોમેડી ફિલ્મ નથી. કારણ કે ફિરૌઝ નડિયાદવાલા ડાર્ક અને સિચ્યુએશનલ હ્યુમરમાં માને છે, એને માત્ર કોમેડી ગમતી નથી. તમે જો અમારી ફિલ્મ મ્યુટ રાખીને જોશો તો તેમને કોઈ ગંભીર ફિલ્મ જોઈ રહ્યાં હોય એવું લાગશે. આ ફિલ્મમાં મોટા પાયે એક્શન પણ છે."

મોટી સ્ટાર કાસ્ટ વિશે અહેમદ ખાને કહ્યું, "એ બહુ સ્ટ્રેસવાળું કામ છે. હું વિશ્વાસપૂર્વક કહું છું કે વેલકમ ટુ ધ જંગલ જેવી મોટી અને મોટા સ્ટાર્સની કાસ્ટ બીજી કોઈ ફિલ્મમાં જોવા મળી નથી. તેથી મને ખબર હતી કે બધાની તારીખો મેળવવામાં જ મુશ્કેલી પડી જવાની છે. મારા અને ફિરોઝના એ બધાં સાથે સંબંધો સારા છે એટલે અમારા માટે તેમની સાથે કામ કરવું સરળ હતું. તેથી અમને શૂટ કરવામાં દોઢ વર્ષ લાગી ગયું."

જ્યારે પોતાની નવી ફિલ્મ 'બાપ' વિશે અહેમદે કહ્યું, "એ ફિલ્મ પણ હવે પુરી થઈ ગઈ છે, ઝી સ્ટુડિયોઝ જલ્દી જ એ ફિલ્મ રિલીઝ કરશે. એ પણ એક મોટી ફિલ્મ છે. ડિરેક્ટર ભલે નવા છે, પણ એ ફિલ્મ પણ પુરી થઈ ગઈ છે અને ઝી જલદી જ રિલીઝ ડેટની જાહેરાત કરશે."

જ્યારે પોતાની એક ખાસ ફિલ્મના સપના વિશે અહેમદ ખાને જણાવ્યું, "મને અક્ષય કુમાર અને સન્ની દેઓલને એકસાથે લાવવા ગમશે. મેં એ બંને સાથે ઘણું કામ કર્યું છે. મારે એક એવી ફિલ્મ બનાવવી છે, જેમાં અક્ષય કુમાર, સન્ની દેઓલ, સુનિલ શેટ્ટી અને સંજય દત્ત બધાં એકસાથે હોય, સારી એક્શન અને એક ધમાકેદાર ફિલ્મ હોય."

જ્યારે વેલકમ ટુ ધ જંગલ સંજય દત્તે કેમ છોડી દીધી તે અંગે તેમણે જણાવ્યું, "તારીખનો મેળ ન પડ્યો. બાકી, એ તો ફિલ્મનો હિસ્સો હતા જ. પછી એમને કોઈ ટ્રીટમેન્ટ માટે અમેરીકા જવાનું થયું એટલે એમણે ફિલ્મ છોડવી પડી." જ્યારે 'આવારા પાગલ દિવાના ૨' વિશે વાત કરતા જણાવ્યું, "એના પર પણ કામ ચાલુ છે. પરંતુ મારે આ ફિલ્મ પહેલા પુરી કરવી છે, કારણ કે આ મારા માટે ટાઈટેનિક જેવી છે આ પતે પછી આવારા પાગલ દિવાના પર કામ શરૂ થશે."

# '૧૨૦ બહાદુર' દેશભરનાં ડિફેન્સ થિએટરમાં ૨૧ નવેમ્બરે રિલીઝ થશે

## પિક્ચર ટાઇમ મોબાઇલ સિનેમા નેટવર્કની મદદથી ફિલ્મ રિલીઝ કરવામાં આવશે



એક્સેલ એન્ટરટેઈન્મેન્ટ અને ટ્રીગર હેપ્પી સ્ટુડિયોઝની રિલીઝ થનારી ફિલ્મ ૧૨૦ બહાદુર ખાસ સૈનિકો અને તેમના પરિવારોના માનમાં બનાવવામાં આવી છે. આ ફિલ્મ ભરતીય સિનેમાના ઈતિહાસમાં દેશભરના ડિફેન્સ થિએટરમાં રિલીઝ થનારી પહેલી ફિલ્મ હશે. પિક્ચર ટાઈમના મોબાઈલ સિનેમા નેટવર્કની મદદથી આ ફિલ્મ રિલીઝ કરવામાં આવશે. ૨૧ નવેમ્બરે આ ફિલ્મ દુનિયાભરમાં રિલીઝ થઈ રહી છે. ડિફેન્સ થિએટરમાં રિલીઝ કરીને ફિલ્મમેકર્સ જેમના માટે આ ફિલ્મ બની છે, એવા દેશના સૌથી પ્રતિકૂળ સ્થળો પર પહેરેદારી કરી રહેલા જવાનો પણ આ ફિલ્મ માણી શકે તે હેતુથી આ પ્રકારે રિલીઝનો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશભરમાં ૮૦૦ ડિફેન્સ થિએટર છે. જે મોટા ભાગે દૂરસુદૂરના વિસ્તારોમાં વસતા જવાનોના પરિવારો અને જવાનો માટે બન્યાં છે. તેમના માચે સમાન્ય રીતે શહેરોમાં રિલીઝ થતી ફિલ્મ જોવી મુશ્કેલ હોય છે.

આ અંગે પિક્ચર ટાઈમના સીઈઓ અને ફાઉન્ડર સુશીલ ચૌધરીના જણાવ્યા અનુસાર, "દેશમાં હાલ દોઢ કરોડ સૈનિકો છે અને છ કરોડ દર્શકો છે. તેમાં દેશના ૨ કરોડ પૂર્વ સૈનિકો અને તેમના પરિવારો, માત્ર ૩૦ ટકાને જ ડિફેન્સ થિએટરનો લાભ મળે છે. તેથી અમે બાકીના ૭૦ ટકા સુધી પહોંચવા માગતા હતા અને ૧૨૦ બહાદુરથી તેની ધમાકેદાર શરૂઆત થશે, કારણ કે આ ફિલ્મ સાથે સેના પોતાને જોડી શકશે."

એક્સેલ એન્ટરટેઈનમેન્ટના સીઈઓ વિશાલ રામચંદાનીએ કહ્યું, "આપણા જવનોની બહાદુરી અને બલિદાનને ૧૨૦ બહાદુર એક શ્રદ્ધાંજલિ છે. અમે ખુશ છીએ કે જે જવાનોનો જુસ્સો આ ફિલ્મમાં ઉજવાયો છે, તેઓ અને તેમના પરિવારો આ ફિલ્મ જોઈ શકશે."આ ફિલ્મમાં ચીન સામેના યુદ્ધ દરમિયાન થયેલી રેઝિંગલાની લડાઈની વાત કરવામાં આવી છે, જેમાં ફરહાન અખ્તર મેજર શૈતાનસિંઘના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ રેઝી ઘાઈ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે.


# ૫૦ વર્ષ પછી શોલે એના અસલ અંત સાથે ફરી રિલીઝ થશે

ફરી એક વખત જય-વીરુ અને ગબ્બર મોટા પડદે છવાઈ જશે. અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્ર અને સંજીવ કુમારની ફિલ્મ ૪કે વર્ઝન સાથે તેના મૂળ અંત સાથે ફરી રિલીઝ કરવામાં આવી રહી છે, 'શોલેઃ ફાઈનલ કટ' દેશભરના ૧૫૦૦ થિએટરમાં ૧૨ ડિસેમ્બરે રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મે ૧૫ ઓગસ્ટે પહેલી રિલીઝના ૫૦ વર્ષ પૂરા કર્યા છે.

આ ફિલ્મમાં એ વખતીની મોટી સ્ટાર કાસ્ટ હતી, જેમાં અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્ર, જયા બચ્ચન, હેમા મીલિની, સંજીવ કુમાર અને અમજદ ખાન જેવા કલાકારો હતા. આજે પણ આ ફિલ્મ ઈન્ડિયન સિનેમાની સૌથી લોકપ્રિય ફિલ્મ ગણાય છે. આ ફિલ્મ દેશની સૌથી જોવાયેલી ફિલ્મ છે, તેના પાત્રો અને ડાયલોગ આજે પણ લોકપ્રિય છે અને યાદગાર છે. જે ભીરતીય પોપ કલ્ચરના મૂળમાં રહેલા છે.

આ રી રિલીઝની ખાસ વાત એ છે કે આ ફિલ્મ તેના પહેલાં અને મૂળ અંત સાથે રિલીઝ થશે, જે પહેલાં ક્યારેય લોકોને જોવા મળ્યો નથી કારણ કે આ ફિલ્મ જ્યારે ૧૯૭૫માં રિલીઝ થઈ ત્યારે ઈમરજન્સીનો સમય હતો અને તેના કારણે સેન્સર બોર્ડે કેટલાક કટ સૂચવેલા અને તેના કારણે એ અંત કપાઈ ગયો હતો. તેથી તેનો અંત હળવો કરી દેવાયો હતો. દાયકાઓથી લોકોએ એ હળવો કરાયોલે અંત જ જોયો છે.

હવે સિપ્પી ફિલ્મ્સ દ્વારા નવા અંત સાથેની ફિલ્મની જાહેરાત કરાઈ છે, 'શોલેઃ ફાઈનલ કટ' ૧૨ ડિસેમ્બરે થિએટરમાં રિલીઝ થશે. હવે આ ફિલ્મના અંતમાં સંજીવ કુમાર ગબ્બરને પોતાનાં ખીલ્લીઓવાળા જૂતાથી મારી નાખશે. એ સમયે એ અંતને ઘાતકી ગણવામાં આવ્યો હતો. તેથી સેન્સર બોર્ડે તેમાં સુધારાની સલાહ આપી હતી.








# નેશનલ મિલ્ક ડે ઉજવણી અંતર્ગત 'શ્રી ડો. વર્ગીસ કુરિયન ક્રિકેટ લીગ–૨૦૨૫'માં સુમુલ ડેરી સુરતનું શ્રેષ્ઠ પ્રદર્શન

ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) દ્વારા નેશનલ મિલ્ક ડે ઉજવણીના ભાગરૂપે આયોજિતશ્રી ડૉ. વર્ગીસ કુરિયન ક્રિકેટ લીગ – ૨૦૨૫તારીખ ૬ નવેમ્બર થી ૧૬ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન સફળતાપૂર્વક યોજાઈ હતી. છેલ્લા પાંચ વર્ષથી યોજાતી આવતી આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં કુલ૩૨ ટીમોએ ભાગ લીધો હતો અને કુલ૪૯ મેચોરમાઈ હતી.આટુર્નામેન્ટ દરમ્યાન રવિવારે રમાયેલી રોમાંચક ફાઈનલ મેચમાંસુમુલ ડેરી, સુરતએ શ્રેષ્ઠ પ્રદર્શન સાથેરનર -અપસ્થાન હાંસલ કર્યું હતું. આ વર્ષેસાઉથ ઝોન વિજેતાતરીકે સુમુલ ડેરીએ વિશેષ ગૌરવ પ્રાપ્ત કર્યું હતું.સુમુલ ડેરીનાતમામ ખેલાડીઓએ સમગ્ર ટુર્નામેન્ટ દરમ્યાનશ્રેષ્ઠ રમતરમી હતી. ખાસ કરીને, સુમુલ ડેરી ટીમનાજય પટેલએ આકર્ષક પ્રદર્શન સાથે ટુર્નામેન્ટના બે મહત્વપૂર્ણ ખિતાબ —'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ'અને'બેસ્ટ બેટ્સમેન ઓફ ધ ટુર્નામેન્ટ' — પોતાના નામે કર્યા હતાં.સુમુલ ડેરી પરિવાર તમામ ખેલાડીઓને તેમની અદ્ભૂત મહેનત, ટીમભાવના અને સિદ્ધિઓ બદલ હાર્દિક અભિનંદન પાઠવે છે તથા ભવિષ્યમાં વધુ સફળતાઓ માટે શુભકામનાઓ પાઠવે છે.

# માર્કરામ આઈપીએલ ૨૦૨૬ સીઝનમાં ટીમના વિશ્વાસને પરત કરવાનો લક્ષ્યાંક ધરાવે છે



**નવી દિલ્હી ,** દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન એડન માર્કરામએ કહ્યું છે કે તે ૨૦૨૬ ઇન્ડિયન પ્રીમિયર લીગમાં લખનૌ સુપર જાયન્ટ્સ માટે સારું પ્રદર્શન કરવાનો પ્રયાસ કરશે. માર્કરામ ૨૦૨૫ સીઝનમાં પણ સુપર જાયન્ટ્સ સાથે હતો અને કહે છે કે તે ખૂબ જ ખુશ છે કે ફ્રેન્ચાઇઝે તેને જાળવી રાખ્યો છે. માર્કરામએ ગયા સીઝનમાં ૧૩ મેચમાં ૩૪.૨૩ ની સરેરાશ અને ૧૪૮.૮૩ ના સ્ટ્રાઇક રેટથી ૪૪૫ રન બનાવ્યા હતા, જેમાં પાંચ અડધી સદીનો સમાવેશ થાય છે. તેણે ચાર વિકેટ પણ લીધી હતી, જેના કારણે ટીમે તેને જાળવી રાખ્યો છે.

માર્કરામએ કહ્યું, "ગયા વર્ષે લખનૌ ફ્રેન્ચાઇઝી સાથે મેં ખૂબ આનંદ માણ્યો હતો. મેં મારા સાથી ખેલાડીઓ સાથે ખૂબ સારી મિત્રતા કરી હતી અને ટીમ સાથે થોડા મહિના વિતાવ્યા હતા. તેથી હું જાળવી રાખવામાં આવ્યો હોવાથી ખૂબ જ ખુશ છું અને ચોક્કસપણે તેમની સાથે બીજી સીઝન રમવા માટે ઉત્સાહિત છું."

તેને એમ પણ પૂછવામાં આવ્યું હતું કે તે આ સીઝનમાં કેવું પ્રદર્શન કરવા માંગશે. તેમણે જવાબ આપ્યો, "IPL માં સારું પ્રદર્શન કરવા માટે, તમારે એક ટીમ તરીકે ખરેખર સારું હોવું જોઈએ. મને નથી લાગતું કે આપણે ગયા સિઝનમાં ખૂબ પાછળ હતા. અહીં અને ત્યાં થોડી ક્ષણો અને થોડા પરિણામો અલગ દેખાતા. તમે જાણો તે પહેલાં, તમે નોકઆઉટ માટે ક્વોલિફાય થઈ ગયા છો. તેથી, આપણે ચોક્કસપણે વસ્તુઓ વધુપડતું ન કરવી જોઈએ. મને લાગે છે કે આપણે જે સારી રીતે કર્યું છે તેનું પુનરાવર્તન કરવાનો પ્રયાસ કરીશું અને કેટલીક વધુ મહત્વપૂર્ણ ક્ષણો જીતીશું. તમે જાણો તે પહેલાં, મને લાગે છે કે ટુર્નામેન્ટ ખરેખર અમારા માટે આશાસ્પદ છે." જોકે, ટીમને IPL માં અપેક્ષા મુજબના પરિણામો મળ્યા નહીં. ઋષભ પંતે કેપ્ટન તરીકે કમાન સંભાળી, ઝહીર ખાન ટીમના માર્ગદર્શક હતા. તેમ છતાં, ટીમ પ્લેઓફ ચૂકી ગઈ, પોઈન્ટ ટેબલમાં સાતમા સ્થાને રહી. હવે ટીમનું લક્ષ્ય આ સિઝનમાં પુનરાગમન કરવાનું રહેશે."



# એશિઝ શ્રેણીમાં રૂટને નિશાન બનાવશે બોલેન્ડ

**લંડન ,** ઓસ્ટ્રેલિયાના નવા ફાસ્ટ બોલર સ્કોટ બોલેન્ડે કહ્યું છે કે તેમનું લક્ષ્ય ઈંગ્લેન્ડના અનુભવી બેટ્સમેન જો રૂટ હશે. બોલેન્ડના મતે, રૂટ ઈંગ્લેન્ડની બેટિંગનો મુખ્ય આધાર છે, અને તેને રોકવા માટે જરૂરી રહેશે. શ્રેણી પર પ્રભુત્વ મેળવવા માટે, આ શ્રેણીની પહેલી મેચ ૨૧ નવેમ્બરથી પર્થના ઓપ્ટસ સ્ટેડિયમમાં રમાશે. ઓસ્ટ્રેલિયન ટીમ હંમેશા વિરોધી ટીમના મુખ્ય બેટ્સમેનોને નિશાન બનાવતી રહી છે. ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ગ્લેન મેકગ્રા મેચ પહેલા ઈંગ્લેન્ડના બેટ્સમેન સામે રણનીતિ બનાવતો હતો, અને આ પ્રથા ચાલુ રહે છે. તેવી જ રીતે, ભૂતપૂર્વ કેપ્ટન માઈકલ ક્લાર્કે ૨૦૧૩-૧૪ શ્રેણી દરમિયાન પોતાના બોલરોને ઈંગ્લેન્ડના સ્ટાર બેટ્સમેન એલિસ્ટર કૂકને રોકવા કહ્યું હતું.જેમ જેમ એશિઝ શ્રેણી નજીક આવી રહી છે, સ્થાનિક મીડિયાએ રૂટને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે, અને દાવો કર્યો છે કે તેણે ઓસ્ટ્રેલિયામાં હજુ સુધી ટેસ્ટ સદી ફટકારી નથી. બોલેન્ડે કહ્યું, "તમે હંમેશા શ્રેષ્ઠ ખેલાડીઓને આઉટ કરવા માંગો છો." ભૂતકાળમાં જ્યારે જો રૂટ કેપ્ટન હતા, ત્યારે પણ તમે ખાતરી કરવા માંગતા હતા કે તેનો પ્રભાવ ઓછો થાય. ઈંગ્લેન્ડ પાસે કેટલાક ખૂબ સારા બેટ્સમેન છે, અને અમે તે કરવાનો પ્રયાસ કરીશું.ઈંગ્લેન્ડના ઓસ્ટ્રેલિયાના છેલ્લા એશિઝ પ્રવાસ દરમિયાન, રૂટને બોલેન્ડે ચાર વખત આઉટ કર્યો હતો. આ અંગે, તેમણે કહ્યું, "આશા છે કે, અમે જો રૂટ અને મધ્યમ ક્રમના ખેલાડીઓને શાંત રાખી શકીશું." શરૂઆતમાં બોલેન્ડને આ શ્રેણી માટે ઓસ્ટ્રેલિયાના મુખ્ય રિઝર્વ તરીકે રાખવામાં આવ્યો હતો, પરંતુ કેપ્ટન પેટ કમિન્સ અને સાથી ફાસ્ટ બોલર જોશ હેઝલવુડની ઈજાઓને કારણે, હવે તેમને પ્રથમ ટેસ્ટ માટે શરૂઆતના અગિયારમાં સામેલ કરવામાં આવશે. બોલેન્ડ અને ફાસ્ટ બોલર મિશેલ સ્ટાર્ક સાથે ૩૧ વર્ષીય અનકેપ્ડ સ્પેશિયાલિસ્ટ ફાસ્ટ બોલર બ્રેન્ડન ડોગેટ જોડાઈ શકે છે. તેમણે આશા વ્યક્ત કરી કે આ શ્રેણી રોમાંચક રહેશે.

## ભારતનો સ્પિન જાદુ ખત્મ?

# સ્પિન સામે રમવામાં બેટરો નિષ્ફળ : ભારત છેલ્લા ૬ માથી ૪ ટેસ્ટ મેચ હાર્યું

### ભારતીય સ્પિનરોની બોલબાલા હતી પણ હવે વિદેશી સ્પિન બોલરો વધુ વિકેટ ખેડવે છે

**નવી દિલ્હી, તા.૧૮**

ઈડન ગાર્ડન્સ ખાતેની હારથી ફરી એ જ જૂનો પ્રશ્ન ઉભો થયો છે. શું ટીમ ઈન્ડિયા સ્પિન સામે નબળી પડી ગઈ છે? છેલ્લા છ ઘરઆંગણેની ટેસ્ટમાં ચાર હાર, અને ૬૦% થી વધુ વિકેટ વિદેશી સ્પિનરોને ગઈ છે.

ભારત ટર્નિંગ પિચ તૈયાર કરીને વિરોધીઓને દબાણમાં લાવવાનો હેતુ ધરાવે છે, પરંતુ તેનાથી વિપરીત થઈ રહ્યું છે - વિરોધીઓ તૂટી રહ્યા છે, અને ભારતીય બેટ્સમેન સ્પિન સામે ઝૂકી રહ્યા છે.

ભારતની યોજના સ્પષ્ટ છે. પહેલા દિવસથી જ ટર્ન લેતી પિચો તૈયાર કરો, જેથી ટોસનું માર્જિન ઓછું થાય અને ભારતીય સ્પિનરો મેચ પર નિયંત્રણ મેળવી શકે. પરંતુ દક્ષિણ આફ્રિકાના હાર્મર અને મહારાજ હોય કે ગયા વર્ષે ન્યુઝીલેન્ડ અને ઈંગ્લેન્ડ, દરેક ટીમના સ્પિનરો ભારતની યોજનાઓ બગાડી રહ્યા છે.કોલકાતામાં પણ આવું જ બન્યું. બીજી સવાર સુધીમાં વાતાવરણ એવું હતું કે ભારત દક્ષિણ આફ્રિકાને ૧૫૯ રન સુધી સીમિત કરીને હરાવી દેશે. પરંતુ હાર્મરના એક બોલે ભારતીય બેટ્સમેનોના મનમાં ડર પેદા કર્યો.

ત્યારબાદ ગયા વર્ષની રીપ્લે હતી. ૭૫/૧ થી, ભારત ૧૮૯ પર તૂટી પડ્યું. કોઈ પણ બેટ્સમેન ૪૦ રન બનાવી શક્યો નહીં. આગામી ઈનિંગમાં ૧૨૪ રનનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો, પરંતુ ભારત ફક્ત ૯૩ પર જ સમેટાઈ ગયું. આ હાર ફક્ત પિચને કારણે નહોતી. તેણે એક નબળાઈને ઉજાગર કરી જેનો સામનો ભારતીય બેટ્સમેન છેલ્લા બે વર્ષથી કરી રહ્યા છે.

ભારત વિરુદ્ધ પિચો કેમ જઈ રહી છે?

ગયા વર્ષે, ભારતે ભારતીય ધરતી પર રમાયેલી છ ટેસ્ટમાંથી ચાર ટેસ્ટ હારી છે. આ મેચોમાં ભારતીય બેટ્સમેનોએ ૮૭ વિકેટ ગુમાવી હતી. ૬૦ સ્પિનને કારણે હતી, એટલે કે સ્પિનરોએ ૬૯% વિકેટ લીધી હતી. સ્પષ્ટ અર્થ એ છે કે આપણા બેટ્સમેન પોતાની પિચો પર પોતાના ગેમપ્લાન નો સામનો કરવામાં નિષ્ફળ રહી છે. ટીમ મેનેજમેન્ટનો પીચો પ્રત્યે આક્રમક અભિગમ છે. તેઓ માને છે કે વહેલા ટર્ન લેવાથી ટોસની અસર ઓછી થશે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ભારત છેલ્લી ત્રણ ટેસ્ટમાં (પુણે અને મુંબઈમાં ન્યુઝીલેન્ડ સામે અને કોલકાતામાં દક્ષિણ આફ્રિકા સામે) ટોસ અને મેચ બંને હારી ગયું છે.ગિલ ટીમ સાથે ગુવાહાટી જશે નહી, બીજી ટેસ્ટમાં તેની ભાગીદારી શંકાસ્પદકોલકાતા. આ સમાચાર ભારતીય ટીમ માટે આઘાતજનક છે, જે પહેલી ટેસ્ટ હાર્યા બાદ શ્રેણીમાં ૦-૧ થી પાછળ છે. ઈજાગ્રસ્ત ભારતીય કેપ્ટન શુભમન ગિલનું શનિવારથી શરૂ થઈ રહેલી દક્ષિણ આફ્રિકા સામેની બીજી ટેસ્ટ માટે શંકા છે. ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળ (CAB) ના સૂત્રોએ સોમવારે પુષ્ટિ આપી હતી કે તે બુધવારે ટીમ સાથે ગુવાહાટી જશે નહીં.મંગળવારે ટીમનો વૈકલ્પિક તાલીમ સત્ર હશે. જો ગિલ બહાર થઈ જાય છે, તો ભારત પાસે બી સાઈ સુધરસન અને દેવદત્ત પડિકલને મેદાનમાં ઉતારવાનો વિકલ્પ હશે. "ગિલ ગરદનના ગંભીર દુખાવાથી પીડાઈ રહ્યો છે અને અમે ઈજા વિશે વધુ વિગતો આપવા માટે અધિકૃત નથી,"સૂત્રએ જણાવ્યું. "તે ગરદનનો કોલર પહેરવાનું ચાલુ રાખશે અને તેને ત્રણથી ચાર દિવસ આરામ કરવાની અને હવાઈ મુસાફરી ન કરવાની સલાહ આપવામાં આવી છે. અમે તેની પ્રગતિ પર નજર રાખી રહ્યા છીએ."

### છેલ્લી છ ટેસ્ટમાં પ્રદર્શન

૧૪ નવેમ્બર ૨૦૨૫, કોલકાતાઃ ભારત ૩૦ રનથી હારી ગયું (દક્ષિણ આફ્રિકા સામે)

૧૦ ઓક્ટોબર, ૨૦૨૫, ચેન્નાઈઃ ભારતનો ૭ વિકેટે વિજય (વેસ્ટ ઈન્ડિઝ સામે)

૧ નવેમ્બર, ૨૦૨૪, મોહાલીઃ ભારત ૨૫ રનથી હારી ગયું (ન્યુઝીલેન્ડ સામે)

૨૪ ઓક્ટોબર, ૨૦૨૪, પુણેઃ ભારત ૧૧૩ રનથી હારી ગયું (ન્યુઝીલેન્ડ સામે)

૧૬ ઓક્ટોબર, ૨૦૨૪, બેંગલુઃ ભારતનો ૮ વિકેટે પરાજય (ન્યુઝીલેન્ડ સામે)

ક્યાં ખોટી પડી રણનીતિ

દબાણ હેઠળ બિનજરૂરી આક્રમકતા

કોલકાતામાં ભારતીય બેટ્સમેનોના આક્રમક રમતથી જોખમ વધ્યું.

પહેલી કલાકઃ ધીરજવાન રક્ષણાત્મક બેટિંગ, રન રેટ ૨.૨

આગામી બે કલાકઃ રન રેટ ૪+, વિકેટ ૧૬

તૈયબા વાવુમાએ તે જ પીચ પર ૫૫ રનની ધીરજવાન અણનમ ઈનિંગ્સ રમી અને ભારતીય બેટ્સમેનોને ખુલ્લા પાડ્યા.

ડોમેસ્ટિક ક્રિકેટ ન રમવાની અસર

આ ઘટાડો ફક્ત માનસિક નથી, તે માળખાકીય છે. ભારતીય ટેસ્ટ ટીમના મોટાભાગના બેટ્સમેન ભાગ્યે જ ઘરેલુ ક્રિકેટ રમે છે. જેના કારણે બે નુકસાન થયું હતું.

ક્વોલિટી સ્પિન વાંચવાની ક્ષમતામાં ઘટાડો થયો.લાંબી બેટિંગ કરવાની આદત ઘટી ગઈ.

# સંગાકારાને આરઆરના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરાયા

નવી દિલ્હી

રાજસ્થાન રોયલ્સે સોમવારે શ્રીલંકાના દિગ્ગજ ખેલાડી કુમાર સંગાકારાને ૨૦૨૬ ઈન્ડિયન પ્રીમિયર લીગ માટે મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા. ભૂતપૂર્વ ભારતીય દિગ્ગજ ખેલાડી રાહુલ દ્રવિડે આ વર્ષે ઓગસ્ટમાં ફ્રેન્ચાઇઝ છોડી દીધી હતી.

સંગાકારા ૨૦૨૧ થી ફ્રેન્ચાઈઝના ક્રિકેટ ડિરેક્ટર છે. તેઓ ૨૦૨૧ થી ૨૦૨૪ સુધી મુખ્ય કોચ તરીકે પણ સેવા આપી રહ્યા હતા. રાજસ્થાન રોયલ્સે ઠ પર પોસ્ટ કરેલા, ક્રિકેટ ડિરેક્ટર કુમાર સંગાકારા IPL ૨૦૨૬ માટે મુખ્ય કોચ તરીકે પણ કાર્યભાર સંભાળશે.

ઈઈ ના માલિક મનોજ બડાલેએ કહ્યું, "ટીમ સાથે તેમનું આરામદાયક સ્તર, તેમનું નેતૃત્વ અને રોયલ્સ સંસ્કૃતિ પ્રત્યેની તેમની ઊંડી સમજણ આ સમયે ટીમના પ્રદર્શનમાં સુસંગતતા લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.''

# એશિઝ શ્રેણી ૨-૨ થી બરાબર રહેશેઃ વોન

**લંડન ,** ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે ૨૧ નવેમ્બરે પર્થમાં યોજાનારી એશિઝ શ્રેણીના પરિણામ પર ઘણા દિગ્ગજ ક્રિકેટરોએ પોતાના મંતવ્યો આપવાનું શરૂ કરી દીધું છે. ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન માઈકલ વોને હવે આ મુદ્દા પર ટિપ્પણી કરી છે. વોને જણાવ્યું છે કે બંને ટીમો શ્રેણીમાં ૨-૨ થી બરાબર રહેશે. આ પાંચ મેચની શ્રેણીનો પહેલો મેચ પર્થમાં રમાયો હતો. વોને આગાહી કરી છે કે બંને ટીમો એશિઝ શ્રેણીમાં બે-બે મેચ જીતશે, જેમાં એક મેચ ડ્રો થશે. વોનના મતે, મુલાકાતી ટીમ, ઈંગ્લેન્ડ, પર્થમાં શ્રેણીની પહેલી મેચ જીતશે, કારણ કે ઓસ્ટ્રેલિયન કેપ્ટન પેટ કમિન્સ અને ફાસ્ટ બોલર જોશ હેઝલવુડ આ મેચમાં રમશે નહીં. વોને સોશિયલ મીડિયા પર લખ્યું, "જો સ્ટોક્સ ફિટ રહેશે, તો મને લાગે છે કે શ્રેણી ૨-૨ થી બરાબર રહેશે. ઈંગ્લેન્ડ પર્થમાં ઓસ્ટ્રેલિયા સામે જીતી શકે છે." જોકે, જો શ્રેણી પહેલા કોઈ ખેલાડી ઘાયલ ન થાય, તો આ આગાહી યથાવત રહેશે.

કમિન્સ હાલમાં પીઠની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યા છે, જ્યારે ફાસ્ટ બોલર હેઝલવુડને શેફિલ્ડ શીલ્ડ મેચ દરમિયાન હેમસ્ટ્રિંગની ઈજા થઈ હતી. વોને અગાઉ કહ્યું હતું કે હેઝલવુડ બહાર હોવાથી ઈંગ્લેન્ડની સ્થિતિ હવે સારી છે.

વોને ત્યારે કહ્યું હતું કે ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ હેઝલવુડ અને કમિન્સ પ્રથમ ટેસ્ટમાંથી બહાર છે, જેના કારણે શ્રેણીમાં ઈંગ્લેન્ડને ટોચનો હાથ મળ્યો છે. પરિણામે, પર્થ તેમના માટે એક પોઈન્ટ ઉપર જવાની નોંધપાત્ર તક રજૂ કરે છે. હાલમાં, ઓસ્ટ્રેલિયન ટીમમાં ફક્ત મિશેલ સ્ટાર્ક જ સંપૂર્ણપણે ફિટ પ્રથમ પસંદગીના ફાસ્ટ બોલર છે, જ્યારે સ્કોટ બોલેન્ડ બેકઅપ છે. હેઝલવુડની ઈજાને કારણે, ઓસ્ટ્રેલિયા ઓલરાઉન્ડર કેમેરોન ગ્રીન અને બ્યુ વેબસ્ટર બંનેને ફાસ્ટ બોલર તરીકે તકો આપી શકે છે. અનકેપ્ડ ફાસ્ટ બોલર બ્રેન્ડન ડોગેટ પર્થમાં ટેસ્ટ ડેબ્યૂ કરી શકે છે.

# પિચ અંગે ગંભીર અને ગિલ વચ્ચે સમાનતા વિશે પ્રશ્નાર્થ

## ઇડન ગાર્ડન્સની પિચ અંગે કદાચ કોચ અને કેપ્ટન અલગ અલગ વિચારસરણી ધરાવતા હોવાનો ઘટસ્ફોટ

કોલકાતા, પ્રવાસી સાઉથ આફ્રિકા સામેની પ્રથમ ક્રિકેટ ટેસ્ટમાં ઘરઆંગણે રમવા છતાં સ્પિનર્સ સામેની નિષ્ફળતાને કારણે ભારતનો ૩૦ રનથી પરાજય થયા બાદ પિચ વિવાદ વકર્યો છે. ભારત ૧૨૪ રનનો આસાન ટારગેટને પણ પહોંચી વળ્યું ન હતું. હવે સૌથી મહત્વનો સવાલ એ પેદા થયો છે કે ટીમનો યુવાન કેપ્ટન શુભમન ગિલ અને કોચ ગૌતમ ગંભીર ઘરઆંગણે કેવી આદર્શ સ્થિતિ અને પિચ હોવા જોઈએ તે અંગે સમાન વિચારધારા ધરાવે છે કે નહીં. ભારત તેની ધરતી પર ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઓછા સ્કોરને ચેઝ કરવામાં નિષ્ફળ રહ્યું હતું. અગાઉ ભારતીય ટીમ ક્યારેય આ પ્રકારના સ્કોરને પાર કરવામાં નિષ્ફળ રહ્યું ન હતું.

હજી એક મહિના અગાઉ અમદાવાદમાં રમાયેલી વેસ્ટ ઈન્ડિઝ સામેની ટેસ્ટની પૂર્વસંધ્યાએ કેપ્ટન શુભમન ગિલે જાહેર કર્યું હતું કે ભારત હવે સ્પિનર્સને મદદરૂપ બનાવવાની વર્ષો પુરાણી રણનીતિથી દૂર થઈ ગયું છે અને હવે ભારત પાસે ઘરઆંગણે વિકેટો ખેરવી શકે તેવા પેસ બોલર આવી ગયા છે. અમે એવી વિકેટ પર રમવાનું પસંદ કરી રહ્યા છીએ જે સામાન્યપણે બેટર્સ અને બોલર્સ બંનેને મદદરૂપ થતી હોય. તેમ ગિલે તે સમયે જણાવ્યું હતું. હવે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયન સાઉથ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટમાં ભારતે એવી પિચ બનાવી જે એક મહિના અગાઉ ગિલે વ્યક્ત કરેલા વિચારોથી તદ્દન વિપરીત હતી. ઈડન ગાર્ડન્સની પિચ એક સપ્તાહ અગાઉ ખુલ્લી રખાઈ હતી અને તેની ઉપર પાણી છાંટવામાં આવ્યું ન હતું તથા મેચની આગલી સાંજે પણ તેને કવર વિનાની રાખવામાં આવી હતી. પરિણામ એ આવ્યું કે પિચ સૂકી હતી અને પહેલા સેશનથી જ તેણે રંગ દેખાડવા માંડ્યો હતો. અંતે આ મેચ અઢી દિવસ માંડ ચાલી હતી. મેચ દરમિયાન ૩૮ વિકેટ પડી હતી જેમાંથી ૨૨ વિકેટ સ્પિનર્સને મળી હતી



જ્યારે બાકીની ૧૬ વિકેટ પેસર્સને ફાળે રહી હતી.જો ભારતીય ટીમ ખાસ સ્પિનર્સ માટેની વિકેટથી દૂર જઈ રહ્યું હોય તો ઈડન ગાર્ડન્સની પિચ કાંઈક અલગ જ કહે છે. મેચ બાદ ગંભીર અલગ જ વાત કરે છે અને તેણે કહ્યું હતું કે ઈડન ગાર્ડન્સની પિચ એવી જ હતી જેવી ટીમ મેનેજમેન્ટ ઈચ્છતું હતું. તેણે જણાવ્યું હતું કે પિચમાં કોઈ ખરાબી ન હતી પરંતુ જો તમે સારી બેટિંગ ન કરો તો આવું જ પરિણામ આવે. એઈડન માર્કરમ કે કે એલ રાહુલની પૂછો તો તેઓ કહેશે. કેમ કે માર્કરમ પહેલા જ દિવસે જસપ્રિત બુમરાહને ઓફ સ્ટમ્પની લાઈનની બહારના બોલ પર થાપ ખાઈ ગયો હતો તો આવું જ કાંઈક માર્કો યાનસેન સામે રમતી વખતે રાહુલ સાથે બન્યું હતું. કોલકાતાની પિચ ખાસ સ્પિનર્સ માટેની હતી તેવા દાવા સામે માર્કરમ કે રાહુલ સહમત થશે નહીં.ગૌતમ ગંભીરે તો એટલે સુધી કહ્યું હતું કે મેચમાં બંને ટીમને સૌથી મોટું નુકસાન કોઈએ કર્યું હોય તો તે સ્પિનર નહીં પરંતુ પેસર્સ હતા. અંતે અમે આ મેચ જીત્યા હોત તો તમે પિચ અંગે ચર્ચા કરવાનું પસંદ કરતા ન હોત તેમ ગંભીરે ઉમેર્યું હતું.જોકે સંકલન અને માહિતીની આપ-લેમાં અંતર સ્પષ્ટ છે. ગિલે સંતુલન રાખવાની માંગણી કરી હતી. કોચ ઈચ્છતો હતો કે જે બન્યું તે જ થાય. કેપ્ટનને ગરદનના ખેંચાણને કારણે રમવાનો મોકો પણ મળ્યો ન હતો જેને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી હતી અને આ કારણે ૨૨મી નવેમ્બરથી ગુવાહાટીમાં રમાનારી બીજી ટેસ્ટ માટે તેનું રમવું શંકાસ્પદ બન્યું છે. સિમોન હાર્મરના બોલ પર સ્લોગ-સ્વીપ બાઉન્ડ્રી ફટકારતી વખતે ગરદનમાં દુખાવો થવાને કારણે ગિલે પહેલા દિવસ પછી મેચમાં ખાસ કોઈ ભાગ લીધો ન હતો. તેની ગેરહાજરીમાં ભારતીય બેટર્સ ના તો શિસ્ત બતાવી કે ન તો અનુકૂલનક્ષમતા દર્શાવી શક્યા હતા.

# સબકા માલિક એક માનવ સેવા ટ્રસ્ટ દ્વારા ગરીબોને ધાબળાનું વિતરણ

## શિયાળાની શરૂઆતમાં અતિ ગરીબ અને નિરાધાર પરિવારોને ઠંડી સામે મળ્યું રક્ષણ

સુરત, તા.૧૮

સાવરકુંડલા સ્થિત સબકા માલિક એક માનવ સેવા ટ્રસ્ટ દ્વારા માનવતાની અનોખી જ્યોત પ્રગટાવતો એક ભવ્ય અને પ્રેરક કાર્યક્રમ યોજાયો હતો. દર વર્ષની પોતાની ઉમદા પરંપરાને જાળવી રાખીને, આ વર્ષે પણ પાંચ હજાર (૫,૦૦૦)થી વધુ અતિ ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને શિયાળાની આકરી ઠંડીથી રક્ષણ પૂરું પાડવા માટે વિના મૂલ્યે ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. દર વર્ષની પરંપરાનું પાલન અને માનવસેવાને સમર્પણ શિયાળાની આકરી ઠંડીની શરૂઆત થતાં જ, ટ્રસ્ટ દ્વારા ગરીબ અને નિરાધાર લોકોને ઠંડી સામે આવશ્યક રક્ષણ મળી રહે તેવા શુભ આશયથી ૫,૦૦૦થી વધુ ઉચ્ચ ગુણવત્તાના ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.



આ વિતરણ કાર્યક્રમે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ પવિત્ર સેવાયજ્ઞનું આયોજન શ્રી પીન્ટુભાઈ મલેકના નિવાસસ્થાને, નેરા વિસ્તાર, સાવરકુંડલા ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંતો-મહંતો, સાદાતો તેમજ શહેરના અગ્રણીઓ, રાજકીય અને સામાજિક આગેવાનો અને અઢારે વરણના ધર્મપ્રેમી નાગરિકો મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા અને સેવા કાર્યમાં પોતા ની અમૂલ્ય હાજરી આપીને ધન્યતા અનુભવી હતી. આ ભવ્ય માનવસેવાના કાર્યક્રમને સફળ [illegible]વામાં સબકા માલિક એક માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખશ્રી પીન્ટુભાઈ મલેક અને ઉપપ્રમુખશ્રી ઈરફાનભાઈ ગોરી-રાજુલા (પત્રકાર) તેમજ સમગ્ર ટીમ એ વિશેષ જહેમત ઉઠાવી હતી. આ ઉપરાંત, ટ્રસ્ટ દ્વારા વરસાદથી રક્ષણ માટે તાલપત્રીનું વિતરણ અને અન્ય સેવાકીય કાર્યો પણ નિયમિતપણે કરવામાં આવે છે.પ્રમુખશ્રી પીન્ટુભાઈ મલેકે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, "અમને આનંદ છે કે અમે દર વર્ષની જેમ આ વર્ષે પણ ૫,૦૦૦થી વધુ ગરીબ પરિવારોને ધાબળા વિતરણ કરીને તેમની સેવા કરી શક્યા છીએ. માનવસેવા એ જ અમારી નમ્ર વિનંતી છે. આ કાર્યને સફળ બનાવવા માટે જેઓએ પણ સાથ-સહકાર આપ્યો છે તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ." વધુમાં, કાર્યક્રમમાં પધારેલા તમામ લોકો માટે ટ્રસ્ટ દ્વારા બટુક ભોજન (સમુહ ભોજન) ની ઉત્તમ વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ ભવ્ય આયોજન સાવરકુંડલામાં માનવતા અને સેવાભાવના ઉત્તમ ઉદાહરણ તરીકે યાદગાર બની રહ્યું છે, જેણે સમાજમાં સકારાત્મક સંદેશ ફેલાવ્યો છે.




# વરિયાવની કવિશ્રી અમૃત ઘાયલ પ્રાથમિક શાળામાં બાળ દિવસની ઉત્સાહભેર ઉજવણી

સુરત, તા.૧૮

ભારતનાં જવાબદાર નાગરિક તૈયાર કરવાનાં શુભ આશય સાથે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત તાપી કિનારે વરિયાવમાં આવેલ કવિશ્રી અમૃત ઘાયલ પ્રાથમિક શાળા ક્રમાંક ૩૧૩માં બાળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીનાં ભાગરૂપે શાળાનાં બાળકોને ગુલાબ આપી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. સાથેજ વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બાળકોને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. શાળાનાં શિક્ષકો દ્વારા બાળકો સમક્ષ બાળ દિવસનું મહત્વ, બાળકોનાં પરાક્રમો, બાળકોનાં અધિકારો અને હકની ચર્ચા કરવામાં આવી હતી. બાળકોએ પોતાનાં જીવનનાં વિવિધ સાહસની વાત રજૂ કરી હતી. શાળા સ્થાપનાનાં ૧૫૦ વર્ષની ઉજવણી થઈ રહી છે ત્યારે આજનાં દિવસે બાળકોએ આદર્શ વિધાર્થી બનવાના સંકલ્પ લીધા હતાં. આ દિવસે બાળલક્ષી વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લઈને બાળકોએ તેમનાં આનંદ અને ઉત્સાહને યાદગાર બનાવ્યો હતો. શાળાનાં આચાર્યએ બાળકોને આ દિન વિશેષની હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. બાળ દિવસનાં સફળ આયોજન બદલ તેમણે શિક્ષકોને પણ અભિનંદન પાઠવ્યા હતાં.

# ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટ્યુટ અને સુરત જ્વેલરી ઉત્પાદક એસો.ના કરાર

## આધુનિક કુશળતા કેળવવા સંયુક્ત રીતે વર્કશોપ પણ યોજાશે

સુરત, તા.૧૮

ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટયૂટ (IDI) અને સુરત જ્વેલરી મેન્યુફેક્ચરર એસોસિએશન (SJMA) વચ્ચે આજરોજ તારીખ ૧૭.૧૧.૨૦૨૫ના રોજ એક મહત્વનું MoU સહી કરવામાં આવ્યું હતું. આ MoU હેઠળ IDI, જીજેઈપીસી ને સર્પોટિંગ એસોસિએશન પાર્ટનર તરીકે આ MoU હેઠળ ભવિષ્યમાં આવરી લેવાતા કાર્યક્રમો હેઠળ યોગ્ય પ્રચાર કરશે.

વધુમાં બંને સંસ્થાઓ સુરતની જેમ એન્ડ જ્વેલરી ઈન્ડસ્ટ્રીઝના વધુ વિકાસ માટે, ક્વોલિટી સુધારણા માટે અને જેમ એન્ડ જ્વેલરી ઈન્ડસ્ટ્રીને લગતી અત્યાધુનિક કુશળતા પ્રાપ્તિને લગતા સંયુક્ત વર્કશોપ, સેમિનાર, તાલીમી કાર્યક્રમો અને જાગરુકતા કાર્યક્રમનું સંયુક્ત રીતે આયોજન કરશે.

આ સમજૂતી કરાર હેઠળ SJMA અને IDI વચ્ચે સહકારીતાના ધોરણે, IDI ના શૈક્ષણિક કાર્યક્રમો અને જેમોલોજીકલ લેબોરેટરી ના પ્રમોશન અને સમર્થન માટે જ્વેલરી મેન્યુફેક્ચરોના અને ખાસ કરીને SJMAની મેમ્બર કંપનીઓના લાભાર્થે એકબીજાના પૂરક માળખું સ્થાપિત કરી પ્રોત્સાહન આપવાનો છે.

SJMA હેઠળ ના વિવિધ પ્લેટફોર્મ, કાર્યક્રમો, પ્રકાશનો, પ્રદર્શન અને સભ્યોની પહોંચની પ્રવૃત્તિઓ દ્વારા, IDI ના જેમોલોજીકલ લેબોરેટરી સર્વિસ અને શૈક્ષણિક કાર્યક્રમો, તાલીમી અભ્યાસક્રમો અને સંશોધન પહેલને SJMA પ્રોત્સાહન આપશે.

આ સમજૂતી કરાર સુરતની જ્વેલરી ઈન્ડસ્ટ્રીઝના ધ્યેયલક્ષી વિકાસના અર્થે અને IDI ની પ્રવૃત્તિઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ધોરણે જાગરુકતા વધારવાના પ્રયાસ રૂપે કરવામાં આવ્યું છે ઉપરોક્ત સમજૂતી કરાર પર IDI વતી શ્રી દિનેશભાઈ નાવડીયા અને શ્રી અમિતભાઈ કોરાટ પ્રમુખશ્રી SJMA દ્વારા, શ્રી જયંતી સાવલિયા, શ્રી વિજય માંગુકિયા, શ્રી મહેશ માંગુકિયા, શ્રી દિવ્યેશ માવાણી, શ્રી પરેશ મણીયા, શ્રી દિપક ઘઢેસરીયાની હાજરીમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા અને ભવિષ્યમાં એના અમલીકરણનો માર્ગ ખોલવામાં આવ્યો હતો.

# બારડોલી તાલુકામાં રસ્તા રિસર્ફેસિંગનું કાર્ય પ્રગતિમાં

સુરત, તા.૧૮

સુરત જિલ્લામાં વિવિધ સ્થળોએ કમોસમી વરસાદથી નુકશાગ્રસ્ત રસ્તાઓનું રિપેરિંગ, રિસર્ફેસિંગ, પેચ વર્ક સહિતના કાર્યો ચાલી રહ્યા છે. ત્યારે બારડોલી નગરપાલિકાને મળેલી રૂ.૮૦ લાખની ગ્રાન્ટ હેઠળ અંદાજિત ૬.૫ કિ.મી. લંબાઈના રસ્તાઓનું રિસર્ફેસિંગનું કાર્ય પ્રગતિ હેઠળ છે. વિવિધ સ્થળોએ ચાલી રહેલા રસ્તાના કામોનું સાઉથ ઝોન, પ્રાદેશિક કમિશનરશ્રી દ્વારા સ્થળ પર જઈને નિરીક્ષણ કરાયું હતું. તેમજ નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી અને એન્જિનિયરશ્રીઓને કામગીરી અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# ચેમ્બર ઓફ કોમર્સ અને ઇન્ડિયન મેડિકલ એસોસીએશના સંયુક્ત ઉપક્રમે 'વર્લ્ડ ડાયાબિટીસ ડે'ના ભાગ રૂપે અવેરનેસ કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૧૮

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ઈન્ડિયન મેડિકલ એસોસીએશન– સુરતના સંયુકત ઉપક્રમે શુક્રવાર, તા. ૧૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૬:૩૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'વર્લ્ડ ડાયાબિટીસ ડે'ના ભાગ રૂપે ડાયાબિટીઝ માટે અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં વકતાઓ તરીકે ઈન્ડિયન મેડિકલ એસોસીએશન– સુરતના પ્રમુખ ડો. મુકુર પેટ્રોલવાલા, ડો. નિરજ સોની, ડો. અમિતા તાંબેકર, ડો. પિયુષ દેસાઇ અને ડો. કેવિન શાહે ડાયાબિટીસ વિષે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ જણાવ્યું હતું કે, ICMR ની વર્ષ ૨૦૨૩ની વિશ્લેષણ રિપોર્ટ અનુસાર, ૧૦૧ મિલિયન લોકોમાં ડાયાબિટીસ નિદાન થઈ ચૂકયું છે. ૪૫ વર્ષથી ઉપરની વયના લોકોમાં લગભગ ૧૯.૮ ટકા લોકોને ડાયાબિટીસ છે, જે લગભગ ૫૦ મિલિયનથી વધુ લોકો થાય છે. ગુજરાતમાં સરેરાશ ૮ ટકા લોકો ડાયાબિટીસથી પીડાય છે, જ્યારે ૧૦.૫ ટકા લોકો પ્રી–ડાયાબિટીક છે. ગુજરાતના લોકોને ડાયાબિટીસનું પ્રમાણ ૭.૧ ટકા જેટલું નોંધાયું છે. સુરત જેવા ઝડપથી વિકસતા શહેરમાં લાઇફસ્ટાઇલ અને આહારના બદલાવને કારણે ડાયાબિટીસના કેસમાં વધારો થઇ રહયો છે.

ઈન્ડિયન મેડિકલ એસોસીએશન–સુરતના પ્રમુખ ડો. મુકુર પેટ્રોલવાલાએ વિશ્વ ડાયાબિટીસ ડેના અવસરે જણાવ્યું હતું કે, ડાયાબિટીસ આજે વિશ્વભરમાં ઝડપથી વધતી જતી આરોગ્ય સમસ્યા છે અને તેનું સમયસરનું નિદાન, યોગ્ય જીવનશૈલી તથા નિયમિત ચેકઅપ દ્વારા આ રોગને સંપૂર્ણ રીતે નિયંત્રિત રાખી શકાય છે. તેમણે જણાવ્યું કે, સમાજમાં ડાયાબિટીસ અંગે જાગૃતિ લાવવી સમયની માંગ છે.

ડો. નિરજ સોનીએ Improtance of Exercise – Stay Active and Be Fit in Diabetes વિષે સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ડાયાબિટીસ નિયંત્રણ માટે નિયમિત વ્યાયામ અત્યંત આવશ્યક છે. રોજિંદી ચાલવું, યોગ, સ્ટ્રેચિંગ અને શરીરની સક્રિયતા લાંબા ગાળે બ્લડ શુગર કન્ટ્રોલ, વજન નિયંત્રણ અને હૃદયરોગના જોખમ ઘટાડવામાં મદદરૂપ થાય છે.

ડો. અમિતા તાંબેકરે Functional Food in Diabetes વિષે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ફાઇબરયુક્ત અનાજ, બીજ, નટ્સ, મિલેટ્સ અને એન્ટીઓકિસડન્ટથી સમૃદ્ધ આહાર બ્લડ શુગરને સ્થિર રાખવામાં મદદ કરે છે. યોગ્ય પોષણ ૫૦% સુધી ડાયાબિટીસ મેનેજમેન્ટને સરળ બનાવે છે.

ડો. પીયુષ દેસાઇએ Obesity – Primary Target in Diabetes Management: Upstream Approach વિષે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, સ્થૂળતા (મોટાપો) ડાયાબિટીસનું મુખ્ય જોખમ છે. એમણે અપસ્ટ્રીમ એપ્રોચ મુજબ જીવનશૈલીમાં મૂળભૂત ફેરફાર જરૂરી હોવાનું જણાવ્યું હતું. યોગ્ય આહાર, વ્યાયામ અને વજન નિયંત્રણથી ડાયાબિટીસને નોંધપાત્ર રીતે અટકાવી શકાય છે.

ડો. કેવિન શાહે Know Mroe and Do Mroe fro Diabetes at Wrok પર માર્ગદર્શન આપ્યું હતું.

### બ્લાસ્ટ પૂર્વે ડો.

પહેલા પાનાનું ચાલુ

આ દરમિયાન હુમલાની તપાસમાં એક મહત્ત્વપૂર્ણ ખુલાસો થયો છે. NIA એ ખુલાસો કર્યો છે કે વ્હાઇટ-કોલર આતંકવાદી મોડ્યુલ શરૂઆતમાં ડ્રોન અને રોકેટનો ઉપયોગ કરીને હમાસ શૈલીનો હુમલો કરવાનો ઈરાદો ધરાવતો હતો. આ આયોજન ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ઇઝરાયલ પર હમાસના હુમલા પર આધારિત હતું.

NIA ને આ માહિતી આત્મઘાતી બોમ્બર ડૉ. ઉમર-ઉન-નબીના અન્ય એક સહયોગી જસીર બિલાલ વાની ઉર્ફે દાનિશની ધરપકડ બાદ મળી હતી. દાનિશ જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાના કાઝીગુંડનો રહેવાસી છે. તેંછ એ ચાર દિવસ પહેલા શ્રીનગરથી તેની અટકાયત કરી હતી અને સોમવારે ઔપચારિક રીતે તેની ધરપકડ કરી હતી.

NIA અનુસાર, દાનિશને નાના ડ્રોન હથિયારોના ઉત્પાદન અને સંશોધિત કરવાનો ટેકનિકલ અનુભવ છે. તેણે ડૉ. ઉમરને ટેકનિકલ સહાય પૂરી પાડી હતી અને આતંકવાદી હુમલાઓ કરવા માટે ડ્રોન અને રોકેટ વિકસાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. એજન્સીએ જણાવ્યું હતું કે દાનિશ ભીડવાળા વિસ્તારોમાં ડ્રોનથી બોમ્બ ફેંકવાની યોજના પર કામ કરી રહ્યો હતો જેથી મહત્તમ જાનહાનિ થાય.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તે મોટી બેટરી અને કેમેરાથી સજ્જ હેવી-ડ્યુટી ડ્રોન વિકસાવી રહ્યો હતો, જે ભારે વિસ્ફોટકો ઉપાડવામાં સક્ષમ હતા. NIA આ મોડ્યુલના બાકીના સભ્યો અને તેના ટેકનિકલ સપોર્ટ નેટવર્કને ઓળખવા માટે કામ કરી રહી છે. ૧૦ નવેમ્બરના રોજ, હ્યુન્ડાઈ ૨૦ કારમાં થયેલા બોમ્બ વિસ્ફોટમાં ૧૫ લોકો માર્યા ગયા હતા અને ૨૦ થી વધુ ઘાયલ થયા હતા.

### 'સર'

પહેલા પાનાનું ચાલુ

સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે, જેમાં દલીલ કરવામાં આવી છે કે SIR અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ એકસાથે યોજાઈ શકે નહી.

અરજીમાં જણાવાયું છે કે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ ૯ અને ૧૧ ડિસેમ્બરના રોજ બે તબક્કામાં યોજાવાની છે, જ્યારે SIR ડ્રાફ્ટ ૪ ડિસેમ્બરના રોજ પ્રકાશિત થવાનો છે. આનાથી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી પ્રક્રિયા પર અસર પડશે.

બિહાર ચૂંટણીમાં કારમી હાર અને વોટ ચોરીના આરોપો વચ્ચે, કોંગ્રેસ આજે ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રભારીઓ, રાજ્ય એકમના વડાઓ, કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતાઓ અને સચિવોની સમીક્ષા બેઠક યોજશે જ્યાં મતદાર યાદીઓનું ખાસ સઘન સમીક્ષા ચાલી રહી છે.

### જેડીયુના

પહેલા પાનાનું ચાલુ

મળવું જોઈએ .જયારે ભાજપના મતે, JDU સૌથી મોટું પદ (મુખ્યમંત્રી) ધરાવે છે, તેથી વિધાનસભા અધ્યક્ષ પદ પર તેમનો સ્વાભાવિક અધિકાર છે.

બિહારના નવા મંત્રીમંડળ માટે ફોર્મ્યુલા નક્કી થઈ ગઈ છે- દર ૬ ધારાસભ્યો માટે એક મંત્રી. જેને પણ વિધાનસભાનું અધ્યક્ષ પદ મળશે તેનો એક મંત્રી ઓછો હશે. બંને પક્ષો ૧૫-૧૫ મંત્રીઓ પસંદ કરશે. આમાં મુખ્યમંત્રી પદનો સમાવેશ થતો નથી.

તેવી જ રીતે, જો LJP (R) નાયબ મુખ્યમંત્રી પદ મળે છે, તો તેની પાસે બે મંત્રીઓ હશે. જો તેને પદ નહી મળે, તો તેની પાસે ત્રણ મંત્રી હશે. હમ અને RLSPથી ૧-૧ મંત્રી હશે.

મોટાભાગના મંત્રીઓને ફરીથી જવાબદારી સોંપવામાં આવે તેવી અપેક્ષા છે. ભૂતકાળમાં આરોપોનો સામનો કરી ચૂકેલા કેટલાક મંત્રીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નવી સરકાર વિપક્ષને કોઈપણ સ્તરે ભ્રષ્ટાચાર અને ગુનાઓ પર ધ્યાન આપવાની કોઈ તક આપશે નહી.

### ગેરકાયદે રહેતા

પહેલા પાનાનું ચાલુ

પોતાના નાગરિક પરત લેવા ઈન્કાર કર્યો છે તેઓને હવે આ પ્રકારના વિસા પ્રતિબંધ દેશોની યાદીમાં મુકી દીધા છે. હોમ સેક્રેટરી શબાનાએ જણાવ્યું કે આ દેશોના હજારો નાગરિકો હાલ બ્રિટનમાં ગેરકાનુની રીતે વસવાટ કરે છે.

બ્રિટને આ કાર્યવાહીમાં અસહકાર કે સાથ નહી આપનાર દેશોને પણ આ યાદીમાં મુકવા તૈયારી કરી છે. ભારતના પણ મોટી સંખ્યામાં નાગરિકો બ્રિટનમાં ગેરકાનુની રીતે વસી ગયા છે. બ્રિટન આ ઉપરાંત હાલ ત્યાં રહેતા નાગરિકોના કુટુંબીજનોને વિસા આપવામાં પણ કડક નિર્ણય લઈ રહી છે.

ફેમીલીની વ્યાખ્યા અત્યંત મર્યાદીત કરી છે જેમાં માતા-પિતા-બાળકોનો સમાવેશ કરાશે. કુટુંબમાં થોડા દુરનો સંબંધ પણ ફેમીલીની વ્યાખ્યામાં નહી આવે છે. આ ઉપરાંત ગેરકાનુની વસાહતીઓને દુર કરવાના આદેશ સામે ફકત એક જ અપીલની છુટ અપાશે અને તે જો હારે તો તેણે બ્રિટન છોડવું પડશે.જયારે સાચા-શરણાર્થીને માટે હવે નવી સુવિધા લાવે છે. યુક્રેન યુદ્ધના કારણે હજારો યુક્રેનીયા બ્રિટનમાં વસી ગયા છે. તેઓએ હોટેલમાં રાખવાનો આ ૨.૧ બિલીયન પાઉન્ડ દર વર્ષે બ્રિટીશ સરકાર કરે છે. તેઓને અને બ્રિટીશ આવશે. તેમના ઘરમાં શરણ આવે તો તેમાં થોડી રકમ સરકાર ચુકવે છે.૨૦૨૫માં ૫૪૭૫ ભારતીયોને બ્રિટનમાં શરણ માગ્યુ છે ૩૪૬ તો બોટ મારફત આવેલા છે.

### એક કરોડનો

પહેલા પાનાનું ચાલુ

ગોળીબાર બાદ, સૈનિકોએ પોઝીશન સંભાળી અને નક્સલી ગોળીઓનો જવાબ આપ્યો. સવાર દરમ્યાન બંને બાજુથી સમયાંતરે ગોળીબાર ચાલુ રહ્યો, જેમાં ત્રણ નક્સલીઓ માર્યા ગયા. સર્ચ ઓપરેશન દરમિયાન, સૈનિકોએ જંગલમાંથી ત્રણ નક્સલીઓના મૃતદેહ મેળવ્યા.

૧૧ નવેમ્બરના રોજ બીજાપુર જિલ્લાના નેશનલ પાર્ક વિસ્તારમાં થયેલા એન્કાઉન્ટરમાં ત્રણ મહિલાઓ સહિત છ નક્સલીઓ માર્યા ગયા હતા. આમાં મેડ્ડીડ એરિયા કમિટીના ઈન્ચાર્જ બુચન્ના અને અન્ય ટોચના નક્સલી નેતા પાપારાવની પત્ની ઉર્મિલાનો સમાવેશ થાય છે. જોકે, આ વખતે પણ પાપારાવ પોતાનો જીવ બચાવીને ભાગી છૂટવામાં સફળ રહ્યા.

સફળ કાર્યવાહી બાદ, નક્સલીઓના મૃતદેહોને જિલ્લા મુખ્યાલય લાવવામાં આવ્યા. ડીઆરજીના કર્મચારીઓ મૃતદેહોને લઈ જતા જોવા મળ્યા. બીજાપુરના પોલીસ અધિક્ષક ડૉ. જીતેન્દ્ર યાદવે જણાવ્યું કે તે બધા પર કુલ ૨.૭ મિલિયન રૂપિયાનું ઇનામ રાખવામાં આવ્યું હતું.

### માઊન્ટ

પહેલા પાનાનું ચાલુ

૨૦૨૨ના રોજ ૭.૩ ડિગ્રી હતું. મંગળવારે પણ ધુમ્મસ છવાયું હતું.મધ્યપ્રદેશમાં તીવ્ર ઠંડી શરૂ થઈ ગઈ છે. મંગળવારે તીવ્ર ઠંડીની લહેર આવવાની શક્યતા છે. ઈન્દોર, ભોપાલ, ગ્વાલિયર, દેવાસ, ઝાબુઆ, છિંદવાડા, સાગર, શહડોલ અને ખંડવામાં શાળાઓ ખુલવાનો સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. સોમવારે રાજ્યભરના નવ શહેરોમાં તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે ગયું. રાજગઢમાં સૌથી ઓછું ૫ ડિગ્રી તાપમાન નોંધાયું.

### અનામત ૫૦

પહેલા પાનાનું ચાલુ

૫૦ ટકા અનામતની મર્યાદા ઓળંગવાની અમે ક્યારેય વાત નથી કરી.બે ન્યાયાધીશની ખંડપીઠ આવો નિર્ણય ન લઈ શકે. બાંઠિયા પંચનો રિપોર્ટ હજી પણ અદાલતમાં વિચારાધીન (સબ જ્યુડીસ) છે, અમે અગાઉની પરિસ્થિતિ મુજબ ચૂંટણી યોજવાની મંજૂરી આપી છે.સુપ્રીમ કોર્ટે અરજીઓ પર નોટિસ પણ જારી કરી કેટલાક કિસ્સાઓમાં રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અનામત ૭૦ ટકા સુધી પહોંચી ગઈ હોવાનો આરોપ કર્યો છે.ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ સોમવાર હોવાનો ઉલ્લેખ કરી તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટના ૬ મેના આદેશનો ઉલ્લેખ કર્યો હતો, જેણે ચૂંટણી યોજવાનો માર્ગ મોકળો કર્યો હતો. જસ્ટિસ બાગચીએ જણાવ્યું હતું કે 'અમે પરિસ્થિતિથી સંપૂર્ણ વાકેફ હતા. બાંઠિયા પહેલાની પરિસ્થિતિનો સંકેત અમે આપ્યો હતો.'

### સુરભી ડેરીમાં

પેજ-૨ પાનાનું ચાલુ

આતરડાને નેચરલ માઈક્રોબ ખોરવાઈ શકે છે રોગ પ્રતિકારક શક્તિ નબળી થઇ શકે છે તેમજ પાચન સંબંધિત રોગોનું જોખમ વધે છે ૨) પ્રોટીન અને કેલ્શિયમ : સ્ટાર્ચ અને વેજીટેબલ ફેટ માથી બનાવેલ પનીરના ઉપયોગથી પ્રોટીન અને કેલ્શિયમ મળતું નથી જેના કારણે લાંબે ગાળે પ્રોટીન અને કેલ્શિયમ ઉણપની સમસ્યા થઇ શકે છેજેથી સદર સંસ્થા/ઈસમો સામે એડજ્યુડીકેટીગ ઓફીસરશ્રી, સુરત સમક્ષ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### કામરેજની

પેજ-૨ પાનાનું ચાલુ

જેના સંદર્ભે ખૂબ જ સરસ સમજ આપી જવાબો આપવામાં આવ્યા હતા.શાળાએ સ્મૃતિ ભેટ આપી તેઓને સન્માનીત કર્યા બાદ રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ ની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક શ્રી દિલીપભાઈ સુરતી અને અનિલભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

અનોખા કાર્યક્રમ માટે સંસ્થાના પ્રમુખ શ્રી અરવિંદભાઈ ભક્ત, માનદમંત્રી શ્રી પરેશભાઈ ભકત , ખજાનચી શ્રી જીજ્ઞેશભાઈ ભકતે શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દેસાઈ , ઉ મા વિભાગ ના નિરીક્ષક શ્રી કેતનભાઈ દેસાઈ , તેમજ સમગ્ર શાળા પરિવારને આ કાર્યક્રમ માટે શુભેચ્છા પાઠવી હતી તેમજ શાળાના વિદ્યાર્થીઓ અને કર્મયોગી મિત્રોને સશક્ત ભારત ના નિર્માણ માટે સક્રિય યોગદાન આપવાની અપીલ કરી હતી.

### આહવામાં

પેજ-૨ પાનાનું ચાલુ

કરવામાં આવ્યો. બાલિકાઓએ સ્વાગત નૃત્ય કરી સૌને હૃદયના ભાવથી આવકાર્યા.

ડૉ. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી તુલસીભાઈ માવાણીએ સૌનું શબ્દપુષ્પથી સ્વાગત કર્યું અને સંસ્થાનો પરિચય આપ્યો. સમારોહના અધ્યક્ષ શ્રી સુરેશ (ભૈયાજી) જોશી (પૂર્વ સરકાર્યવાહક, રાષ્ટ્રીય સેવક સંઘ), પૂજ્ય પી. પી. સ્વામીશ્રી, ટ્રસ્ટના માર્ગદર્શક શ્રી સવજીભાઈ ધોળકિયા (પદ્મશ્રી પુરસ્કૃત), તેમજ સરસ્વતીધામના સહયોગી દાતા શ્રી નટુભાઈ ભાટુ પરિવારનું આ અવસરે ભાવપૂર્વક અભિવાદન કરવામાં આવ્યું હતું. ભાટુ પરિવારે પ્રેમાગ્રહપૂર્વક શ્રી કેશુભાઈ ગોટીનું સ્મૃતિભેટ અર્પણ કરીને સન્માન કર્યું હતું.

આ પ્રસંગે શ્રી કેશુભાઈ ગોટીએ જણાવ્યું હતું કે, "રાષ્ટ્રનિર્માણ માટે છેવાડાનાં બાળકોને પણ સારી સુવિધાઓ સાથે શ્રેષ્ઠ શિક્ષણ મળે તે ખૂબ જરૂરી છે. ૩૫૧ સરસ્વતીધામ નિર્માણ યજ્ઞમાં કર્મયોગી પરિવાર તેમજ તમામ સમાજના લોકોનો ખૂબ સાથ-સહકાર મળી રહ્યો છે. ટ્રસ્ટ દ્વારા સરસ્વતીધામનું નિર્માણ, વૈચારિક ક્રાંતિ અભિયાન, કુપોષણ મુક્તિ અભિયાન અને શિક્ષા સાથી અભિયાન એમ ચાર વિભાગોમાં ભારતભરના અઢાર રાજ્યોમાં કાર્ય થઈ રહ્યું છે." આ અવસરે શ્રી સવજીભાઈ ધોળકિયા (પદ્મશ્રી પુરસ્કૃત), શ્રી કનુભાઈ દેસાઈ, શ્રી સુરેશ (ભૈયાજી) જોશી વગેરેએ પ્રાસંગિક વક્તવ્ય આપીને જણાવ્યું હતું કે, માતુ શ્રી કાશીબા ટ્રસ્ટ દ્વારા શિક્ષણ ક્ષેત્રે ભગીરથ કાર્ય થઈ રહ્યું છે. આ સત્કાર્યમાં સહયોગ આપનાર સૌ અભિનંદનના અધિકારી છે.

માતુ શ્રી કાશીબા ટ્રસ્ટમાં કર્મયોગી તરીકે નિઃસ્વાર્થ ભાવે સેવા આપનાર સૌ કર્મયોગીઓનું તેમજ ડૉ. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટમાં સેવા આપનાર બહેનોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ અવસરે ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, શ્રી મનહરભાઈ સાસપરા, શ્રી નટુભાઈ ભાટુના સ્નેહીજનો, વિવિધ સામાજિક તેમજ શૈક્ષણિક સંસ્થાઓના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### સુરતમા આરપીઆઈ

પેજ-૨ પાનાનું ચાલુ

અધ્યક્ષ સંધ્યાબેન ભગત, સપનાબેન તાયડે,સપનાબેન પવાર અન્ય ભીમસેનિક કાર્યકર ઉપસ્થિત રહી મંગલમય શુભેચ્છાઓ પાઠવી હતી

### સરદાર પટેલની

પેજ-૨ પાનાનું ચાલુ

કેશુભાઈ પટેલ લાઈબ્રેરીનું ગ્રાઉન્ડ (પૂર્વ (વરાછા) ઝોન ઓફિસ પાસે) સમાપન કરવામા આવ્યુ હતું સદર પદયાત્રાના રૂટ પરસાત જેટલા જુદી જુદી જગ્યાએ અલગ અલગ સમાજનાનગરજનોએ તેઓના પરંપરાગત વેશભૂષામાં હાજર રહીપદયાત્રાનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. શાળાના બાળકોદ્વારા દેશ ભક્તિની થીમ પર સાંસ્કૃતિક કૃતિ રજુ કરવામાં આવીહતી. આ પદયાત્રામાં વિવિધ સંસ્થાના મહાનુભાવો,મ્યુ.સભ્યશ્રીઓ તથા મોટી સંખ્યામાં રાષ્ટ્રપ્રેમી નગરજનો, અધિકારી-કર્મચારીઓ મળી બહોળી સંખ્યામાં ભાગ લઈનેએકતા પદયાત્રાને સફળ બનાવેલ.

### બિઝનેસમાં સૌથી

પેજ-૨ પાનાનું ચાલુ

જણાવ્યું હતું કે, બિઝનેસ રૂપિયા કમાવવા માટે જ કરતા હોય છે પણ એમાં સૌથી વધારે મહત્વ પ્રોડકટની કવોલિટીને આપવો જોઈએ. ગુણવત્તાયુકત પ્રોડકટ માત્ર શરૂઆતના તબકકે જ નહીં પણ તેમાં સાતત્યતા જળવાયેલી રહેવી જોઇએ. બિઝનેસમાં તમારી સાથે જે જોડાયેલા હોય જેમ કે વેપારીઓ, વેન્ડર, ગ્રાહકો અને સૌથી અગત્યના કર્મચારીઓ. આ બધાની સાથે ખૂબ જ સારો વ્યવહાર રાખવો જોઇએ. માર્કેટમાં દરેક પ્રોડકટમાં આજે ઘણી કોમ્પીટિશન છે, પણ કોમ્પીટિશનને બદલે કોલાબોરેશનમાં કામ કરીએ તો બિઝનેસમાં ચોકકસપણે ગ્રોથ મળે છે.

શ્રી ચંદ્રેશ રાજા પાણીના બિઝનેસ સાથે સંકળાયેલા છે. તેઓ જુદા જુદા નામે પાણીની બોટલ માર્કેટમાં વેચે છે. તેમણે ઉદ્યોગ સાહસિકોને તેમના અનુભવના આધારે ઉપયોગી જાણકારી આપી હતી. મોબાઈલનો બિઝનેસની સાથે સાથે તેઓએ પાણીનો બિઝનેસ કેવી રીતે સેટ કર્યો તેના વિષે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, બિઝનેસ કરવા માટે આગ લાગવી જરૂરી છે. તેમણે ગ્રાહકોની જરૂરિયાતો અને સ્પર્ધાત્મક બજારમાં ટકી રહેવા માટેની વ્યૂહરચનાઓ જેવી મહત્વપૂર્ણ બાબતો પર વિગતવાર ચર્ચા કરી હતી.

સ્તુતિ ફૂડ (સ્તુતિ ખાખરા)ના શ્રી યોગેશભાઈએ જણાવ્યું હતું કે, જો તમે ગ્રાહકોને કવોલિટી પ્રોડકટ અને સમયસર સારી સર્વિસ આપો તો માર્કેટીંગ કરવાની પણ જરૂર પડતી નથી. તેમણે કહયું કે, શરૂઆતના પાંચ વર્ષ તેઓએ માર્કેટીંગ કર્યું હતું અને છેલ્લા દસ વર્ષથી તેઓની સ્તુતિની પ્રોડકટ કોઇ પણ માર્કેટીંગ કરતું નથી. ફોન પર જ ઓર્ડર આવી જાય છે અને એને આધારે પ્રોડકટ સપ્લાય થઇ જાય છે.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ડો. રાકેશ દોશીએ કાર્યક્રમનું સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

# સુરતમાં આતંકવાદી ઘટનાઓનો મનસુબો ધરાવનારા દેશવિરોધી તત્વોને શોધી કાઢવા સુરત પોલીસ સક્રિય

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

ભૂતકાળમાં દેશ વિરોધી પ્રવૃત્તિ કરનારાનું ડોઝીયર તૈયાર કરવા માટે ગુજરાત રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આદેશ કરતાં સુરતમાં ભૂતકાળમાં બોંબ ધડાકા-બોંબ પ્લાન્ટ કરનાર, સ્લીપર સેલ, પ્રતિબંધિક સીમી કેસમાં સંકળાયેલા દેશવિરોધી તત્વોનું ડોઝીયર તૈયાર કરવા માટે એસઓજી પોલીસે કવાયત હાથ ધરી દીધી હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગત બાદ અયોધ્યામાં બાબરી ધ્વસ બાદ સુત શહેરમાં કોમી તોફાનો ફાટી નીકળ્યાં હતા. ૧૯૯૩મા સુરત શહેરમાં વરાછા અને રેલવે સ્ટેશન પર બોૅબ ધડાકા કરવામાં આવ્યા હતા. આ બોંબ ધડાકામાં મહંમદ સુરતી, ઈકબાલ વાડીવાલા, હુશેન ઘડિયાળી, રસુલ પાર્ટી, મુસ્તાક પટેલ, ફઝલ નાગોરી, ગજનો સહિતના વિરુધ્ધ કેસ ચાલ્યો હતો. આ બોંબ ધડાકામાં આરોપી તરીકે મોસ્ટ વોન્ટેડ દાઉદ ઈબ્રાહિમનો પણ સમાવેશ થાય છે. ત્યારબાદ પ્રતિબંધિત સીમીની નવસારી બજારના એક હોલમાં થયેલી દેશવિરોધી પ્રવૃત્તિ સંદર્ભે પણ કેસ કરવામાં આવ્યો હતો સુરત શહેર હંમેશા આતંકવાદીઓના નિશાના ઉપર રહ્યું છે. સુરતમાં છાશવારે થતી દેશ વિરોધી પ્રવૃતિને શોધી કાઢવા માટે પોલીસ હંમેશા સક્રિય રહી છે. ૨૦૦૮માં અમદાવાદમાં થયેલા શ્રેણીબધ્ધ બોંબ ધડાકાને પગલે સુરત પોલીસ રેડ એલર્ટ થતા તા.૨૭-૭-૦૮થી સુરત શેહેરના વરાછા, કતારગામ, કાપોદ્રા, મહિધરપુરા, ઉમરા વિસ્તારમાંથી વિસ્ફોટક ભરેલી કાર અને જીવતા બોંબ મળી આવ્યાં હતા. ઠેર-ઠેર બોંબ પ્લાન્ટ કરનારા દેશવિરોધી તત્વોનું અતિ ગંભીર કહી શકાય એવા મનસુબા પર સુરત પોલીસે પાણી ભેરવી દઈ સુરતને સળગતું બચાવી લીધું હતું. સુરતમાં બોંબ પ્લાન્ટ કરનારા ૭૦થી વધુ આરોપીઓની સામે કેસ કરાયા હતા. આતંકવાદી પ્રવૃત્તિ આચારનારાઓની સામે ઈન્સાફની કાર્યવાહી ચાલી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ભૂતકાળમાં વરાછા, રેલવે પ્રતિબંધિત સીમી સાથે સંકળાયેલા સુરતમાં બોંબ પ્લાન્ટ કરનારા સહિત અત્યાર સુધી દેશ વિરોધી પ્રવૃત્તિ કરનારા જીવંત આરોપીનું ફરીથી ડોઝીયર તૈયાર કરવામાં આવી રહ્યું છે. સુરત સહિત ગુજરાતભરમાં તૈયાર થનાર આ ડોઝીયરના આધારે દેશ વિરોધી પ્રવૃત્તિ કરનારાની હાલની પ્રવૃત્તિ અંગે જીણવટભરી તપાસ કરવામાં આવશે. તેમજ સુરત શહેરમાં ફરીથી કોઈ સ્લીપર સેલ તૈયાર થઈ રહ્યું હોય, તો તેઓના ભંયકર મનસુબા પહેલાં જ કાર્યવાહી કરવા સુરત પોલીસ એલર્ટ મોડમાં આવી ગઈ છે. આતંકવાદી પ્રવૃત્તિ કરનારા તત્વો ઉપર આમ તો પહેલેથી જ એસઓજી પોલીસ નજર રાખી જ રહી છે. ગુજરાત પોલીસ વડા વિકાસ સહાયન આદેશને પગલે દેશ વિરોધી તત્વોનું ડોઝીયર ટુંક સમયમાં એસઓજી પોલીસ તૈયાર કરીને સુપરત કરી દેશે.

## ૨૦૧૭માં પ્રથમ વખત ડોઝીયર તૈયાર થયું હતું

દેશ વિરોધી તત્વો છાશવારે પોતાનો મનસુબો પાર પાડવા માટે આતંકવાદી હુમલા કરતા હોય છે, આ આતંકવાદી સંગઠનોને સ્થાનિક કક્ષાએ સ્લીપર સેલ મદદરૂપ થતાં હોય છે. ભુતકાળમાં સુરત શહેરમાં આતંકવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા દેશ વિરધી તત્વોની સામે સુરત પોલીસે ૨૦૧૭મા એક ડોઝીયર તૈયાર કર્યું હતું અને જેઓની ઉપર સતત નજર રાખવામાં આવી હતી.

## વરાછા-રેલવે અને બોંબ પ્લાન્ટ કેસમાં આજે પણ ૧૭ જેટલા આરોપીઓ વોન્ટેડ છે

બાબરી ધ્વંસ બાદ સુરત શહેર હંમેશા આતંકવાદીઓના નિશાના પર રહ્યું છે. ગુજરાતનું આર્થિક પાટનગર ગણાતા સુરત શહેરમાં વરાછા-રેલવે સ્ટેશન ઉપર બોંબ ધડાકા થયાં હતા. તેમજ ૨૦૦૮મા સુરતમાં ૧૪થી વધુ સ્થળે બોંબ પ્લાન્ટ કરનારા કેસમાં આજે પણ ૧૫થી વધુ આરોપીઓ વોન્ટેડ છે.

**વરાછા-રેલવે બોંબ ધડાકા પ્રતિબંધિત સીમી, બોંબ પ્લાન્ટ કેસના આરોપી સહિનતા દેશ વિરોધી પ્રવૃત્તિ કરનારાનું સુરત પોલીસ ડોઝીયર તૈયાર કરશે**



**ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં પરફ વર્ષાને પગલે શિત લહેર ફુંકાતા સમગ્ર ગુજરાતમાં ઠંડીની અસર જોવા મળે છે. સુરતમાં પણ મોડી રાત્રે અને વહેલી સવારે જોરદાર ઠંડી પડતા મોડી રાત્રે લોકો તાપણું સળગાવીને શિયાળાની મજા માણી રહ્યાં છે.**

# રાત્રે ઉમરવાડામાં કારીગરને ચપ્પુ હુલાવી લૂંટી લેવાયો

## બે ટપોરી વિરૂદ્ધ ગુનો દર્જ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

ઉમરવાડા વિસ્તારમાં આવેલ બોક્ષ કાર્ટૂન બનાવતા ગોડાઉનમાં રાત્રિના સમયે સુતેલા કારીગરને ગળાના ભાગે ચપ્પુ મારી તેના પેન્ટના ખિસ્સામાંથી ૫૦૦ રૂપીયા બળજબરી કઢાવી લેનાર બે જણા સામે પુણા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ છે. કારીગર રાત્રિના સમયે ગોડાઉનમાં સુતેલો હતો તે સમયે બે ટપોરી ગોડાઉનનો દરવાજો ઠોકી કારીગરે દરવાજો ખોલતા જ તેને બાનમાં લીધો હતો.

પુણા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ ઉત્તરપ્રદેશનો વતની અને હાલ ઉમરવાડા સોનીયાનગર ખાતે આવેલા બોક્ષ કાર્ટૂન બનાવવાના ગોડાઉનમાં રહી ત્યાં જ કામ કરતો શ્યામસુંદર મદનચંદ રાજભર ગઇ રાત્રે જમીને ગોડાઉનમાં સુતો હતો. ગોડાઉનનો દરવાજો બંધ હોય રાત્રિના સમયે કોઇકે દરવાજો ઠોક્યો હતો. શ્યામસુંદરે અવાજ આપતા સામેથી કોઇ જવાબ આવ્યો ન હતો. જેથી તેણે દરવાજો ખોલતા જ ઉમરવાડા રાજીવનગર ઝુંપડપટ્ટીમાં રહેતા સંતોષ ઉર્ફે કાલીયો રમેશ વસાવા અને અજયકુમાર ભોજનલાલ નિષાદ અંદર પ્રવેશી ગયા હતા શ્યામસુંદરને ગળાના ભાગે ચપ્પુ મારી તેની પાસેથી ૫૦૦ રૂપીયા લુંટી લીધા હતા. શ્યામસુંદરે ગોડાઉનમાં સીસીટીવી કેમેરા છે હું પોલીસ ફરીયાદ કરીશ તેમ કહેતા સંતોષ અને અજય નિષાદે હમકો કોઇ ફર્ક નહીં પડતા તેમ કહ્યું હતું. આ મામલે પુણા પોલીસ સ્ટેશનમાં ગઇકાલે ફરીયાદ નોંધાવવામાં આવી હતી.



# સુરત એરપોર્ટ પરથી રૂ. ૧.૪૨ કરોડનો હાઈબ્રિડ ગાંજો જપ્ત

## ડીસીબી, કસ્ટમ્સ, સીઆઈએસએફની સંયુક્ત કામગીરી : આંતરરાષ્ટ્રીય મુસાફરની ધરપકડ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

આંતરરાષ્ટ્રીય માર્ગે માદક પદાર્થોની થતી હેરાફેરી વચ્ચે સુરત ક્રાઈમ બ્રાંચને મળેલી બાતમીના આધારે એક મોટી સફળતા હાથ લાગી છે. સુરત ક્રાઈમ બ્રાંચે કસ્ટમ્સ અને સીઆઈએસએફને સાથે રાખીને બેંગકોકથી સુરતની એર ઈન્ડિયાની ફ્લાઈટમાં સુરત એરપોર્ટ ઉપર આવેલા એક મુસાફરને પકડી પાડી તેની પાસેથી રૂ.૧.૪૧ કરોડથી વધુનો હાઈબ્રીડ ગાંજો કબજે કરાયો હતો. ક્રાઈમ બ્રાંચ દ્વારા મુસાફર યુવકની વધુ તપાસ શરૂ કરવામાં આવી હતી.

સુરત ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે સાંજે બેંગકોકથી સુરતની એર ઈન્ડિયાની ફ્લાઈટ આઈ.એક્સ-૨૬૩માં એક મુસાફર માદક પદાર્થ લઈને આવી રહ્યો છે. આ બાતમીના આધારે સુરત ક્રાઈમ બ્રાંચની એક ટીમ ગઈ કાલે સાંજે સુરત એરપોર્ટ ઉપર પહોંચી ગઈ હતી. સુરત ક્રાઈમ બ્રાંચે સુરતના કસ્ટમ્સના અધિકારીઓ અને સીઆઈએસએફની ટીમને પણ માદક પદાર્થની હેરાફેરી કરનાર મુસાફરને રાઉન્ડ અપ કરવા પોતાની સાથે રાખી હતી.

દરમિયાન આ ફ્લાઈટ સાંજે સમયસર લેન્ડ થઈ હતી.

દરમિયાન સુરત ક્રાઈમ બ્રાંચે શકદાર મુસાફરને અટકાયતમાં લીધો હતો. તેના સામાનની તલાસી લેવામાં આવી હતી. બાળકોના ડ્રોવીગ બોર્ડનો એક બોક્સ શકદાર પાસેથી મળી આવ્યો હતો. આ બોક્સમાં તલાસી લેતા તેમાંથી છુપાવેલા ૪ કિલોથી વધુના હાઈડ્રોપોનીક વીડ(હાઈ?બ્રીડ ગાંજા)ના ૮ પેકેટ મળી આવ્યા હતા. ત્યારબાદ આ ગાંજાનો જથ્થો ફોરેન્સીક માટે મોકલવામાં આવ્યા હતા. ફોરેન્સીક તપાસ પૂર્ણ કર્યા બાદ ક્રાઈમ બ્રાંચની ટીમે આ મુસાફરને કસ્ટડીમાં લીધો હતો. પોલીસની તપાસમાં આ મુસાફરનું નામ જાફર અકબર ખાન હોવાનું જાણવા મળે છે. આ ગાંજો ક્યાંથી અને કોની પાસેથી લાવીને કોને આપવાનો હતો તેની સમગ્ર ચેન પકડવા ક્રાઈમ બ્રાંચે આગળની તપાસ હાથ ધરી છે.

# પતિવિહોણી પત્નીને મિત્રએ લગ્નની લાલચ આપી બળાત્કાર ગુજાર્યો

## ગર્ભવતી બનાવી આરોપી રાહુલે તરછોડી દેતા પોલીસ ફરિયાદ કરી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

ડિંડોલી વિસ્તારમાં રહેતી એક મહિલાનાં પતિનું એક વર્ષ અગાઉ નિધન થયું હોય પતિના મિત્રએ મહિલા અને તેના બે સંતાનોને સાચવી લેવાનું અને લગ્ન કરવાનું જણાવી ડિંડોલી તેમજ વેસુની હોટલમાં લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હોવાની ફરીયાદ ડિંડોલી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ભોગબનનારને ગર્ભ રહી ગયા બાદ ગર્ભપાત પણ કરાવ્યું હતું અને પતિના મિત્રએ લગ્ન નહીં કરી તરછોડી દીધી હતી. આ મામલે ગઈકાલે ભોગબનનાર મહિલાએ ડિંડોલી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ડિંડોલી પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ બિહારની વતની અને હાલ ડિંડોલી વિસ્તારમાં રહી કેટરસમાં મજુરી કામ કરતી એક મહિલાના પતિનું નિધન થયું હતું. દરમિયાન આ વિધવા મહિલાના પતિના મિત્ર રાહુલ સંજીવ ઉદપુરે રહે.ડિંડોલી અવાર-નવાર મહિલાના ઘરે જતો હતો. સહાનુભુતિ બતાવી ખાવા-પીવાની ચીજ-વસ્તુઓની મદદ કરી મહિલાને સાથે રહેવાનું જણાવી લગ્ન કરવાની લાલચ આપી હતી. લગ્નનું વચન આપીને મહિલાને વેસુ તેમજ ડિંડોલીની એક હોટલમાં લઈ જઈ ત્યાં તેની સાથે શરીર સંબંધ બાંધ્યા હતા. મહિલાએ વિશ્વાસમાં આવીને લગ્નનું વચન આપનાર આરોપી રાહુલ ઉદપુરે સાથે રહેવા લાગી હતી. દરમિયાન મહિલાને ગર્ભ રહી જતા રાહુલે આપણે લગ્ન ન કરીએ ત્યાં સુધી ગર્ભ રાખવાનો નથી તેમ કહીને ગર્ભપાતની દવા મહિલાને પીવડાવી હતી. મહિલાએ લગ્ન કરવાની વાત કરતા રાહુલ ઉદપુરે પોત પ્રકાશ્યું હતુ અને હું કુંવારો છું તારી સાથે લગ્ન કરવાનો નથી તેમજ અંગત પળોનો વિડીયો વાયરલ કરવાની ધમકી આપી વારંવાર

શરીર સંબંધ બાંધ્યા હતા. આ મામલે આખરે ગઈકાલે મહિલાએ ડિંડોલી પોલીસ સ્ટેશનમાં બળાત્કારનો ગુનો નોંધાવ્યો હતો.ફરિયાદના આધારે ડિંડોલી પોલીસે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

# સારવાર માટે લવાયેલી નવજાત બાળકીને તરછોડી માતા ફરાર

## સિવિલ હોસ્પિટલે ખટોદરા પોલીસને જાણ કરી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

પાંડેસરા વિસ્તારમાં રહેતી એક મહિલા ડિલીવરી બાદ નવજાત બાળકીને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવી હતી. ગઈ તા.૯ નવેમ્બરના રોજ બાળકીને નવી સિવિલ લવાયા બાદ ડોક્ટરોએ તેની સારવાર શરૂ કરી હતી. એનઆઈસીયુમાં દાખલ બાળકીની તબિયત સુધારા પર આવવા સાથે તેની માતાનું તબીબો દ્વારા કાઉન્સીલીંગ કરાતું હતું. જોકે ગઈ તા.૧૪મીથી માતા હોસ્પિટલમાં આવતી ન હતી અને તેનો સંપર્ક ન થઈ શક્તા આખરે આ મામલે ગઈકાલે ખટોદરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

નવી સિવિલ હોસ્પિટલ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર પાંડેસરા ગણેશનગર ખાતે રહેતી નીતા શૈલેષ ચંદાના ગઈ તા.૯ નવેમ્બરના રોજ ડિલીવરી બાદ તેની ૧૨ દિવસીય બાળકીને લઈને નવી સિવિલ હોસ્પિટલ સારવાર માટે આવી હતી. બાળકીની તબિયત સારી ન હોય તેને એનઆઈસીયુ વોર્ડમાં દાખલ કરાઈ હતી. દરમિયાન મહિલાનું સારવાર સંબંધીત જાણકારી આપી કાઉન્સેલિંગ કરાતું હતું. પિડીયાટ્રીક વિભાગમાં નોકરી કરતા ડો.ચાર્મી ગીરીશભાઈ પટેલ નવજાતની સારવાર કરતા હોય તેની તબિયત સુધારા પર આવવા લાગી હતી. દરમિયાન ગઈ તા.૧૪મી નવેમ્બરે મહિલા કાઉન્સેલિંગ બાદ હોસ્પિટલ આવવાનું બંધ કરી દીધું હતું. વોર્ડ બહાર સિક્યુરીટી પાસે મહિલાનું નામ બોલાવી તેમજ આસપાસ શોધ-ખોળ કરતા તે મળી આવી ન હતી. તેનો મોબાઈલ પર પણ સંપર્ક ન થતો હોય આ મહિલાએ તેની બાળકીને તરછોડી દીધી હોય અથવા તો માવતર છુપાવવા માટે આવું કર્યું હોય ખટોદરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

કામરેજમાં સ્માર્ટ મીટર લગાડવા બાબતે

# સ્થાનિક રહીશોનું DGVCLના માણસો વચ્ચે બબાલ થઈ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

કામરેજની એક સોસાયટીમાં સ્માર્ટ મીટર લગાડવા આવેલા DGVCL ના અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટરો સાથે સ્થાનિક રહીશોની માથાકૂટ થતા કામરેજ તા.પં.વિપક્ષ નેતા જે.ડી.કથિરિયા દોડી ગયા હતા. સ્માર્ટ મીટર લગાડવા માટે ડીજીવીસીએલના માણસોએ ગેરવર્તન કર્યો હોવાનો આક્ષેપ સ્થાનિકો રહીશોએ કર્યો હતો.

આજરોજ કામરેજ વિસ્તારમાં નનસાડ રોડ પર આવેલી નંદનવન ટાઉનશીપમાં DGVCL ના અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટરો દ્વારા જબરદસ્તી સ્માર્ટ મીટર લગાવવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. તેમાં મહિલાઓ તેમજ પુરુષો સાથે કોન્ટ્રાક્ટર દ્વારા ગેરવર્તન કરવામાં આવ્યું હતું. DGVCL અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર દ્વારા સોસાયટીના સભ્યોને એવું કહેવામાં આવ્યું કે તમારે જે થાય તે કરી, લ્યો સ્માર્ટ મીટર લાગશે જ. અંતરે નોંધનીય છે કે સ્માર્ટ મીટર લગાડવા સંદર્ભે ઘણી વખત સ્થાનિક રહીશો અને ડીજીવીસીએલના માણસો વચ્ચે બબાલો થયા કરે છે

# સારોલીના કાપડ વેપારી સાથે રૂા.૨૦.૪૭ લાખની ઠગાઈ

## દિલ્હીના વેપારી અને દલાલ વિરૂદ્ધ ફરિયાદ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

સારોલીની શ્રી કુબેરજી વર્લ્ડ ટેક્સટાઈલ માર્કેટના વેપારી પાસેથી કાપડનો માલ ખરીદી દિલ્હીના વેપારીએ રૂ.૨૦.૪૭ લાખનું પેમેન્ટ નહી કરી છેતરપિંડી કરી હતી. જ્યારે દિલ્હીના કાપડ દલાલે પણ પેમેન્ટ અપાવવાની જવાબદારીમાંથી હાથ ખંખેરી લેતા તેની વિરૂદ્ધ પણ વિશ્વાસઘાતનો ગુનો નોંધાયો હતો. મૂળ હરિયાણાના વતની અને હાલ પુણા કુંભારીયા રોડ લેન્ડ માર્ક એમ્પાયરની પાછળ ન્યુ મોર્ડન ટાઉનપાર્કમાં રહેતા હરીશ દિવાનચંદ શર્મા સારોલી શ્રીકુબેરજી વર્લ્ડ ટેક્સટાઈલ માર્કેટમાં શ્રી ગણેશ ટેક્સટાઈલના નામે લેડીઝ શુટના કાપડનો વેપાર કરે છે. દિલ્હીના કાપડ દલાલ રેહાનએ ટોલીફોનીક સંપર્ક કરીને જણાવ્યું હતુ કે હુ દિલ્હી ખાતે કાપડ દલાલીનું કામ કરૂ છુ, દિલ્હીમાં મારી સાથે મોટા મોટા વેપારીઓ કામ કરે છે. આ વેપારીઓ આખા ઈન્ડીયામાં વેપાર કરતા આવ્યા છે, મારી સાથે કામ કરશો તો તમને સારો નફો કરાવીશ અને બીલ ટુ બીલ પેમેન્ટ અપાવી દઈશ જો દિલ્હીનો કોઈ વેપારી તમને પેમેન્ટ ની ચુકવે તો હું ચૂકવી આપીશ તેની જવાબદારી મારી. જેથી કાપડ દલાલ મોહમદ રેહાન ઉપર ભરોસો રાખી દિલ્હીના ગેલેક્ષી ક્લોથ હાઉસના પ્રોપરાઈટર ઝુએબ અલી ઉર્ફે શની ઝુએબ અલીને હરીશ શર્માએ કાપડનો માલ મોકલ્યો હતો. દરમિયાન ઝુએબ અલીએ માલનુ પેમેન્ટ નહી કરી રૂ.૨૦.૪૭ લાખની ચુકવણી નહી કરી છેતરપિંડી કરી હતી. આ અંગે હરીશ શર્માએ ઝુએબ અલી અને કાપડ દલાલ મોહમદ રેહાન સામે વિશ્વાસઘાતનો ગુનો નોંધ્યો હતો.

# કોર્ટમાં ખોટી ફરિયાદ કરનારને ૧૦ હજારનું વળતર ચૂકવવા આદેશ

## આ કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

ચેકનો દુરૂપયોગ કરી કોર્ટમાં ખોટી ફરિયાદ આપનાર ફરિયાદી ફાયનાન્સરને સુરત કોર્ટે ૧૦ હજારનો વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો. તદુપરાંત આરોપીને નિર્દોષ છોડી મૂકવા હુકમ ફરમાવ્યો હતો.

આ કેસની વિગત એવી છે કે, વેસુ પૂજા અભિષેક પાસે આસ્થા એપાર્ટ.માં રહેતા ચયન પ્રેમ અગ્રવાલે ભટાર અશોકા પેવેલીયનમાં રહેતા અલ્પેશ બાબુ શાહ સામે રૂ.૫૦ હજારના ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. આરોપી તરફે વકીલ વત્સલ કેતન રેશમવાલા અને મિતુલ મોદીએ હાજર રહી દલીલો કરી હતી કે, ચયન અગ્રવાલ પાસેથી અલ્પેશ શાહે વ્યાજે નાણા લીધા હતા. વ્યાજ સહિત અલ્પેશ શાહે તમામ રકમ ચયનને આપી દીધી હતી. છતા ચયને અલ્પેશ શાહને વ્યાજે પૈસા લેતા સમયે જમા કરાવેલા ચેકો પરત કર્યા ન હતા. અને આ ચેકનો દુરૂપયોગ કરી ચેક રિટર્ન કરાવી ખોટી ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. જોકે ફરિયાદ પક્ષ ચેક ક્યા લેણા માટે આરોપી પાસેથી મેળવ્યા હતા તે પુરવાર કરી શક્યો ન હતો. બચાવ પક્ષની દલીલો અને રેકર્ડ પરથી ફરિયાદીએ ચેકનો દુરૂપયોગ કર્યો હોવાની હકીકત કોર્ટ સમક્ષ સામે આવતા કોર્ટે આરોપી અલ્પેશ શાહને નિર્દોષ છોડવાનો હુકમ કર્યો હતો. તદુપરાંત અલ્પેશ શાહને રૂ.૧૦ હજાર વળતર તરીકે આપવા ફરિયાદી ચયન અગ્રવાલને આદેશ પણ કર્યો હતો.

# અલથાણના તરણકુંડમાં ક્લોરીન બોટલ લિકેજ

## જેને પગલે લોકોને આંખોમાં તકલીફ થઈ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

અલથાણ ખાતે પાલિકાના તરણકૂંડમાં આજે પોણા અગ્યાર વાગ્યાની આસપાસ પાણી ચોખ્ખુ રાખવા માટે ઉપયોગમાં લેવાતા ક્લોરીનના બોટલમાં લિકેજ થતા અફરાતફરી સર્જાઈ હતી. જોકે, ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી જતા લિકેજની ખામી દૂર કરતા હાશકારો અનુભવ્યો હતો.

ફાયર વિભાગના સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો અનુસાર અલથાણ ખાતે પાલિકા સંચાલિત તરણકૂંડ આવેલું છે. આજે પોણા અગ્યાર વાગ્યાની આસપાસ આ તરણકૂંડમાં ક્લોરીનના બોટલમાં લિકેજ થયું હતું. જેના કારણે ફાયર વિભાગની મદદ લેવામાં આવી હતી. ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. અને લિકેજ થતું બંધ કર્યું હતું. જેના કારણે તરણકુંડના કર્મચારી અને ટ્રેનરોએ પણ હાશકારો અનુભવ્યો હતો. વધુમાં જાણવા મળતી વિગતો મુજબ ક્લોરિન બોટલ લિકેજ થવાના પગલે નજીકના વિસ્તારોમાં આંખો બળવાની તકલીફ થતી હોય છે.



**મકર સમક્રાંતિ પતંગ પર્વની સુરતમાં વ્યાપક તૈયારીઓ થઈ રહી છે. સુરનતા પતંગ એ માંજો દેશ-વિદેશમાં ખ્યાતી ધરાવે છે. જાન્યુઆરી મહિનો નજીક આવતા સરતમાં મોટા પ્રમાણમાં પતંગો બાવવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.**